કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

માગશર · ૧૯૯૨

તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક બચુભાઈ રાવત

સળંગ અંક

૧૩૨



કુમાર

માગશર ૧૯૯૧

અંક ૧૩૨

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહક, વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છૂટક ૦-૧૦-૦



નિસર્ગનાં વહેણ
ચિત્રકાર • કુ. શકુન્તલા

હોળી

· પૃથ્વી ·

'તું યે ગજબ છું;— અહીં ભરતભોમમાં આજ તો
અનંત જીવલેણ જો ભડભડાટ હોળી બળે;
પ્રજાજન નહિ અહીં દિવસ પેટપૂરૂં જમે,
ન તેમ જનનીજૂથો નિજની લાજ ઢાંકી ફરે,
બધા ય મુખડે સદૈવ ખડકેલ ચિંતા ચિતા,—
બનીઠની તું નીકળી કનકકુડળો, કંકણો
સજી ભભકભેર વસ્ત્ર ભભુકે ભુડી આગ શા—
તને નિરખવી ગમે ઉલટભેર દીપાવલી?'

'બળ્યું, બળતરા થકી જીવન બાળતો એકલો
સદા ય બળીએલ તું, કવિદિલે જળાવી ચિતા
ભલે મનવિમાસણા મહીં સદા રહે ધૂંધતોઃ
અરે વરસના બધા દિવસ આંહી હોળી બળે
હુતાશન જળે ઉરેઉર, વળી અધિકો અહીં,
પછી ફકત એક દિ' ઉજવું હું ન દીપાવલી?'

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

આસો અંકમાં આવી ગએલી 'દીવાળી' પછી આ 'હોળી'. વસ્ત્રાભૂષણ સજી બનીઠનીને દીવાળીની રોશની જોવા નીકળેલી બહેનને ઉદ્દેશીને પહેલી આઠ લીટીમાં કવિ—ગઈ વખતના કાવ્ય 'દીવાળી'નું સ્મરણ કરાવતો—ઉપાલંભ આપે છે કે પ્રજાને દિવસભર પેટપૂરૂં ખાવા નથી મળતું ને સ્ત્રીઓને લાજ ઢાંકવાને પૂરાં કપડાં યે નથી એવી અનંત જીવલેણ હોળીઓ જ્યાં આજ દેશમાં બળે છે ત્યાં તને ભલી આવી દીવાળી ઊજવવાની ઉલટ થાય છે!—ગજબ છે તું યે! એનો ઉત્તર પછીની છ લીટીમાં બહેન આપે છે: આવીઆવી બળતરાઓ તારા કવિહૃદયમાં લાવીને સદા ધૂંધવાતો ને જીવ બાળતો તું તો, બળ્યું, સદાયનો આવો બળિયેલ રહ્યો. અરે, અહીં તો વરસના ત્રણસેં ને પાંસઠે દિવસ હોળી બળે છે, તો પછી એક દિવસ પણ હું દીવાળી ન ઊજવું?' કવિસહજ લાગણીભરી ઉક્તિની સ્વાભાવિકતાથી મૂકેલો પ્રશ્ન, અને સ્ત્રીસ્વભાવસહજ વાણીમાં આપેલો એ ઉપાલંભનો એટલો જ સ્વાભાવિક હાજર જવાબ, બંને ક્રમવાર અષ્ટક ને ષટ્કમાં વાતચિતના પ્રવાહના જે ઔચિત્યપૂર્વક યોજાયા છે તે સમગ્ર સૉનેટની વણખંડિત એકધારી અસર ઉપજાવે છે. —બ

મારી નજરે

અમારો પ્રશ્ન

● 'કુમાર'નું વર્ષ પૂરું થાય છે ત્યારે દરેક વખતે મારા મનમાં પહેલો એ વિચાર આવે છે કે હજુ 'કુમાર' ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ઉપયોગનું રહ્યું છે કે નહિ? એનો જવાબ શોધવાને હું બીજાં ગુજરાતી સામયિક પત્રો તરફ નજર નાખું છું ત્યારે એક જ જવાબ નીકળે છે કે એ બધાં પોતપોતાની દિશામાં ઠીક સેવા કરતાં છતાં કુમાર'ની દૃષ્ટિ અને સૃષ્ટિ અનોખી જ રહી છે અને રહે છે. આથી જ 'કુમાર'નું કાર્ય ઉપાડી લેનાર બીજી કોઇ વ્યક્તિ કે માસિક ન જણાય ત્યાં સુધી તેની પાછળ થતો ખર્ચ અને લેવાતો શ્રમ મને કંઇક આશ્વાસનરૂપ લાગે છે. પરંતુ વાંચનારાઓ તો આજે જીવનના ભાથારૂપ સાહિત્યને બદલે ક્ષણજીવી અને તત્કાળ પૂરતો નશો આપે એવા લેખો તરફ ખેંચાઇ રહ્યા છે. તમે થોકબંધ દીવાળીના અને ખાસ અંકો પાછળ ખર્ચાતી રકમો તથા મહેનતનો ખ્યાલ કરી જોશો તો જણાશે કે તેના બદલા રૂપે આજે સમાજના માનસમાં કશું સંચલન કે ચેતન આવ્યાં નથી વર્ષોવર્ષ ચમકારા કરતી જાહેરખબરો સાથે જે મોટા અંકો ને ચિત્રમાળાઓના હારડા આપણે ગૂંથ્યાં કર્યા છે તેમાંથી કેટલાં નંગ આજે આપણે ફરી શોભા કરવા લઈ શકીશું?

વસ્તુનું ચિરસ્થાયીપણું જાણે એક નમાલો ગુણ હોય એવો પૂર્વગ્રહ આજે સંસ્કૃતિના વહીવટદારોના મગજમાં પેસી ગયો દેખાય છે. સમય પૂરતી ચપળતા અને ચાલાકી બતાવી ભવિષ્યની ઈમારતના પાયા રેતી પર રાખી જીવન પાર થવા નીકળેલા કેટલા યે માનવીઓ આજે આપણી બજારો, ઑફિસો, ઉદ્યોગો અને સમાજમાં પતંગિયાંની જેમ ઊડાઊડ કરે છે. એમના માટે જગતમાં નિશ્ચિત સ્થાન નથી, નિશ્ચિત સંબંધો નથી, નથી નિશ્ચિત ધર્મ કે નથી નિશ્ચિત ભાવિ. બાંધેલી આશાઓ ને બેકારી અને હરીફાઇઓ એમને ગળી ગઇ છે, પદવી અને સમૃદ્ધિનાં એમનાં સ્વપ્નાં રોળાઇ ગયાં છે, છતાં તેઓ પોતાની ભારૂતી તોખમનું અભિમાન ભૂલી શકતા નથી. એવા એ કોણ છે તે સમજ્યા? આજના કૉલેજિયનો.

આપણા દેશના કમભાગ્યે આપણા વિદ્યાર્થીનું જીવન આજની કેળવણી રૂપી અપર માતાના દૂધથી પોષાઈ રહ્યું છે. એ કેળવણીએ તેને પોતાની ભૂમિના લાક્ષણિક સંજોગો, સ્થિતિ અને સ્વભાવથી વંચિત રાખી એક એવો માનવી બનાવી દીધો છે કે તે પોપટની પેઠે પરદેશની નીતિ–વ્યાખ્યાઓ પઢી જાણે છે, છતાં એક પણ સિદ્ધ કરી શકતો નથી.

ક્રિયાત્મક જીવન જીવવાની એક ક્ષણ પણ તેને મળે નહિ એવો તો અભ્યાસક્રમ તેના પર લાદવામાં આવ્યો છે. સોળ વર્ષે મૅટ્રિક પસાર કરે ત્યાંસુધી સ્વતંત્ર વ્યવહાર કે સ્વતંત્ર જીવન તો શું પણ સ્વેચ્છાપ્રેરિત વાચનનો પણ તેને ભાગ્યે જ હક્ક પ્રાપ્ત થાય છે પછીના ચારપાંચ વર્ષ કૉલેજમાં ગમે તે પ્રયાસે પાસ થવાની જ ફિકર રહે છે; અને સાથે જ હિંદુ લગ્નપ્રથાએ તેના માર્ગનો ઢાળો નક્કી કરી દીધો જ હોય છે, એટલે માનવી કહેવાતું આ પૂતળું સંસારના કોઇ ખાનામાં ગોઠવાઇ જવા સિવાય બીજી લાયકાત કે લાગણી ધરાવતું જ નથી. કોઇને પૈસા વધારાના હોય અને બાપની ઇચ્છા અધૂરી હોય તો ચાર વર્ષ પરદેશમાં ખેંચી આવે. પછી તો ઉમર પણ પાકટ બની જાય એટલે સ્વેચ્છાપ્રેરિત જીવનનાં સ્વપ્નાં જ રહે આ માણસો સમાજના અગ્રસ્થાને રહી ઠંડા જિગરથી બીજાની જીવનવ્યથાઓ પર ટગર ટગર જોશે અથવા ઉપહાસ કરશે; બાકીના રાતદિવસ નિર્વાહ માટે ઘાંચીના બેલનું જીવન ગુજારશે અને સમાજ મીંઢી ઘાતકતાથી દેશની જુવાની બેહાલ થતી સહન કરી લેશે.

દર વર્ષે હજારો કૉલેજમાંથી નીકળે છે, હજારો હાઇસ્કૂલમાંથી નીકળે છે અને તેની પાછળ હજારો કે લાખો નીચેની સ્કૂલોમાંના બીબાંમાં ઢોળાઇ રહ્યા છે. આ બધાનું જીવન કોળિયો કરવા બેકારી, આફત અને કસાકસી ડાચાં ફાડી તૈયાર ઊભાં છે. એવાને વખતસર ચેતાવવા ને બને તેટલાં જીવનવહેણ બદલવા, આવતી સ્થિતિનો બહાદુરીથી સામનો કરી શકે એવી તેમનામાં હિંમત ભરવા, જિંદગીના અડફેટો અને દાવપેચોને આગળથી નજરે પાડવા અને 'હોશિયાર'નો પડકાર આપવા 'કુમારે' પોતાના સાહિત્યક્ષેત્રની જે સીમાઓ આંકી છે તે કેટલા અંશે ઉપયોગી નીવડી છે તેનો જવાબ અમને કોણ આપી શકે? 'કુમાર'ના વાચકોને એમ લાગે કે 'કુમાર' તેના નિશ્ચિત માર્ગથી ચળે છે, 'કુમાર'ની આજે જરૂર નથી તો બેશક અમે જરાપણ ગ્લાનિ વિના તેનું પ્રકાશન બંધ કરીશું પણ જો તમને

નાનો મોટો

તું નાનો હું મોટો
એવો ખ્યાલ બધાનો ખોટો;
આ નાનો આ મોટો
એવો મૂરખ કરતા ગોટો.

ખારા જળનો દરિયો ભરીઓ
મીઠા જળનો લોટો;
તરસ્યાને તો દરિયાથી યે
લોટો લાગે મોટો.

નાના છોડે મહેકી ઊઠે
જેવો ગુલાબ ગોટો;
ઊંચા ઊંચા તાડે તમને
જડશે એનો જોટો?

મન નાનું તે નાનો
જેનું મન મોટું તે મોટો;
પાપાને ત્યાં પ્રભુ જનમીઆ
બડો બાપ કે બેટો?

પ્રેમશંકર ભટ્ટ

આત્રી હોય કે 'કુમારે' ગુજરાતના વિદ્યાર્થીઓની સેવા માટે ટકવું જ જોઇએ તો તમારે તમારી જાતે અથવા તમારી માનીતી સંસ્થાઓએ તેની ગ્રાહકસંખ્યા જરા પણ તૂટવા દેવી ન જોઇએ.

ક વિ તા


કવિત્વ અને કવિતા માટે મને સંપૂર્ણ પ્રેમ અને આદર છતાં મારે ખેદ કહેવું પડે છે કે આજકાલ રચાતી બધી કવિતાઓ મારા અંતઃસ્થળમાં ઠરતી નથી. સુભાગ્યે 'કુમાર'માં આવતી કવિતાઓનું તોલન કરવાનું કામ અને જવાબદારી શ્રી બચુભાઇ રાવતે પહેલાંથી જ ઉઠાવી લીધી છે એટલે તેના ગુણદોષનો વિવેચક થવાનો ભાર હું નહિ સ્વીકારૂં. પરંતુ જ્યારે પણ ટપાલમાં 'આ મારી કવિતા છાપજો અને મને ઊગતા કવિને ઉત્તેજન આપજો' એવી બલાગણ કરતા પત્રો વાંચું છું ત્યારે કવિત્વ માટે દયા આવે છે કે અરે ભાઇ! શાને આ પ્રસિદ્ધિના મોહ? માત્ર સ્વએષણા તૃપ્ત કરવા ખાતર આપણી નાલાયકી હજારો વાંચનારા પર ઠોકી બેસાડવાનો દુરાગ્રહ સમજાય નહિ એ તે કંઇ કવિદૃષ્ટિનાં લક્ષણ છે? અભ્યાસ, અનુભવ, ચિંતન, શૈલી, વિચારવૈવિધ્ય, પ્રભાવ, સુવાચ્યતા, લાલિત્ય, હૃદયગમતા વગરનાં કાવ્યોના ઢગલા થતા જોઇ મને લાગે છે કે કદીક વાંચનાર કવિતાશત્રુ થઇ જાય તો નવાઇ નહિ. મારી જ વાત કહું તો કેટલીક કવિતાઓ 'કુમાર'માં આવે છે તે પણ મારા ચિત્તમાં રમતી સરતી બનતી નથી. કવિતા વિષેના મારા આવા અભિપ્રાયથી કદાચ કવિઓ સંતોષ પામશે નહિ.

મું ડે મું ડે ભિ ન્ન મ તિ

● આજ ૧૧ વરસથી 'કુમાર' વાંચનારાઓને આ નીચેનો અભિપ્રાય વાંચતાં જરૂર અમારી માફક રમૂજ ને આનંદ મળશે. મુંબઇના એક સીનેમા-પત્રકારે પોતાના પત્રમાં પહેલે જ પાને અમને જે સર્ટિફિકેટ આપ્યું છે તે એમની જ ભાષામાં આ નીચે છાપ્યું છે:

"'કુમાર' માસિક આવતી કાલનાં નાગરિકોનું માસિક તરીકે પ્રગટ થાય છે. આવતી કાલનો કોઈ નાગરિક તે માસિકને જુએ ત્યારે કુમાર પ્રત્યે ધૃણા ઉત્પન્ન થાય છે. તેહેનું અંદરનું મેટર હજુ વધુ સહેલી ભાષામાં લખાવવું જોઇએ અને ફક્ત અંગ્રેજીનાં ભાષાન્તરો કરતાં કાંઇ વધુ પ્રેરક સાહિત્ય પીરસવાની આવશ્કતા છે. વિજ્ઞાન અને ખગોળ જેવા વિષયો પણ એવી રીતે ચર્ચવામાં આવે છે કે વાંચવાને રસ પડે તે કરતા નિરસ લાગે છે. પણ રવિશંકર રાવળ એમ ક્યાં માને તેમ છે? તેઓ પોતાની જાતને આવતી કાલના નાગરિકના અધ્યાપક તરીકે માને તો અમારે નમ્ર પણે કહેવું પડશે કે આવતી કાલના નાગરિક થવા માટે રવિશંકર રાવળ અને બચુભાઇ રાવતને એકસોનેએક જન્મ લેવા પડશે."

આ આશીર્વાદ પર વિશેષ ચર્ચાની જરૂર લાગે છે? **ર.મ.શ.**



જાપાનની કળા

કળાના બે ભાગ હોય છે: પીંછી અને ભાવના. હાથ બરાબર કેળવાય, ધાર્યા પ્રમાણે લીટીઓ દોરાય, રંગની મેળવણી કરતાં આવડે અને પ્રમાણ સચવાય એટલે પીંછી સિદ્ધ થઇ. એ કામ મહેનતનું છે, આદત અને કસરતનું છે. પણ કળાનો એ મુખ્ય ભાગ ન ગણાય. કળાની ખૂબી એની ભાવનામાં રહેલી છે. ભાવના એ કળાનો મુખ્ય ભાગ ગણાય.

જાપાની ચિત્રકળાની પીંછીમાં અસાધારણ સૌષ્ટવ અને આત્મવિશ્વાસ હોય છે. સફાઇ અને લાઘવ તો એટલાં કે જાણે પ્રયત્ન જ કરવો પડ્યો નથી.

જાપાની કલાની કલ્પનામાં પરલોકનું દર્શન ન થાય. દુનિયામાં ચાર દિવસ રહેવું છે ત્યારે સૂતકીની પેઠે દુર્મુખ શા માટે રહીએ? કુદરતમાં ફૂલ, પાંદડાં, વેટાં, બકરાં, પશુ, પક્ષી, પાણીના ધોધ આકાશનાં વાદળાં,—બધાંને જુઓ. હસતાં આવે છે ને હસતાં જાય છે. ત્યારે માનવીને જ શા માટે જીવવું આટલું અઘરૂં લાગે છે? આવતી કાલ ઊગશે ત્યારે વિદાયના શબ્દો સૂઝશે. આજનો દિવસ પૂરો કર્યા વગર આવતી કાલનો દિવસ ઊગવાનો જ નથી. ત્યારે આજનો જ દિવસ જીવી લ્યો ને?

જાપાની રહસ્ય આમ બોલે છે અને એ જ ચિત્રો દ્વારા વ્યક્ત કરે છે. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

(હસ્તલિખિત 'સોપાન' માંથી)

વાહ ગુરુ કી!

દિલ્હી નગરીના નિદ્રાધીન લોકો! આ દૃશ્ય ફરીફરીને જોવા નહિ મળે, હો! કોઈ જ જાગતા નથી? પહેરેગીરો! તમે પણ શાંત છો? મૂંગા વિલાપી સ્વરો છોડના આકાશી તારાઓ! તમને યે એકાદ યુગમાં એકાદ વખત જ આવું દૃશ્ય જોવા મળે છે ના? પછીનાં વર્ષોમાં તો એની સ્મૃતિથી જ તમારાં મોં પર તેજરેખા દેખાય છે. ખરૂં કે?

ગુરુ તેગબહાદુરનું શબ આજ છસાત દિવસ થયાં દિલ્હીના બજારચોકમાં રખડે છે. એ કાંઈ બહુ અફસોસનો વિષય નથી. હરેક હરેક સિદ્ધાંતધારીએ પોતાના શબની ચિંતા માતા ધરતીને ચરણે સોંપવાની હોય છે. પણ સાતસાત દિવસ થયાં એ શબ રખડે છે તે પછી આજે એક કંગાલ વૃદ્ધ વણઝારો પોતાના જુવાન પુત્ર સાથે ત્યાં ઊભો છે એ શબને સંભાળવા—આ દૃશ્ય જોવા દિલ્હીનો એક પણ માણસ જાગતો નથી એ તો ખરેખર અફસોસનો વિષય છે.

ગુરુએ મૃત્યુમાર્ગ પર પ્રયાણ કરતાં પહેલાં જુવાનીના ઉંબરમાં ઊભેલા પોતાના પુત્રને કહ્યું હતું: 'મૃત્યુ તો સૌને આવે છે; પણ શબ તો રખડે છે કેવળ વીર્યહીન પ્રજા હોય તેનું જ.' અને એ શબ્દોના ભણકારથી નિત્ય જાગૃત હોય તેમ, દૂધ હજી જેના હોઠ પરથી સુકાયું નથી તેવી કુમળી વયના ગુરુ ગોવિંદે, એકલે હાથે, એકાકી, દિલ્હીની ભરબજારમાંથી, ખડી સમશેરની ચોકીમાંથી પિતાનું શબ પાછું અમૃતસર લાવવા મુસાફરી શરૂ કરી;—એકલે હાથે ને એકાકી. એ વખતે મધરાત હતી.

પણ જ્યારે મધરાતે માણસ એકલો મુસાફરી શરૂ કરે છે–ફના થઈ જવાનો સિદ્ધાંત હાથમાં રાખીને–ત્યારે ઈશ્વરને નિદ્રા નથી આવી શકતી.

રસ્તે એક વૃદ્ધ વણઝારો પોતાના જુવાન પુત્ર સાથે ગુરુને મળી ગયો. ગુરુનો સંકલ્પ જાણી એને ચરણે પડ્યો: 'મને જવા દો. મારો હિસાબ નથી. તમે લાખો માણસને તેજ-ધારા પાઈ શકશો. હું એ શબ લાવીશ.' આજ એ વૃદ્ધ વણઝારો લખી પોતાના જુવાન પુત્ર સાથે ત્યાં ઊભો છે. પણ ત્યાં એક ધર્મસંકટ ઊભું થયું છે: ગુરુનું શબ લઈ લીધા પછી એની ખાલી જગ્યાએ સૂએ કોણ? પહેરેગીરોને ભુલાવામાં પાડવા માટે પણ એ જગ્યા તો પૂરવી જોઈએ ના? નહિતર તરત તપાસ શરૂ થાય. તો પછી ગુરુનું શબ અમૃતસર પહોંચે કેમ?

વૃદ્ધ પિતા કહે છે: 'બેટા! હું.'

પુત્ર ગદ્‌ગદ કંઠે બોલે છે: 'તાત! હું.'

'હું, બેટા, હું. હું વૃદ્ધ. તું મારો પુત્ર.'

'ના તાત! હું—હું તમારી ચરણરજ.'

પણ આવો સંવાદ વધુ વખત ચાલે તો તો કર્યું કારવ્યું ધૂળ મળે ને? વૃદ્ધ વણ-ઝારાનું કિરપાણ હવામાં ઊંચે ઉછળ્યું અને 'વાહ! ગુરુ! વાહ!' એ અમર બાની સાથે છાતીમાં જડાઈ ગયું. વૃદ્ધ ત્યાં ઢળી પડ્યો,—છેલ્લી મીઠી નજરે પુત્રને નિહાળતો, સ્મિત કરતો ને આશીર્વાદ દેતો.



મહામૂલું ગુરુનું શબ લઈ આંસુભરી ભીની આંખે જુવાન પુત્ર ચાલી નીકળ્યો! એની આંખમાંથી હર્ષનાં અને શોકનાં આંસુ વહી રહ્યાં.

દિલ્હી નગરીના નિદ્રાધીન લોકો! આ દૃશ્ય ફરીફરી જોવા નહિ મળે હો!–કોઈક તો જાગો!

('રજકણ' નામના તરતમાં બહાર પડનાર સંગ્રહમાંથી) 'ધૂમકેતુ'

જેમનો ત્યાગ ઉચ્ચ છે, જેમની સેવા મહાન છે, તે બિહારના બેલી

સેવામૂર્તિ રાજેન્દ્રબાબુ



ગાંધીજીના સિદ્ધાંતો અને કાર્યરીતિને સાચી નિષ્ઠાથી જીવનમાં ઓતપ્રોત કરી વણી લેનારા ગુજરાત બહારના હિંદના જાહેર પુરુષોમાં બે નામ તેજસ્વીપણે તરી આવે છે: ચક્રવર્તી રાજગોપાલાચાર્ય અને બિહારના બાબુ રાજેન્દ્રપ્રસાદ. 'બિહારના બેલી'ના ગૌરવભર્યા બિરૂદથી વિભૂષિત સેવામૂર્તિ રાજેન્દ્રબાબુનું નામ રાજકારણ કરતાં લોકસેવાથી વધારે પ્રકાશિત છે.

આજથી પચાસ વર્ષ પહેલાં બિહાર પ્રાંતના જીરાદેરી નામના નાનકડા ગામમાં શ્રીવાસ્તવ કાયસ્થ કુળમાં શક ૧૮૦૬ના માગશર સુદ પૂનમે—૧૮૮૪ના ડિસેમ્બરની ત્રીજી તારીખે બાબુ રાજેન્દ્રપ્રસાદનો જન્મ થયો. તેમના આખા યે ઘરમાં ગરીબો પ્રત્યે હમદર્દી હતી. બાળક રાજેન્દ્રમાં પણ તે સંસ્કાર ઊતર્યા અને પોષાયા. એમના વડવાઓએ જુદાંજુદાં સંસ્થાનોમાં દીવાનગીરી કરેલી. પિતા મુનશી મહાદેવ સહાય એ નાનકડા ગામડામાં વૈદ હતા અને ગરીબોને મફત દવાઓ આપી રોગમુક્ત કરતા. એમનાં માતુશ્રીનું હૃદય એટલું વાત્સલ્યભર્યું અને અનુકંપાથી ઊભરાતું હતું કે ગરીબમાં ગરીબ માણસ પણ એમની સેવા પામ્યા વગર ન રહેતો. માતપિતાના એ વારસાને પરિણામે જ બાબુ રાજેન્દ્રપ્રસાદ આજે બિહારના બેલીસમા બન્યા છે.

એ પ્રાંતમાં એ સમયે બાળક નિશાળે બેસે તે પહેલાં તેણે ઉર્દુ શિક્ષણ મેળવી લેવું જરૂરી હતું. તેથી રાજેન્દ્રબાબુને છસાત વર્ષની ઉમરે એક મૌલવીને ત્યાં ભણવા મોકલ્યા. ત્રણેક વરસમાં તેમણે ફારસી ભાષા શીખી લીધી, એટલે તેમને છપરા જિલ્લાની મુખ્ય નિશાળમાં આગળ અભ્યાસ માટે દાખલ કર્યા. તે વખતે એમનાં જ્ઞાન અને ચાલાકીથી બધા શિક્ષકોનું ધ્યાન ખેંચાયું અને હેડમાસ્તરને લાગ્યું કે આવો હોશિયાર વિદ્યાર્થી નકામો આખું વર્ષ એક જ વર્ગમાં ગાળે તે ઠીક નહિ; તેથી તેમણે તેને ઉપલા વર્ગમાં ચડાવવાનો બંદોબસ્ત કર્યો. તે પછી રાજેન્દ્રબાબુનું બધું ધ્યાન અભ્યાસમાં જ પરોવાઇ ગયું,—તે એટલી હદ સુધી કે શારીરિક વિકાસ તરફ તેમનું જરા પણ લક્ષ્ય રહ્યું નહિ. આજે પણ બાબુજીનું શરીર તદ્દન સુકલકડી અને દમપીડિત છે. અભ્યાસ અને સેવા સિવાય બીજું કાંઇ એમના જીવનમાં આવ્યું જ નથી.

ઇ. ૧૯૦૨માં કલકત્તા યુનિવર્સિટીના વીસ હજાર વિદ્યાર્થીઓમાં બિહારના ખૂણાના ગામડાનો આ વિદ્યાર્થી પહેલો આવ્યો. તે પછી કલકત્તા કૉલેજમાં જઇ પ્રીવિયસની પરીક્ષામાં પચીસ રૂપીઆની તથા ભાષા તેમજ અંગ્રેજીમાં એમ બીજી બે મળી કુલ પચાસ રૂપીઆની સ્કૉલરશિપો મેળવી તેમણે બિહારનું નામ દીપાવ્યું.

તે વખતે ડૉ. પી.સી. રૉય એ કૉલેજમાં વિજ્ઞાનના અધ્યાપક હતા. આ વખતે બાબુજીએ વિજ્ઞાન મૂકી કળાનો અભ્યાસ સ્વીકાર્યો તેથી ડૉ. રૉયને માઠું લાગેલું અને બાબુજીને બોલાવી મિઠાશથી ઠપકો પણ આપેલો.

કૉલેજમાં આવ્યા પછી બાબુજીનું જીવન ફેરવાતું ગયું. એકલા અભ્યાસમાં જ પરોવાઇ રહેલું મન હવે જરા બહારના વાતાવરણમાં ભળવા લાગ્યું. સભાઓ કરવી અને સભાસદો નોંધવા, ડીબેટિંગ સોસાએટી સ્થાપવી, માસિક ચલાવવું અને લેખો લખવા,—આવી કૉલેજની વિવિધ જાહેર પ્રવૃત્તિઓમાં તેમણે કામ કરવા માંડ્યું અને થોડા જ વખતમાં તેઓ મોખરે આવ્યા.

તે વખતે જમવા ખાવાની તેમને બહુ વિટંબનાઓ પડતી હતી. બિહારના વિદ્યાર્થીઓને બંગાળી ભોજન માફક આવતું નહિ. તેમણે એક નવી બિહારી ક્લબ સ્થાપી તે હજુ યે ચાલે છે. ક્લબની શરૂઆતમાં બાબુજી તેના મંત્રી હતા. તેમની કાર્યદક્ષતાથી સહુનું ધ્યાન ખેંચાયું અને પછી તો કેટલાયે વકીલ બૅરિસ્ટરોનો પણ તેમને સાથ મળ્યો હતો.

આ અરસામાં ડૉન સોસાએટી નામની સંસ્થા સ્થપાઇ. તેના સંચાલક શ્રી સતીબાબુમાં ધાર્મિક ભાવનાઓનું પ્રબળ પૂર હતું. તેમણે વકીલાત છોડીને ધાર્મિક જ્ઞાનના પ્રચાર અર્થે તનતોડ મહેનત કરવા માંડી હતી. રાજેન્દ્રબાબુ તેમાં જોડાયા. અઠવાડિયામા બે સભાઓ થતી. એકમાં ગીતાનું અધ્યયન અને બીજામાં જાહેર વ્યક્તિઓનાં ભાષણો. એ રીતે તેઓ ધાર્મિક જ્ઞાનનો પ્રચાર કરતા, અને પ્રચારના સાધન તરીકે 'ધ ડૉન' નામનું માસિક ચલાવતા. તેમાં રાજેન્દ્રબાબુ પણ લખતા. એ ધાર્મિક શિક્ષણનાં બીજ પણ બાબુજીના આજના સેવાધર્મમાં પરિણમ્યાં છે.

એ દિવસોમાં સાર્વજનિક કાર્યો તરફની એમની મમતા જોઇ ભલભલા વિદ્વાનો પણ એમની પ્રશંસા કરતા. સિસ્ટર નિવેદિતાએ એમની તારીફ કરતાં કહેલું કે એ ભવિષ્યના નેતા છે. એ ઉક્તિ આજે ખરી પડી છે.

ઇ.સ. ૧૯૦૬માં બાબુજીએ બી.એ.ની પરીક્ષા પાસ કરી. આ વખતે તેઓ પરીક્ષાની વિરૂદ્ધ હતા તેથી તેમણે પરીક્ષા માટે તનતોડ મહેનત કરી ન હતી. પરીક્ષા પ્રત્યે તેમની આમ ઉદાસીનતા હોવા છતાં તેઓ વગર મહેનતે પહેલા વર્ગમાં પાસ થયા એ એમની પ્રખર બુદ્ધિનો ઉમદા દૃષ્ટાંત છે. આ રીતે પહેલા વર્ગમાં આવવાથી યુનિવર્સિટી તરફથી એમને ૯૦ રૂપિયાની શિષ્યવૃત્તિ તથા ઓછામાં ઓછા બાર સોનાના ચાંદ મળ્યા. બિહાર અને બિહારની જનતા રાજેન્દ્રબાબુના નામથી ગૌરવ લેવા લાગી અને બિહારના આ વિદ્યાર્થીની ખ્યાતિ ચોમેર ફેલાઇ. તેમણે આગળ એમ.એ. તેમજ એલએલ.બી.નો અભ્યાસ શરૂ કર્યો, પણ તેમનું દિલ પરદેશગમન તરફ વહેતું ગયું. અભ્યાસ પર અરૂચિ થઇ ને વિલાયત જવાની તૈયારીઓ કરવા માંડી. પૈસા તથા સાધનની વ્યવસ્થા એકદમ થઇ ને કુટુંબની રજા માટે તેમણે મોટાભાઇને પત્ર લખ્યો.

પણ રાજેન્દ્ર વિલાયત જાય છે એ સમાચારથી આખા કુટુંબને દુઃખ થયું. વળી એમના પિતા બીમાર હતા. મોટાભાઇ તથા માતાની નારાજી તથા પિતાની માંદગીને લીધે બાબુ વિલાયતને બદલે કલકત્તા ગયા ને પિતાની માંદગી સુધી વિલાયત જવાનું માંડી વાળ્યું.

પિતા ગુજરી ગયા તેથી તો તેમને વધારે મુશ્કેલી નડી. પૈસા ને લૂગડાંલત્તાં પોતાના મિત્ર સુખદેવબાબુને આપી દીધાં ને અગાઉ કોઇ ભવિષ્યવેત્તાએ હાથ જોઇને કહેલું કે તમારે વિલાયત જવાની હજુ વાર છે ત્યારે પોતે હસેલા તે આ પ્રસંગે યાદ આવતાં તેઓ ગમગીન બની ગયા. તેમના મિત્રો પણ આભા બન્યા.

હવે અભ્યાસ પણ બરોબર થયો નહિ ને તેઓ એમ એ.ની પરીક્ષામાં બેઠા. પાસ તો થયા, પણ ઊંચો વર્ગ આવ્યો નહિ ને બાબુજીનું વિદ્યાર્થીજીવન પૂરૂં થયું.

રાજેન્દ્રબાબુનું નામ યુનિવર્સિટીમાં મશહૂર થઇ ગયું હતું. કૉલેજની તેમની કારકીર્દિ અધ્યાપકોના દિલમાં પરોવાઇ રહી હતી. કેટલાયે પ્રોફેસરો ઇચ્છતા કે બાબુજી પોતાની સાથે શિક્ષણના કાર્યમાં જોડાય તો સારૂં; અને છેવટે કેટલાક અગ્રગણ્ય શુભેચ્છકોના આગ્રહથી મુઝફફરપુરની ભૂમિહાર બ્રાહ્મણ કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે તેઓ જોડાયા. પણ તેમણે ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજનીતિ શીખવવાનું કામ હાથ ધર્યું. થોડો વખત ત્યાં પ્રિન્સિપાલ તરીકે પણ કામ કર્યું. પરંતુ શિક્ષણમાં તેમને બહુ રસ પડયો નહિ અને વકીલાતનાં સ્વપ્નાં સેવવા માંડયાં. કુટુંબીઓની પણ એ જ ઇચ્છા હતી. છેવટે નોકરી છોડી કલકત્તા ગયા. ત્યાં એક વકીલ સાથે જોડાઇને કામ શીખવા માંડયું અને ૧૯૧૦માં વકીલાતની પરીક્ષા પાસ કરી.

આ અરસામાં સ્વ. ગોખલેએ સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાએટીની સ્થાપના કરી અને દરેક પ્રાંતમાંથી સારાસારા માણસો ચૂંટીને એ સંસ્થામાં ગોઠવવા માંડયા. બિહાર માટે તેમણે મિત્રોની સલાહ પૂછતાં ઝળહળતા રત્ન જેવા બાબુજીની ભલામણ થઇ. ગોખલેજીએ રાજેન્દ્રબાબુને પોતાની સંસ્થામાં જોડાવા આગ્રહ કર્યો.

જેની નસેનસમાં સેવાના ધબકારા વાગતા, જેના લોહીમાં સેવાનાં રજકણો વહેતાં, જેના શિક્ષણમાં સેવાનાં બીજ રોપાયાં હતાં તે રાજેન્દ્રબાબુની પાસે સેવાની વાત આવતાં તેઓ હરખાયાં ને એ સંસ્થામાં

જોડાવાની ઇચ્છા કરી. ઘેર આ વાત લખી. મોટાભાઇ પર લખેલો તેમનો એ અજોડ પત્ર ખૂબ લાંબો છે. તેમાંનો થોડો ભાગ જે આ નીચે ઉતાર્યો છે તે પરથી બાબુજીના ધ્યેય અને મહત્ત્વાકાંક્ષાની કલ્પના આવી શકશે:

'યદિ મેરે જીવનમેં કોઈ મહત્ત્વાકાંક્ષા હૈ તો વહ યહ હૈ કિ મૈં કુચ્છ દેશકી સેવામેં કામ આ સકું! લગાતાર બીસ દિનોં તક સોચતે રહનેકે બાદ મૈં સમજતા હૂં કિ મેરે લિયે યહી અચ્છા હોગા કિ મૈં અપને ભાગ્યકો દેશકે સાથ મિલા દું? મૈં જાનતા હૂં કિ મુઝમેં–જિસ પર પરિવારકી સારી આશાએં કેન્દ્રીભૂત હૈ- ઐસી બાતેં સુનકર આપકે હૃદયકો એક ભારી ધક્કા લગેગા! લેકિન મૈં એક ઉચ્ચતર ઔર મહત્તર પુકાર ભી અપને હૃદયમેં મહસૂસ કરતા હૂં! મેરે ભાઈ ઇસ પર વિચાર કરેં ઔર અપની રાય બતાવેં. મૈંને ઇસ પર વિચાર કિયા હૈ ઔર અબ ઇસ નિર્ણય પર પહુંચા હૂં કિ સભી તથાકથિત સામાજિક માનમર્યાદા ઔર પદ નિઃસાર દિખાતા હૈં. કિસી વ્યક્તિકા બડાપન ઉસકે ધનકી [illegible] પર નિર્ભર નહિ હૈ, કિન્તુ ઉસકે હૃદયકી વિશાલતા પર નિર્ભર હૈ!'

મોટાભાઇને તો આથી આઘાત થયો ને બંને જ્યારે મળ્યા ત્યારે બંનેની આંખોમાંથી આંસુની ધારા ચાલી. બે કલાકની ચર્ચાને અંતે બાબુજી મોટાભાઇને લાગતો આઘાત જોઇ શક્યા નહિ ને તેમણે પોતાની વહેતી ઊર્મિઓને દાબી દઇને તે નિર્ણય બંધ રાખ્યો. છતાં સેવાની ભાવના તો વધારે ઉગ્ર થતી ગઇ.

કલકત્તે જઈ બાબુજીએ વકીલાત શરૂ કરી. એ વેળા ત્યાંની હાઇકોર્ટમાં સારામાં સારા વકીલ બૅરિસ્ટરો હતા, છતાં તેમનું કાર્ય દીપી આવ્યું. લૉર્ડ સિંહા, ડૉ. સર રાસબિહારી ઘોષ, સ્વ દેશબંધુ દાસ, સ્વ. હસન ઇમામ, સર સુલતાન મહમદ, સર ગણેશદત્તસિંહ અને શ્રી સહાય જેવા એ વેળાના નિષ્ણાતો પણ રાજેન્દ્રબાબુની કુશળતાથી ચકિત થયા અને એ સૌની હરોળમાં એમનું નામ ગણાવા લાગ્યું. કીર્તિ તથા ધન તેમને ચરણે આવ્યાં. વકીલાત કરતાંકરતાં તેમણે એમ.એલ.ની પરીક્ષા આપી અને તે પ્રથમ પદે પાસ કરી. હવે તેમણે પટણા હાઇકોર્ટમાં આવી વકીલાત શરૂ કરી. અહીં તો ધનના ઢગલા થવા લાગ્યા. પણ એ બધું ધન ઘરમાં આવવાને બદલે બીજે રસ્તે વહેવા લાગ્યું. એ ધનમાંથી કેટલાયે ગરીબ વિદ્યાર્થીઓ શિક્ષણ પામ્યા, કેટલાયે નિરાધારોને રોજી કમાવાનાં સાધન થયાં, કેટલાયે અનાથ અપંગોનો જીવનગુજારો થયો ને છેવટે માસિક ત્રણ હજારની ધીકતી કમાણીવાળા બાબુજીએ વકીલાત છોડી ત્યારે પૂરી પંદર રૂપરડી યે પૂંજી નહોતી.

બિહારી કલબ નામનું છાત્રાલય સ્થાપ્યાની વાત આગળ આવી. તે સંસ્થાની અનેક શાખાઓ તેમણે બિહારમાં સ્થાપીને એ પ્રવૃત્તિ દૃઢ બનાવવા ઘણી જહેમત ઉઠાવી. ઠેકઠેકાણે વાચનાલયો ખોલ્યાં અને ચર્ચાસંઘો સ્થાપ્યા. આ સંસ્થાઓમાંથી મોટું દળ ઉત્પન્ન કર્યું અને અનેકના હૃદયમાં સેવાની ભાવના જાગૃત કરી.

શિક્ષણમાં પણ સેવા છે એ મૂળથી જ તેમના ધ્યાનમાં હતું. ધારાસભામાં આ વેળા પટણા યુનિવર્સિટીવાળું નિંદ્ય બિલ રજુ થએલું તેની વિરુદ્ધ રાજેન્દ્રપ્રસાદે સખત આંદોલન કર્યું. પટણા યુનિવર્સિટી સ્થાપવામાં અને તેમાં હિન્દીનો માધ્યમ તરીકે પ્રવેશ કરાવવામાં રાજેન્દ્રબાબુએ લીધેલો પરિશ્રમ બિહારના શિક્ષણના ઇતિહાસમાં નોંધપાત્ર છે. અને છેવટે સેનેટમાં બેસીને પણ તેમણે ખોટા શિક્ષણ ઉપર અનેક પ્રહાર કરીને સાચું શિક્ષણ સમજાવવા મહેનત કરી.

૧૯૧૩, ૧૯૨૩, ૧૯૩૦ અને ૧૯૩૪ આ ચાર વર્ષમાં બિહારની અંદર મહાપૂર, દુષ્કાળ અને ધરતીકંપ વગેરે મોટીમોટી આફતો આવી. આ દૈવી સંકટો વખતે રાજેન્દ્રબાબુની સંગઠનશક્તિ, નિરલસ કાર્યકર્તૃત્વ અને નિરપેક્ષ સેવા જનતાની નજરે આવી.

રાજેન્દ્રબાબુ કલકત્તાથી પટણા હાઇકોર્ટમાં વકીલાત કરવા આવ્યા એ જ વર્ષે લખનૌ મહાસભામાં એમણે અને બાબુ વ્રજકિશોરે ચંપારણના ખેડુતોના અત્યાચાર સંબંધમાં આંદોલન શરૂ કર્યું હતું. પરંતુ આની કંઇ ખાસ અસર થતી ન હતી. આ પછી ચંપારણના શ્રી રાજકુમાર શુકલે મહાત્મા ગાંધીજીને ત્યાંના ખેડુતોની દુર્દશા જોવાને વિનતિ કરી અને તેમને પટણા તેડી લાવ્યા. મહાત્માજી રાજેન્દ્રબાબુને ત્યાં ગયા પરંતુ તેઓ ત્યાં ન હતા. આથી મહાત્માજી મુજફ્ફરપુરમાં ગયા અને તિરહુતના કમિશ્નરને મળ્યા. કમિશ્નરે મહાત્માજીને તિરહુતમાંથી બહાર જવાનો હુકમ કર્યો. પરંતુ તે તો તપાસ કરવા આગળ વધવા માંડ્યા. તેમની ધરપકડ થઈ અને મુકદ્દમો ચાલ્યો, છેવટે સરકારે મુકદ્દમો ઉઠાવી લીધો ને ગાંધીજીએ કાર્યનો આરંભ કર્યો.

એવામાં તો રાજેન્દ્રબાબુ પટણા આવી ગયા. તેમને આ હકીકતની ખબર પડી કે તરત જ કેટલાક સ્વયંસેવકો લઇ મહાત્માજી પાસે પહોંચી ગયા. એ દિવસોમાં મહાત્માજી સાથે કાર્ય કરનારાઓમાં બાબુ વ્રજકિશોરપ્રસાદ અને બાબુ રાજેન્દ્રપ્રસાદ હતા.

ચંપારણમાં તપાસનું કાર્ય સમાપ્ત થયું કે શિક્ષણનું કાર્ય શરૂ થયું. રાજેન્દ્રબાબુ તેના પર દેખરેખ રાખતા હતા. ખેડુતોના મહાન કાર્યમાં ગાંધીજીનો વિજય થયો. આ વિજયથી રાજેન્દ્રબાબુ ઉપર સવિશેષ અસર થઈ. ત્યારથી ગાંધીજીના વિભૂતિતત્ત્વની એમના દિલ પર ચિરસ્થાયી અસર થઈ છે. ખરૂં કહીએ તો ગાંધીજીને લીધે જ તેઓ રાજકારણમાં આગળપડતો ભાગ લેવા લાગ્યા.

સન ૧૯૨૦માં રાજેન્દ્રબાબુના પ્રમુખપદે બિહાર રાજનૈતિક સંમેલન ભરાયું. આ વર્ષે તેમણે વકીલાતનો ત્યાગ કર્યો અને હજારો રૂપિયાની આમદાની ફેંકી દઇ દેશસેવામાં જોડાયા. સેનેટના સભ્ય તરીકેનું પણ રાજીનામું આપ્યું અને પોતાને મળેલો 'રાય બહાદુર'નો ઇલ્કાબ ત્યજી દીધો. પટણામાં રાષ્ટ્રીય મહાવિદ્યાલય અને બિહાર વિદ્યાપીઠની સ્થાપના કરી અને આખા બિહારમાં ઠેરઠેર રાષ્ટ્રીય શાળાઓ સ્થાપી.

૧૯૩૦–૩૨ની સર્વવ્યાપી ચળવળમાં તેમણે બિહાર પ્રાંતનું નેતૃત્વ પોતાના હાથમાં લઇને ભાગ લીધો. આ લડતમાં તેમના પર ત્રણ કારાગૃહવાસના પ્રસંગ આવ્યા. ત્રીજા તુરંગવાસના અંત ભાગમાં આજારી પડવાથી મુદત પૂરી થયા અગાઉ જ તેમનો છૂટકારો થયો. આ બે વર્ષની મુદતમાં તેઓ બે વાર કોંગ્રેસના કામચલાઉ અધ્યક્ષ નીમાયા હતા. ૧૯૩૦ની સાલમાં જગન્નાથપૂરીમાં કોંગ્રેસનું જે અધિવેશન ભરાવાનું હતું એ અધિવેશનના અધ્યક્ષપદ ઉપર એમની જ પસંદગી થઇ હતી, પણ કાયદાભંગના યુદ્ધને લીધે એ અધિવેશન થઇ શકયું નહિ. આથી ચાલુ વર્ષે મુંબાઇમાં ભરાએલી મહાસભાના અધ્યક્ષપદનો મુકુટ એમને શિરે મુકાયો.

રાજેન્દ્રબાબુ સ્વભાવે તદ્દન સાદા ને ઋજુવૃત્તિના છે. સૌજન્ય તો તેમનામાં એટલું બધું ઓતપ્રોત છે કે એમના નમ્રપણા આગળ ખુદ નમ્રતાએ પણ નમ્ર બનવું જોઇએ. મહાત્મા ગાંધીજીની અહિંસાવૃત્તિ કોઇ નેતામાં જો સફળપણે ઊતરી હોય તો તે રાજેન્દ્રબાબુમાં જ. બીજાનું મન જરા જેટલું યે ન દુખાય એને માટે તે કેટલી સાવચેતી રાખે છે એની જેમને માહિતી છે તેમને જ બાબુજીના વિશુદ્ધ અહિંસાવ્રતની કલ્પના આવશે. તે કદિ ગુસ્સે થતા નથી કે વિકારને આધીન થતા નથી. એમની નમ્રવૃત્તિ, સૌજન્ય, દયા, પ્રેમ, સહાનુભૂતિ ઇત્યાદિ ગુણોને લીધે બધાઓને જ તેમને માટે પ્રેમ અને આદર થાય છે. એક પ્રકારે એ 'અજાતશત્રુ' જ છે. રાજેન્દ્રબાબુને લીધે જ બિહાર પ્રાંતના કાર્યકર્તાઓમાં ઇતર પ્રાંતની જેમ પક્ષાપક્ષી નથી. સરકારને સુદ્ધાં રાજેન્દ્રબાબુને માટે એક પ્રકારનો આદર છે. બિહારભૂકંપની વેળાએ રાજેન્દ્રબાબુની સલાહ લેવાસારૂ ગવર્નર તરફથી તેમને અવારનવાર તેડું આવતું. તેમની આસપાસ પાવિત્ર્યનું એટલું ઉદાત્ત વાતાવરણ હોય છે કે કોઇપણ વ્યક્તિના અંતઃકરણમાં પ્રથમ દર્શને તેમને માટે આદરભાવ જ ઉત્પન્ન થાય. તેમની સેવાઓ બિહારમાં આંગણેઆંગણે તેમનાં ગાન ગાય છે.

હિંદી ભાષા ઉપર તેમને પ્રેમ છે. ઇ.સ. ૧૯૧૩ના હિંદી સંમેલનના તેઓ સ્વાગતમંત્રી હતા. ૧૯૨૩માં મહાસભા કાનડામાં મળી ત્યારે તેઓ હિંદી સંમેલનના પ્રમુખ ચૂંટાયા હતા, પણ માંદગીને કારણે જઇ શકયા નહોતા. પોતાના પ્રાંતમાં નાગરી લિપિમાં બધું છપાય તે માટે તેમણે તનતોડ મહેનત કરીને એ ચાલુ કરાવી છે. પટણા યુનિવર્સિટીમાં હિંદીને મધ્યભાષા તરીકે દાખલ કરાવવાના તેમના પ્રયત્નો જાણીતા છે. એમનું લખેલું હિંદી પુસ્તક 'ચંપારણ્યમાં ગાંધીજી' ને અંગ્રેજી ગ્રંથ 'ખાદીનું અર્થશાસ્ત્ર' પ્રખ્યાત છે. જેલમાં લખવા માંડેલું 'ગાંધીવાદ' હજી અધુરૂં છે. બાબુજીને માતૃભાષા જેટલું જ સારૂં બંગાળી ને થોડુંઘણું ગુજરાતી આવડે છે.

રાજેન્દ્રબાબુનાં લગ્ન નાનપણમાં થએલાં. તેમને બે પુત્રો છે. તેમના મોટા ભાઇ હમણાં જ ચારપાંચ માસ પહેલાં ગુજરી ગયા. બાબુજી પડદાની વિરૂદ્ધ છે. તેઓ ૧૯૨૮માં વિલાયત પણ જઇ આવ્યા છે.

ઇ.સ. ૧૯૦૬માં હિંદના દાદા સ્વ. દાદાભાઈ નવરોજી મહાસભાના પ્રમુખ હતા તે વખતથી મહાસભાના કાર્યમાં બાબુજી રસ લેતા થયા હતા; આજે ૧૯૩૪માં તેઓ તે મહાસભાની ૪૮મી બેઠકના મુકુટ પહેરવાના અધિકારી બન્યા છે. એમ કરીને હિંદે પોતાના એક મહાન સમર્થ સેવકની સેવાની યોગ્ય કદર કરી છે. જેમનો ત્યાગ ઉચ્ચ છે, જેમની સેવા મહાન છે, એવી સેવાપરાયણ ત્યાગમૂર્તિને ભારત કેમ ભૂલે?

['સ્ત્રીબોધ, પ્રતાપ, ચિત્રમય જગત વગેરે પત્રો ઉપરથી સંકલિત]



વાહ ગુરુકી !

વૃદ્ધ વણઝારાનું કિરપાણ હવામાં ઊંચે ઊછળ્યું અને . . . (પૃ. ૪૪૪)

(ચિત્રકાર · રવિશંકર રાવળ)

મયદાની અને મરદાની રમતગમતોની ટિકિટો



COURTESY THE ILLUSTRATED LONDON NEWS

ટપાલની ટિકિટો પર જે અનેકવિધ નવતર વિષયો આલેખાયા છે તેમાંનો એક પ્રકાર—મયદાની અને મર્દાની રમતગમતોનો—આ ઉપર રજુ કર્યો છે. જુદાજુદા દેશોએ એવા વિવિધ પ્રસંગોના સ્મરણાર્થે જે જુદાજુદા પ્રકારની ટિકિટો કાઢેલી તેનો આ ઉપરનો એક-સામટો સમૂહ આપણને ઘણી રીતે રસ પમાડે એવો છે. આલેખનસૌંદર્યની પ્રત્યેકની વિશિષ્ટતા ને વિવિધતા જેટલી જ વિવિધતા તેમાં પ્રતિનિધિત્વ પામેલી રમતોની છે તે નીચેની યાદી દર્શાવી આપશે: સ્કેટિંગ, શિકાર, સમૂહવ્યાયામ, સ્કીઈંગ, ફુટબૉલ, હર્ડલ રેઇસ, હોડા ચલાવવી, લાંબી દોડ, ડિસ્ક થ્રોઈંગ, ગ્લૅડિયેટરનું દ્વંદ્વયુદ્ધ, કુસ્તી, ઘોડેસવારી, હલેસાં મારવાં, બૉક્સિંગ, રથ-દોડ, તલવાર પટા, સ્કાઉટિંગ, વેઇટ-લિફ્ટિંગ, ધનુર્વિદ્યા, તરવાની વિદ્યા.

નવા યુગની સ્ત્રી



કેવી હોય એનો આછો — ખ્યાલ ગૂંથતી નાટિકા

સમય : સાંજના ત્રણ ચારેકનો   સ્થળ : 'કુમારી'ના તંત્રીનો ઓરડો

[અદ્યતન સાધનો, રેડીઓ, વીજળી ને ટેલિફોનથી ઑફિસ સજેલી છે. કાર્યાલયમાંથી આવવાનું બારણું તંત્રીના ટેબલની સામે કાટખૂણે આવેલું છે,–એવી રીતે કે પ્રવેશનાર અંદર પ્રવેશતાં જ તંત્રીની નજરે ચડી શકે. તંત્રીની ડાબી બાજુ તેમજ પાછળ બારણાં છે, જેની અંદરથી ચાલ્યા જનાર, બહારથી આવનારની નજરે પડ્યા પહેલાં પસાર થઇ શકે છે. તંત્રીનું મોટું ટેબલ એક ખૂણા પર આવેલું છે. એના પર માસિકો, વર્તમાનપત્રો. પ્રૂફો, પુસ્તકો પડ્યાં છે. પત્રનાં તંત્રી જયંતિકા કામમાં ગુંથાએલાં દેખાય છે. એમના ટેબલની ધારથી કાટખૂણે બીજું ટેબલ આવેલું છે. એના પર એમનાં મદદનીશ (પડદો ઊપડતાં) ટાઇપ કરતાં નજરે ચડે છે. જયંતિકાના ટેબલ પર ફોનસેટ એવી રીતે ગોઠવેલો છે કે એનું રીસીવર બંને લઈ શકે; અને છતાં આવનારને આ ગોઠવણી અત્યત નજીક હોય એમ લાગતું નથી. તંત્રીના ટેબલની આસપાસ પાંચસાત ખુરશીઓ ગોઠવેલી છે. એક પાસ એક ટીપાઈ પડી છે.

જયંતિકાનાં કપડાં ખાદીનાં છે, છતાં એ છેલ્લામાં છેલ્લી ફૅશન પ્રમાણે એણે સજેલાં છે. એનાં કપડાં પહેરવામાં, એના હાવભાવમાં, એની બેસવાની ઢબછબમાં આકર્ષણ છે. એના મોઢા પર બુદ્ધિનો તરવરાટ અને આંખોમાં લાગણીની કુમાશ છે; બંડને આહ્વાન આપતા યૌવનનો તનમનાટ છે. એના હલનચલનમાં બહુશ્રુતતા, સંસ્કારિતા અને કાર્યતત્પરતા દેખાય છે.

ઘંટડી વાગે છે ને આશા આવે છે. જયંતિકા લખતાંલખતાં ઊંચે જુએ છે.]

જયંતિકા: કેમ? આવો; શા ખબર?

આશા: (સામે બેસતાં) પેલાં બ્હેનને આપને મળવાની બહુ જ ઇચ્છા છે. આપ એક દિવસ આવો તો?

જયંતિકા: (લખવાનું ચાલુ રાખીને) પણ મને મળવાની જરૂર દેખાતી નથી.

આશા: અમને એ સમજ જ નથી પડતી. એ એટલાં વિદ્વાન અને બહુશ્રુત અને ભલા છે કે . . . .

જયંતિકા: હં . . . .

આશા: એ બધાંયને આવકાર આપે છે, છૂટથી મળે છે હળે છે, પાનપાણી કરે છે. જ્યારે જુઓ ત્યારે કોઇ કંઇ ગાતું હોય, કોઇ કંઇ બજાવતું હોય, કંઇકંઇ ચર્ચા થતી હોય . . .

જયંતિકા: (લખતાં જરા થંભી) શાની ચર્ચા?

આશા: આ આપણા દેશની, સેવાની, રાજપ્રકરણની.

જયંતિકા: (જરા કડકાઇથી) તેથી જ હું કહું છું કે આપણે એને અસ્પૃશ્ય ગણીએ તો વાંધો નહિ.

આશા: એટલે? કેમ?

જયંતિકા: એટલે, તમે એમને વિષે ભલામણ કરો છો તો એ કહી શકશો કે તમારાં એ બાઇસાહેબ કોણ છે? એમનું નામ, ઠામઠેકાણું એની કાંઇ ખબર છે?

આશા: (જરા શંકામાં પડતાં) અમને એ વિષે તો કંઇ ખબર નથી. અને એમને પૂછીએ છીએ ત્યારે પણ કંઇ જવાબ ન દેતાં વાત ઉડાવે છે.

જયંતિકા: હંઅં. . .એ વાત એ કેમ ઉડાવે છે?

[ઑફિસનો સિપાઇ આવે છે.]

સિપાઈ: પરમાનંદભાઇ આવ્યા છે, આવે?

જયંતિકા: હા, સત્વર આવવા દે; (પ્રુફની ગૅલી સિપાઇને આપતાં આશાને) હં. અને અમુક સમયે જ્યારે તમને કોઇને એ મળતાં નથી ત્યારે એ શું કરે છે?

[સુવર્ણા ટાઇપ કરેલો કાગળ જયંતિકાને આપે છે. જયંતિકા એ ઉપર સહી કરે છે.]

આશા: એ બધું જાણીને અમને શું કામ?

[જયંતિકા એ કાગળ અને બીજાં પ્રુફ સુવર્ણાને આપે છે. રાજપ્રકરણી રીપોર્ટર પરમાનંદ પ્રવેશે છે.]

જયંતિકા: આ સુધારી દેશો. (આશાને) એ જાણુશો

એટલે તમને એનો ખ્યાલ આવશે. કાલે એ ખબર કાઢવા પ્રયત્ન કરશો ? (પરમાનંદને) કેમ, શા સમાચાર છે ? કઇ બાજુથી આવો છો ?

[પરમાનંદ આશા તરફ નજર કરે છે. જયંતિકા ઈશારતથી કહેવા કહે છે]

પરમાનંદ: ખાસ કંઇ ખબર નથી.

જયંતિકા: Stop press માટે છેલ્લા સમાચાર?

પરમાનંદ: ના એવું અગત્યનું યે કંઇ નથી.

જયંતિકા: પેલાં 'મિસીસ એસ.'નો પત્તો લાગ્યો ?

પરમાનંદ: હા, કંઇક લાગ્યો છે. એમના પર આવતા પત્રો પરથી જણાય છે કે . . . .

જયંતિકા: એ સિવાય ?

પરમાનંદ: મને એની ખાતરી થઇ છે. એઓ દિવસના અમુક વખતે કોઇને મળતાં નથી ત્યારે ટપાલ લખે છે ને સંદેશા ચલાવે છે. સવારના જ્યારે ફરવા જાય છે ત્યારે કોઇ ન જુએ તેમ જાતે ટપાલઑફિસે જ પહોંચે છે ને ટપાલ લાવે છે. બપોરે અને સાંજે જ્યારે બહાર જાય છે ત્યારે અમુક માણસો જે એમને ત્યાં આવતા જ નથી એમને મળે છે.

જયંતિકા: હં. કેમ આશાબહેન, કંઈ સમજ પડે છે ?

[સિપાઈ કાર્ડ લઇ આવે છે ને જયંતિકાને આપે છે. એ જોતાંજોતાં—]

કંઇક જાણવા જેવું રસિક છે, નહિ વારૂ ? હવે તો તમારાં એ મિત્રની કંઈક ખબર લાવશોને ? (સિપાઇને) હા, આવવા દે. પણ આવતાં બે મિનિટ લાગે જોજે.

[પહેલાં આશા ને પછાળ સિપાઇ જાય છે]

આ સિવાય બીજા કોઈ પુરાવા ? એમના કંઇક કાગળ મેળવો, ફેક્સિમીલી તૈયાર થઈ શકે એવા; ફોટો મેળવો; ત્યારે છપાયને ! ચાલો, કંઇ નહિ. હમણાં તો Stop press માટે એની અમુક ખબર આપો. જરા મોટા ટાઈપમાં—ફાઇનલ મને બતાવજો.

[બહારથી કોઇનાં પગલાં સંભળાય છે. જયંતિકાના સૂચનથી પાછલા બારણા તરફથી પરમાનંદ અદૃશ્ય થાય છે. સામેથી પોલીસ અમલદાર ત્ર્યંબકલાલ આવે છે]

જયંતિકા: સાહેબજી; ઑફિશિયલ મુલાકાત કે પર્સનલ?

ત્ર્યંબકલાલ: તમને એક નવીન ખબર આપવા.

જયંતિકા: શી ?

ત્ર્યંબકલાલ: સંભાળજો. આ તમારો રાષ્ટ્રવાદ હવે ઊંચો મેલી દેશો ?

જયંતિકા: કેમ કંઇ એકદમ ? (વાત વાળતાં) આપ શું લેશો ? ચાહ કે કૉફી કે કૉલ્ડડ્રિંક ?

[ઘંટડી વગાડે છે. સિપાઇ આવે છે.]

ત્ર્યંબકલાલ: ના, કશું નહિ.

જયંતિકા: જા, સાહેબ માટે ચા મોકલ.

ત્ર્યંબકલાલ: જરા ઉતાવળ છે. [સિપાઈ જાય છે.]

જયંતિકા: હં, પણ તમે શું કહેતા હતા ? અમે વળી રાષ્ટ્રવાદમાં માનીએ છીએ જ ક્યારે ?

ત્ર્યંબકલાલ: એટલે ?

જયંતિકા: રાષ્ટ્રવાદ તો આંતરરાષ્ટ્રનો વિરોધી હોય; ને અમે તો માનનારા सर्वे जनाः सुखिनो भवन्तु।

ત્ર્યંબકલાલ: જુઓ, આ હું તમને ખાનગીમાં કહું છું, અને એક અબળા તરીકે મને તમારા તરફ એટલી ફરજ લાગે છે !

જયંતિકા: Thanks; આભાર આપનો.

ત્ર્યંબકલાલ: વળી તમે એવું સુંદર કામ કરી રહ્યાં છો ! આ શારદા ઍક્ટનું, આ સ્ત્રીસ્વાતંત્ર્યનું, પેલા યુધિષ્ઠિર ને હરિશ્ચંદ્રને ઝાપટવાનું અને . . . . એ બધું મૂકી આ રાજપ્રકરણમાં કેમ ઝંપલાવો છો ?

[ચૅાય ટ્રે લાવે છે.]

જયંતિકા: (ચા તૈયાર કરતાં) જુઓ સાહેબ, રાજ્યપ્રકરણ અમારો વિષય નથી. અમે તો સ્ત્રીજાતિની સેવા માટે અને તેની 'શક્તિ' દર્શાવવા આ પત્ર કાઢ્યું છે. સામાજિક કાર્ય એ અમારૂં ક્ષેત્ર છે.

ત્ર્યંબકલાલ: ત્યારે પછી Let alone politics—રાજ્યપ્રકરણને એને સ્થાને રહેવા દો.

જયંતિકા: (ચા આપતાં) અમે તો એમ જ કરીએ છીએ; પણ અત્યારે જગતમાં વાતાવરણના અણુઓ સાથે રાજપ્રકરણના અણુ એવા ગૂંથાતા જાય છે કે—

[બહાર ઘંટડી વાગે છે; પટાવાળો આવે છે.]

પટાવાળો: મિ. વ્યાસ આવ્યા છે.

જયંતિકા: બહાર બેસાડો.

ત્ર્યંબકલાલ: ત્યારે હું જઇશ; સંભાળજો. આ આટલું તો આપણા જૂના સંબંધને લઇને. અમારા જેવી કંઇ ખબર હોય તો કહાવજો. (ઊભા થઇને જવાની તૈયારી કરતા, કંઇક યાદ આવ્યું હોય તેમ જરા થોભીને)

અહં . . . મિસિસ એસ . . . ને તમારા સંઘમાં દાખલ કરશો ?—કરજોને. એ મને એ માટે કહેતાં હતાં.

જયંતિકા: (ટાઢાશથી) ભલે; એમની અરજી આવશે તે સમિતિની સભામાં મૂકાશે.

ત્ર્યંબકલાલ: ક્યારે તમારી સભા મળશે ? અને એ તો તમે પસાર કરાવી શકશોને, પહેલી જ સભામાં ?

જયંતિકા: એવી તે ઉતાવળ શી છે ? ને તમે આટલાબધા ઉત્સુક છો તે એ બ્હેન કોણ છે ? તમારાં પરિચિત છે એટલે કહો તો ખરા ? એ વિના એમને વિષે હું શું કરી શકું ?

ત્ર્યંબકલાલ: તમે એમને મળ્યાં નથી ?... મળોની; ઓળખાણ કરાવું.

જયંતિકા: એ કોણ છે તે જાણ્યા સિવાય હું શી રીતે મળવા જાઉં ? અને તમે એમને ક્યારે મળો છો ?

ત્ર્યંબકલાલ:કદાચિત;નીચે કારમાંબેઠાંછે.બોલાવીશું?

જયંતિકા: હા, ખુશીથી. [ઘંટડી વગાડે છે]

ત્ર્યંબકલાલ: (પટાવાળાને) નીચે ગાડીમાં બાઇ-સાહેબ બેઠાં છે એમને મોકલ.

જયંતિકા: અને હવે ખાસ કાંઇ બીજું કામ નથીને ? અમારા મદદનીશને બોલાવું ?

ત્ર્યંબકલાલ: ના, કશો વાંધો નથી.

[જયંતિકા ઘંટડી વગાડે છે ને બોલાવે પણ છે: સુવર્ણા ! આશા ! સુવર્ણા અને આશા આવે છે; પછી મિસિસ એસ.]

જયંતિકા: (મિસિસ એસ.ને) આવો, બેસો.

ત્ર્યંબકલાલ: આ જયંતિકા બ્હેન: 'કુમારી' નાં તંત્રી અને મંડળનાં પ્રમુખ. આ મિસિસ (ઉતાવળથી) એસ . . . હં . . . આપનું નામ . . . મારા અંગત મિત્ર છે. રાષ્ટ્રસેવામાં એમને ખૂબ રસ છે.

જયંતિકા: એમ કે ? આપને મળતાં આનંદ થાય છે.

મિસિસ એસ.: મેં આપને વિષે સાંભળ્યું ત્યારથી હું આપને મળવા ઉત્સુક હતી ને આપના કામથી આ-કર્ષાઇ, આપની સાથે કંઇ સેવા કરી શકું એમ થતું.

જયંતિકા: અંહ, અમે એવું તે શું કરી વળ્યાં હજી ?

મિસિસ એસ.: આપના સંઘનાં સભ્ય કરશો ?

જયંતિકા: આશા એમને અરજીનું ફારમ આપજો; સુવર્ણા ભરાવશે.

સુવર્ણા: ખુશીથી, આવો. (અરજી ભરાવતાં) અહીં આપના મૂળ ગામનું નામ. . . પછી આપનાં quali-fications . . . આપનાં માબાપનો ધંધો . . . ઠેકાણું . . . આપ અહીં શું કરો છો અગર શું કામ કરવા ઇરાદો રાખો છો તે . . . અને આ બધું પ્રતિજ્ઞાપૂર્વક . . . (મિસિસ એસ. ફૉર્મ ભરવા પ્રયત્ન કરે છે).

જયંતિકા: એક વાત પૂછું ? મેં સાંભળ્યું છે કે આપને ટપાલનું ખૂબ કામ પહોંચે છે. એનું શું કારણ ? આપ એટલી બધી ટપાલ કોને લખો છો ?

ત્ર્યંબકલાલ: એ અંગત વાતો છે. એ પૂછવાનું શું પ્રયોજન ?

જયંતિકા: અમારા મંડળનાં સભ્યોથી કશી વાત ખાનગી રાખી શકાતી નથી.

મિસિસ એસ.: પરંતુ એ તો સભ્ય થયા પછીને ?

જયંતિકા: પણ અત્યારે આપની ભલામણ માટે અમારે કંઇક જાણવું જોઇએ ને ?

ત્ર્યંબકલાલ: ત્યારે તો ઘણો વખત લાગે, નહિ ? અને મારે જરા ઉતાવળ છે. [ઊભા થાય છે.]

મિસિસ એસ.: તો બધી વિગતો પછીથી મોકલી આપું તો ચાલશેને ? [જવા માંડે છે.]

ત્ર્યંબકલાલ: (જતાંજતાં) ચાલો ત્યારે સાહેબજી ! અમારા જેવા કંઈ ખબર હોય તો કહાવજો;

જયંતિકા: કાલ પરમ દિવસના અંકમાં જોજો . . . (આ વાક્ય બોલાય છે ત્યાં તો તેઓ બારણાં બહાર ગયા હોય છે.) આશાબ્હેન ! હવે આમને મળવાની જરૂર લાગે છે ?

સુવર્ણા: વધુમાં આજનું 'કુમારી' જોજો ને જાણજો કે ચાર દિવસમા એમનો મુકામ અહીં નહિ હોય.

[જયંતિકા ઘંટડી વગાડે છે. વ્યાસ બહારના બારણામાંથી આવે છે.]

જયંતિકા: કેમ શી ખબર છે ? તમે હજી પરણ-વાની વાતો લાવો છો કે ?

વ્યાસ: અરે જવા દોને. આ જુઓ; આ ૧૨–૧૫ વર્ષના વરરાજા અને ૮–૧૦ વર્ષની કન્યાઓની યાદી. આ બાર વર્ષની છોકરી અને આ ફક્ત પચ્ચાસ વર્ષના જુવાનની તૈયારી.

[એક પછી એક નોંધો ટેબલ પર મૂકે છે. જયં-તિકા એ તપાસે છે: લખે છે ને લખતાંલખતાં]

તે તમને આ માટે શ્રી વ્રજકિશોરને મળવા કહ્યું હતું ને ? એમણે શું કર્યું ? [લખે છે.]

વ્યાસ: એમ લાગે છે કે અત્યારે તો કાંઈ થઇ શકે એમ નથી. નૈતિક દબાણ લાવવું એ જ એક રહ્યું.

જયંતિકા: એમણે શું કહ્યું ?

વ્યાસ: એમનાં સગાંવહાલાં મારફત બનશે તો કંઇ કરી જોઇશું.

જયંતિકા: (લખતાંલખતાં) સ્વાર્થી પુરુષો ! તમે શું ધારો છો ? આપણે શું કરીશું ? (લખાણ છોકરાને આપે છે; એ જાય છે.) જુઓ, એમના ફોટા મેળવો ને બ્લૉક બનાવવા આપી દો, અને આપણા ચિત્રકારને એમનાં કાર્ટૂન તૈયાર કરવા જણાવો: જાણે એમનાં લગ્ન પછી તુરત એ મહાશય ફોટો પડાવવા જાય છે ને ફોટોગ્રાફર એમને એમની પુત્રી સાથે બેઠા હોય એવું પોઝ આપે છે અને એ જાતના શબ્દો ફોટોગ્રાફર કહે છે. બીજા ચિત્રમાં લગ્નને દિવસે જ રસ્તામાં મળનાર ગૃહસ્થ એ રીતે એમની ખબર પૂછતા હોય. કાલ સાંજની આવૃત્તિમાં આ આવવું જોઇએ. (ફોન કરે છે. છોકરો પ્રુફ સુધારવા લઇ આવે છે. તે પર નજર કરી સુવર્ણાને) આ તપાસી આપો . . . . હં પછી ?

વ્યાસ: પેલી ઢીંગલાઢીંગલીની રમતનો પૂરેપૂરો પત્તો મળવો મુશ્કેલ છે.

[બેલ મારે છે. લખે છે. છોકરો આવે છે. સુવર્ણા પ્રુફ તપાસી છોકરાને પાછાં આપે છે, એ જયંતિકા લઇ તપાસી, કંઇક સુધારી છોકરાને લઇ જવા કહે છે. ટેબલ પરની નોંધો સુવર્ણાને આપતાંઆપતાં વ્યાસને]

હા, પણ એ તો કરવું પડશે. દુનિયામાં આટલા બધા પરણતા કેમ હશે ? શું એ સિવાય બીજું કાંઈ એ લોકોને સૂઝતું નહિ હોય ? ને એ અર્થે આ બધા કાયદા શા ને આ બધું ધાંધલ શું ?

સુવર્ણા: (પેલી નોંધો હાથમાં રાખી) આ બધી શ્રીમતી ઉર્સુલા દીવાનને મોકલી આપીએ ?

જયંતિકા: બે નકલો તૈયાર કરાવો. એમને પૂછાવો કે એઓ એ બાબતમાં શું કરવા માગે છે. નહિ તો પછી આપણે પણ પગલાં લઇએ. તમે બરાબર બધાના પુરાવા તૈયાર કરો. [સિપાઇ આવે છે.]

સિપાઇ: એક બહેન મળવા આવ્યાં છે.

જયંતિકા: હા, આવવા દે. (મળવા આવનાર સ્ત્રી આવે છે ને વ્યાસ જાય છે. સુવર્ણાને) જુઓ, આ બહેન શું કહે છે ? [છોકરો પ્રુફ લાવે છે.]

સુવર્ણા: કેમ બહેન ! ફરમાવો, આપની શી સેવા કરી શકીએ ? (એ સ્ત્રી બાઘા જેવી ઊભી રહે છે.) બહેન, ગભરાઓ નહિ; જે કહેવું હોય તે સુખેથી કહો.

સ્ત્રી: મેં સાંભળ્યું છે કે સ્ત્રીઓની અહીં એક સભા છે; તેનું એક છાપું નીકળે છે . . . .

સુવર્ણા: હા, એ જ આ ઑફિસ. અમે એ માટે અમારૂં બનતું કરીએ છીએ. મને આશા છે કે આપને ઉપયોગનાં થઈ શકાશું. જરૂર હશે તો આપની હકીકત ખાનગી રાખીશું.

સ્ત્રી: (કંઇક શંકાથી, અવિશ્વાસથી, સંકોચથી) જુઓ બહેન, તમારાથી થાય તો મને મદદ કરજો. જો ન થાય તો આટલું ખાનગી રાખજો . . . હા, પણ તમારો વખત તો નથી લેતીને ? નહિ તો હું તો જઇશ. મારા જેવી દુ:ખીઆરી . . . .

સુવર્ણા: (મિઠાશથી) ના રે; એ તો અમારૂં કામ જ છે. તમે બધું વિનાસંકોચે કહો.

સ્ત્રી: (અનિચ્છાએ કહેતી હોય એમ, ધીમેથી છતાં ઊતાવળે) મને ઘરબાર નથી, હું એકલી છું, ત્રણ દિવસથી . . . (સંકોચાય છે.) મને કંઇ કામ આપશો—અપાવશો ?

સુવર્ણા: આપ શું કરી શકશો ?

સ્ત્રી: જે કહેશો તે.

સુવર્ણા: ના, એમ નહિ. અમે તમારા લાયકનું જ કામ કદાચ અપાવી શકીએ. પણ અમને તમારે વિષે બધી માહિતી મળવી જોઇએ. હા, હમણાં જરા બેસશો ?

[સ્ત્રી પાસેની ખુરશી પર બેસે છે. સુવર્ણા જયંતિકા પાસે જાય છે ને કૈં વાત કરે છે.]

જયંતિકા: તો એમને માટે પહેલી. . . .

[ઘંટડી વાગે છે ને મૅનેજર અનિલરાય આવે છે. એમને આવતા જોઇ જયંતિકા એ તરફ ઊંચુ જુએ છે ને એનું વાક્ય અધૂરૂં રહે છે. અનિલરાય ઉમરે બધા કરતાં મોટા છે. જરા જાડા છે ને જરા ખંધા દેખાય છે. એમનાં લૂગડાં બહુ વ્યવસ્થિત નથી. એમના નાક પર આવી રહેલાં ચશ્માં તેમજ ચાલ એમની ઉતાવળ સૂચવે છે. કપાળ પરની કરચલીઓ એમના દુન્યવી અનુભવની સાક્ષી પૂરે છે. આંખો અંત:કરણની સચ્ચાઈ બતાવે છે. એમના હાથમાં કાગળો છે, તે ફેરવતાં ને જયંતિકાને બતાવતાં]

અનિલરાય: આ જાહેર ખબર આપણે લઈશું ?

જયંતિકા: કેમ, એવું શું છે?

અનિલરાય: હું ધારું છું કે આપણે લેવી જોઇએ. જોકે લગ્નની જાહેરાત છે.....

જયંતિકા: શું?...

અનિલરાય: (જાહેર ખબર વાંચે છે) જોઇએ છે એક ભણેલી, ગણેલી, સુશીલ અને સૌન્દર્યવતી કન્યા. ૧૬ વર્ષની, અંગ્રેજી જાણનારી, ભરતગૂંથણ કરી શકે એવી, લલિતકલામાં રસ લેનારી અને પ્રેરણા પાનારી: એક વિધુરને ઉમર વર્ષ આશરે ૪૦. માસિક આવક ૩૦૦થી ૫૦૦ રૂપિયાની.....

જયંતિકા: આ જાહેરખબર લઇને કોણ આવ્યું છે?

અનિલરાય: એની મેં પૂછપરછ કરી નથી. પણ જાહેરખબરનો ભાવ નક્કી કરી દીધો છે.

જયંતિકા: કેમ, કંઇ એટલી ઉતાવળ?

અનિલરાય: એમને છાપેલા ભાવ ઉપરાંત પાંચ ટકા વધુ આપવામાં પણ વાંધો નથી..... અને એ ગૃહસ્થ આપણને કદાચ કામ લાગે એવા.....

જયન્તિકા: એમકે? પણ આ જાહેર ખબરમાં જોયું કે પુરુષ વિષે કશું જ જણાવ્યું નથી? શું એ માગે છે તે ગુણો એનામાં છે, કે પછી પોતાના પગાર વડે પૈસાથી પૂતળી ખરીદવા નીકળ્યા છે?

અનિલરાય: બા, એ હું કંઇ ન જાણું. આપણને કેમ ફાયદો થાય એ જોવાનું. હું તો સીધો છાપવા જ આપી દેતો હતો; પણ જ્યારે એ ગૃહસ્થે આપને મળવા માટે પણ માગણી કરી ત્યારે હું આવ્યો.

જયંતિકા: જોઇએ ત્યારે, એ ગૃહસ્થ પણ લલિત-કલામાં પારંગત હશેસ્તો. જોઇએ તો ખરાં, એ સુંદરી પાસે શક્તિ ને પ્રેરણાની આશા રાખતો પુરુષ કેવોક છે? (અનિલરાય જવા માંડે છે તેને) આ બ્હેનના નાસ્તા-પાણીની જરા વ્યવસ્થા કરજો. એ બીચારાં ભૂખ્યાં લાગે છે. પછીથી.....

અનિલરાય: (પેલી સ્ત્રીને) ચાલો, બ્હેન!

સ્ત્રી: ભગવાન તમારૂં ભલું કરો! પણ આ લોકો યે અત્યાર સુધી જે મળ્યાં છે તેમાનાં તો ન હોય? લાગતાં તો નથી—ના, ના. એમ તો નહિ. [જવા માંડે છે.]

જયતિકા: સુવર્ણા, એમની સાથે જાઓ. (સુવર્ણા જાય છે.) જો, જો! એ બાઈ કંઈક દુખીઆરી લાગે છે. છતાં એની આંખોમાં સૌજન્ય અને કાર્યશક્તિના ચમકાર દેખાય છે. કદાચ આપણને ઠીક કામ લાગી જાય..... પણ જરા ધ્યાન તો રાખજો જ.....

[અનિલરાય જાય છે. ઘડી પછી પાછા ઉતાવળથી એમને કંઇ નુકસાન થયું હોય એમ જરા ચીડાએલા જેવા આવે છે]

અનિલરાય: એ ગૃહસ્થ તો વાર લાગી એટલે ચાલ્યા ગયા... પણ આ કાર્ડ મૂકતા ગયા છે ને કહ્યું છે કે થોડી વાર રહી ફોન કરશે. (જાય છે.)

જયન્તિકા: ચાલો ઠીક થયું. (ઘડીઆળમાં જોતાં) કેટલા વાગ્યા? પેપર તૈયાર થયું?

[આ જ વખતે એક છોકરો અંક લઇ દાખલ થાય છે અને બહારથી પણ ફેરિયાની બૂમ સંભળાય છે. જયંતિકા જરા આરામથી અંકનાં પાનાં ફેરવે છે. સુવર્ણા આવે છે.]

જયંતિકા: પેલાં બ્હેનની શી વ્યવસ્થા કરી?

સુવર્ણા: એમને અત્યારે અત્યંત આરામની જરૂર છે. એમને એટલા આઘાત લાગ્યા લાગે છે કે કદાચ...

જયંતિકા: તો એ પ્રમાણે બધું કર્યું ને? કંઇ નહિ તો એક બ્હેનને સહાય કર્યાનું પુણ્ય તો મળશે.

આશા: હા; તો યે આપણું અને સંસ્થાનું સાર્થક.

સુવર્ણા: અને આ તો આપણને કેટલાં કામ લાગે એવાં છે!

જયંતિકા: તો તો વળી સોના કરતાં પીળું શું?

સુવર્ણા: પણ એમને વેઠવા પડેલાં દુઃખો (કંપે છે.)

[સુવર્ણા પોતાના ટેબલ પાસેની ખુરશી જયંતિકાના ટેબલ નજદીક લાવે છે. રંજન આવે છે. એને બધાં સ્મિતથી આવકાર આપે છે. એ બેસે છે. એનામાં જાણે વિદ્યુતની ચપળતા છે. એના તનમનાટમાં એ બેસતાંબેસતાં સ્મિત કરે છે; બેસીને પગ હલાવે છે; હાથ મસળે છે: જાણે કે કંઇ ભાંગવાફોડવામાં પણ એને આનંદ મળવાનો હોય. એના પોશાકમાં પણ એવી સ્વતંત્રતા દેખાય છે. અંગ્રેજી ફૅશનનું બાંયો વિનાનું, બ્લાઉઝ તે પર ચીપીચીપીને પહેરેલી પટોળાની સાડી, ફૂલથી ગૂંથેલી છૂટી વેણી, અને એ બધાને બાંધી લેતો ચાંદીનો કમરપટો: આભૂષણમાં માત્ર એટલું એ જ છે. હાથમાં પણ ફક્ત હાથીદાંતની પાતળી બંગડીઓ અને કાંડા ઘડીઆળ. બેસીને, ક્ષણેક રહીને, જયંતિકાના હાથમાંથી છાપું ખેંચતી]

રંજન: હવે તમારૂં છાપું પૂરૂં થયું કે નહિ? પેલા બિચારાં મિસીસ એસ.ને ઉઘાડાં પાડવાના પ્રયત્ન તમે છાના નથી રાખી શકવાના. કેમ, હવે શો ક્રમ છે?

જયંતિકા: આ એનું એ જ તો. જ્યારે ઇટલીમાં દા. મૉન્ટીસોરી નવી દૃષ્ટિએ શિક્ષણના નવા આદર્શ ધરે છે, જ્યારે માદામ હલીદા બે તુર્કીનું પુનર્વિધાન કરે છે, ત્યારે આપણી સ્ત્રી હજી એની એ જ છે. એ જ એનું ઘર—ગંદું અને અવ્યવસ્થિત; એ જ એનાં છોકરાંની વધતી જતી સંખ્યા—અર્ધ પોષેલ અને અણવિકસેલ: અને એ જ એની ભાવના—પતિ કમાય, ગમે તેમ કરીને પૈસો લાવે ને એના પર લાદે, એને ઢીંગલીની જેમ રમાડે ને શણગારે . . .

રંજન: (હસતી હસતી) ત્યારે તમારે વળી બીજું શું કરાવવું છે?

આશા: અને એમાં એટલું બધું ખોટું યે શું છે? જે રીતે સંસારમાં હિંદુ બાળા જીવે છે તેવી કોઈ મને બતાવશો? આપણા આદર્શો કેટલા ભવ્ય છે?—એ પાંચાલી, સીતા, સાવિત્રી . . . .

જયંતિકા: હા, ખરી વાત; આપણી પાંચાલી ભવ્ય છે, ઉદાત્ત છે, સુંદર છે; પણ જ્યાં સુધી મચ્છ વીંધે એવો નર ના મળે ત્યાં સુધી એ કુમારી છે; અને પછી પણ એ ભારતની પ્રેરણા થઇ રહી છે—આજ સૈકાઓ થયાં. આજે ક્યાં છે—એવા પુરુષ ને એવી સ્ત્રી?

રંજન: એટલે જ અમે માનીએ છીએ કે એના કરતાં તો કુંવારાં રહેવું સારૂં . . . .

આશા: અને પછી? . . . .

જયંતિકા: પછી શું? આપણે ત્યાં જેને ઘરની જંજાળ નથી તેને માટે ક્યાં ઓછું કામ છે? આપણી આ નિરક્ષર બહેનો, આપણી આ કચડાતી અને કેટલીક કંઇક ત્રાસે પ્રાઇમસનો અકસ્માત ભોગવતી, કુમળી કળી જેવી ગુજરાતણો, આ રગશીઆં ગાડાં જેવાં, સત્વર નાશ કરવો જોઇએ એવાં સંસારનાં ઘરો, આ માયકાંગલાં શરીરો અને તેનાં બાળકો શાપરૂપ થઇ પડે એવાં . . .

આશા: એ બધાંનું શું?

સુવર્ણા: કેમ, હજી તો ઘણું ય છે! આપણા હક્ક, આપણી આર્થિક પરતંત્રતા, આપણી કેળવણી . . .

આશા: તે માટે તો જયંતિકાબહેન કાઉન્સિલમાં જનાર છે.

જયતિકા: એ તો હું કદાચ અત્યારના સંજોગોમાં માંડી વાળું. પણ એથી દળદર શું ફીટે એમ છે? કાઉન્સિલમાં એક સ્ત્રી સભ્ય જાય કે થોડી વધુ સ્ત્રીઓ મત આપી શકે તો યે શું? એ તો તમે પાંચાલીની જેમ વ્રત લ્યો ત્યારે જ તો . . . .

[ફોન આવે છે; સુવર્ણા તે લે છે]

સુવર્ણા: કોણ? . . . હં . . . મિ. . . . હા, . . . જયંતિકાબહેનનું કામ છે? બોલાવું. લ્યો, આ પેલા સદ્‌ગૃહસ્થનો ફોન છે. [રીસીવર જયંતિકાને આપતી]

જયંતિકા: જુઓ આ એક પરણવાની જાહેરખબર આપનાર ગૃહસ્થનો ફોન છે.

સુવર્ણા: આ રહી એમની જાહેરખબર.

રંજન: એને બનાવતાં નહિ હં. જોજે હવે પછી એ આવું કહે તો . . . [હસે છે.]

જયંતિકા: બોલાઉ . . . હલ્લો . . . હા. તમારી જાહેરખબર જોઇ . . . હં . . . હવે આપ શું કહો છો? . . . હા . . . આપને વિષે મારે કંઇક કરવું . . . હં. અને એ માટે . . . હં, લંબાણથી રૂબરૂમાં . . . એમ કે? . . . . હા, પણ જરા મારૂં સાંભળશો? . . . આપને કેવી સ્ત્રી જોઇએ? . . . તમારે લલિતકલામાં રસ લેતી સ્ત્રી જોઈએ છે, નહિ? . . . તો આપ કઇ કલામાં રસ લો છો? . . . સાહિત્યમાં? હાં. . . . આપે કયા કયા કવિનો અભ્યાસ કર્યો છે? . . . . અને આપ વિધુર છો, ખરૂં? . . . આપ ફરી પરણવા તૈયાર થયા છો. તો આપ એક સ્ત્રીને પણ ફરીથી પરણવા દેશોને? . . . (ફોનની બહાર) Damn it . . . . (સુવર્ણાને) સુવર્ણા, નોંધ લો છો કે? (સુવર્ણા તરફ નજર કરે છે, પછી ફોન પર વાત કરે છે.) હં . . . ખરૂં . . . આપ સ્ત્રીના સમાન હક્કમાં માનો છો, છતાં આપની આવકની વાતો કરી પરણવા માગો છો? કેવું નાલાયક? . . . (રંજન હસે છે.) હા, ભલે અમે જાહેરખબર એક વખત છાપીશું. ઑર્ડર લખી મોકલજો . . . . ના, ના. અમારે કશું નહિ જોઇએ . . . . લખીશ પણ ખરી . . . . એ તો અમારૂં કામ છે . . . સાહેબજી. સુવર્ણા, અગ્રલેખ સાથે આમની નોંધ તૈયાર કરજો. કાલે એમની જાહેરખબર સાથે મૂકવા માટે! (ઘંટડી વગાડે છે.) અનિલભાઇ! અનિલભાઇ! (અનિલરાય આવે છે.) આ જાહેરખબર પર સહી લઈ આવજો. એના પર લખવું એમ પણ એમની પાસે કાગળ લેજો. પણ જોજો, પૈસા કંઇ જ લેવાના નથી.

અનિલરાય: એ મારાથી નહિ થાય! પૈસા વિના—

જયંતિકા: (વાત વાળી લેતાં) પણ આ તો સાથે લખવાનું છે ને? અને એ વિષે ફોન પર વાત પણ થઇ ગઇ છે . . . જોયું? બ્હેનો, આ . . .

[સાગરિકા, યમુના, નીમા આવે છે.]

સાગરિકા: આપણો કાર્યક્રમ ઘડચો?

રંજન: તો તમે લોકો મોડાં કેમ થયાં? આમ જ આપણે કામ કરવાનાં?

સુવર્ણા: અમે એ જ કરીએ છીએ?

રંજન: અને એમાં તમારી જ ખોટ હતી.

જયંતિકા: હવે આપણે બીજી બાજુ જોઇએ. આપણી ગરીબ સ્ત્રીઓ, કારખાનાંમાં કામ કરતી, શેરીએ ફેરી ફરતી, મૂઠી ધાન માટે ટળવળતી, જેને

રાત ખૂટે તોય કામ ન ખૂટે

અને જ્યાં

લાખો નાર ગલીએ ગલીએ ફરતી,
લથડી લથડી ડગલાં ભરતી
સારી રાત ભૂખી મજૂરી કરતી;

અને છતાં જેને લાગે છે

રામજી, કાં રોટલા મોંઘા?
લોહી માંસ આટલાં સોંઘાં!

નીમા: અમે એ માટે જ્ઞાન મેળવીશું, શરીર કસીશું, દુ:ખ સહીશું. . . .

યમુના: સંસારનાં સુખોને પણ જતાં કરીશું.

રંજન: ના બા, આપણાથી એ નહિ થાય. આપણે તો, ઢીંગલી બનાવનારને બૉય Boy બનાવવાનો હોય, મારો ભાગ નહિ આપનારની મિલકત સમાજવાદ પ્રમાણે વહેંચવાની હોય, જો પતિરાજ સ્ત્રીને મારતા હોય તો મારનારના હાથમાં વાગે એવું સ્ત્રીનું શરીર નક્કર કરવાનું હોય, સ્ટવના અકસ્માતની વાટ જોવી પડતી હોય તેને એ વિના છુટાછેડા કરી અપાવવાના હોય તો તૈયાર!

આશા: આવું તે શું બોલતી હશે? સ્ત્રીને તે આ શોભે? એને બદલે જ્યાંત્યાં સુંદરતા અને શાંતિ પ્રસારવાની હોય, દુ:ખીને, રોગીને, રડતાંને આપણાં સ્મિતે હસતાં કરવાનાં હોય, કલહને સ્થાને સંગીત સંભળાતું કરવાનું હોય, ઘેરઘેર ગૃહસ્થાશ્રમ ફોરમ ફોરતી ફુલવાડી શા બનાવવાના હોય . . . અને એ આ બધી છોકરીઓ કરે તો સંસારમાં સ્વર્ગ ના ઊતરે?

રંજન: સંસારમાં સ્વર્ગ ઊતરે તો પછી સંસાર જ ક્યાં રહેવાનો? (હસે છે) અને આપણે એવા તૈયાર ખાનાર દેવોની, parasitesની જરૂર નથી. (ફોન આવે છે. જયંતિકા રીસીવર લે છે.) હં . . . અનિલરાયને મોકલું? . . . હું આવું? . . . કામમાં છું. થોડીવારમાં આવી પહોંચીશ.

[કંઇ લખે છે.]

આશા: આ છોકરી કેવી થતી જાય છે! આજે આમ વાત કરતી આ નવી સ્ત્રી પોતાની મૃદુતા છોડશે. અને પુરુષોનાં લક્ષણો તરફ ધસતી ન રહે ઘરની કે ઘાટની એમ તો નહિ બને?

યમુના: એમ બને તો યે શું? આમ કચડાતાં રહેવું એ કરતાં એ શું ખોટું?

જયંતિકા: મને લાગે છે, આશાબ્હેન, તમારી બીક સાચી નહિ પડે. નવા યુગની સ્ત્રી પરતંત્ર નહિ રહે, છતાં સ્વચ્છંદી પણ નહિ બને; એ સુંદરતા કેળવશે, પણ વસ્ત્રાભૂષણોથી લદાએલી પૂતળી બનવાની એ સાફ ના પાડશે; એ કુટુંબને છોડશે નહિ, છતાં ઘરની ચાર દીવાલોમાં પુરાઇ નહિ રહે; એ જીવનસમરાંગણોમાં ઘૂમશે—પુરુષોની સાથે એ સમાનતા કેળવશે અને સમાનતા માગશે પુરુષોની બરાબર: એકેય કામમાં એ પુરુષથી પાછળ નહિ રહે: શું રાજપ્રકરણ કે સમાજ-શાસ્ત્ર: એ શાસન પણ કરશે, લશ્કરમાં જોડાશે ને અધિકાર ભોગવશે: પોતાના હાથમાં રાજ્યોનાં સૂત્રો રાખશે—એ ખરેખરી શક્તિ થઇ રહેશે.

સાગરિકા: આ બધું કેમ થશે?

રંજન: નહિ કેમ થાય?—રે એ શક્તિની આડે આવનારનો સંહાર પણ કરશે. એ માટે આજે સ્ત્રી ઘરકૂકડી છે તે નહિ રહે; એની મરજીમાં આવશે ત્યાં ફરશે ને કૌમાર જાળવશે; એને જરૂર જણાશે તો આજીવન સરસ્વતીની જેમ સંસારની શૃંખલા પણ નહિ સ્વીકારે; અને છતાં પ્રજા સમક્ષ નવા આદર્શો મૂકશે, જીવશે ને જીવાડશે. એ પોતાનું જ મનોરાજ્ય ગોઠવશે —પુરુષથી જૂદું, નિર્મળ અને સ્વતંત્ર. એ કદાચ લડશે, આથડશે, પડશે, પરાજય પામશે; પણ વિજય તો મેળવશે જ. અને સ્થાપિત કરશે શક્તિનાં સામ્રાજ્ય.

આશા: પણ જયંતિકાબ્હેન! આ ચિત્ર અધૂરૂં નથી લાગતું? આર્ય સંસારમાં સ્ત્રી ક્યારે શક્તિ નહોતી? પાંચાલીની પ્રેરણાથી મહાભારત મંડાયું, સીતાની શક્તિ

માટે નારાયણુ સમા રામ વનેવન ભમ્યા, ગાર્ગી અને સરસ્વતીને બ્રહ્મસમાજ વંદન વંદતો અને છતાં—એ સ્વીકારવા છતાં આપણું સુંદરીત્વ સચવાયું છે. જે કોમળ નથી, સુંદર નથી તે સ્ત્રી નથી. જેનાં સ્મિતથી ઘરના ખૂણેખૂણા અજવાળાતા નથી એ સ્ત્રી નથી; અને એ રીતે જે પતિને, ભાઇને. પુત્રને પ્રેરણા પાઇને નવીન સર્જનો સર્જાવે છે, એના વિજયપ્રસ્થાનમાં સાથે ઊભી રહે છે, પરાજયમાં એના ઘા ધૂએ છે ને નવીન બળ આપે છે, છતાં એની સ્વતંત્રતા જાળવે છે તે જ સુંદરીસંઘને શોભાવે છે. તમારો તો નર્યો વાદ છે. (ચેતવણી આપતી હોય એવી ચેષ્ટા કરીને) એવા અખતરા કરવા જતાં આપણે આપણાપણું ખોઇ ન બેસીએ એ જાળવજો.

યમુના: આ કરતાં તો એ થાય તે યે સારૂં. એટલી તો પ્રગતિને?

આશા: તમને ખબર છે? એક જ વસ્તુ જાળવવા જેવી છે સૌકોઇને,—અને તે 'સ્વ ત્વ'.

સાગરિકા–નીમા: એટલે?

રંજન: (મશ્કરી કરતી) એટલે તમારો પેલો જૂનો આદર્શ, कार्येषु मन्त्री. . . . करणेषु दासी . . . .

સુવર્ણા: કેમ આખો શ્લોક બોલ્યાં નહિ?

[રંજન આંખનો ઇસારો કરે છે ને સામસામાં બંને સ્મિત કરે છે. એ હાસ્ય મંડળ પર ફરકવા માંડે છે]

યમુના: અશક્ય! ક્યાં એ જૂના ઘુંઘટમાં અધૂરાપણું સંતાડતી હોય એવી અપૂર્ણ સ્ત્રી, ને ક્યાં આ નવી ખીલતી શક્તિ! The New Woman એ ખરૂં સ્ત્રીત્વ—એ આપણું સ્વત્વ.

જયંતિકા: એમ નહિ. એ આદર્શ કાંઇ જેવોતેવો નથી. અને જે'ને (ભૂતકાલ નથી તેને તો નવી કલ્પનાના સરકણા પથ પર ચાલવાનું છે. આપણી પાસે આદર્શ છે–

નીમા: (જરા વધુ ગંભીરતાથી, ઊંચે જોઇ, આભમાં કાંઇ અદીઠ દેખતી હોય તેમ ધીમેધીમે) તો એ આદર્શને નવા વાઘા સજાવ્યા હોય તો?––હવે પછીના યુગના, આવતા વેગભર્યા જ્વલંત યુગન —

આશા: અને સંસાર કંઇ એકલી સ્ત્રી કે એકલા પુરુષોથી નથી નભતો. ભાવિ યુગના ઘડતરમાં બંનેની જરૂર છે: ભવ્ય પુરુષ અને સ્ત્રીની શક્તિની. એ બંને સાથેસાથ હાથમાં હાથ રાખીને સૃષ્ટિમાં નંદનવન સરજશે.

યમુના: પણ પુરુષની વાત જ ક્યાં? આપણો સંઘ તો કૌમારવ્રતીઓનો ને?

રંજન: (મશ્કરી કરતી) હા, પણ પછી આ અ. સૌ. આશા બહેનનું શું થશે? (હસે છે.) પતિવિહોણાં બીચારાં . . . . (જાણે સાચે જ કાંઇ દુ:ખ આવી પડ્યું હોય એમ મોં બગાડી નાખે છે ને પછીથી હસી પડે છે.)

[ફોન આવે છે. જયંતિકા તે લે છે. બહારથી મોટરનું ભૂંગળું સંભળાય છે. તેના અવાજમાં ફોન પરની વાત સંભળાતી નથી; પણ એ તરત રીસીવર મૂકી ઊભી થાય છે ને સુવર્ણા સામે જુએ છે. સુવર્ણા ઘડીઆળ જોઇ તૈયાર થાય છે.]

જયંતિકા: ત્યારે આપણાંમાંથી આ વ્રત કોણ લેશે?

સાગરિકા–યમુના–નીમા: Of course we all–અલબત્ત, આપણે બધાં.

જયંતિકા: રંજન, તમે એ ઘડશો? આપણે આવતી કાલે એ લઇશું.

છોકરો: (પ્રવેશીને) મોટર આવી છે.

રંજન: (આભમાં કંઇ સ્વપ્ન જોતી હોય એમ) આપણે એ વ્રત લઇશું ત્યારે તો આપણે ત્યાં સુવર્ણ યુગનાં પગલાં સંભળાવા માંડશે, નહિ?

[ઝીણીઝીણી ઘંટડી વાગે છે; ધીમાંધીમાં એ ઘંટડી સાથે સંવાદ સાંધતાં પગલાં પડતાં સંભળાય છે. પડદો પડે છે ત્યાંસુધી]

[જયંતિકા, સુવર્ણા જવા માંડે છે.]


રંજન: ચાલો, આપણે બધાં સાથે જ, મારી કારમાં એ વ્રત તૈયાર કરીએ.

[દૂરથી રૂપેરી ઘંટડી હજી ઝીણીઝીણી સંભળાય છે, ને એ સાથ સંવાદ સાંધતાં પગલાં . . . . . .]

શારદાપ્રસાદ વર્મા



(ભજવવા ઇચ્છનારે લેખકને 'કુમાર'ને સરનામે ખબર આપવી)



પૂંછડેથી શેળાએ
પકડેલો સાપ
ચિત્રકાર • રવિશંકર પંડિત

સાપ વિષે તમે ન જાણતા હો એવું થોડુંક પ્રકીર્ણ

ગયા અંકમાં સર્પો વિષે 'પ્રકરણ' રચતાં 'પુરાણ' રચાઇ ગયું. હવે રહ્યું એનું 'પરિશિષ્ટ'.

લોકો માને છે કે સાપની ત્વચા તેલ કે ગુંદર જેવી ચીકણી હોય છે. આ વાત સાચી નથી. સાપનું શરીર સુંવાળું હોય છે; ચીકણું નહિ. પણ આ સુંવાળાપણું—શરીર પરની ભીંગડાવાળી ચામડીને લીધે—કાચ જેવું લીસું નથી હોતું.

સાપની જીભ કેવળ સ્પર્શ અને શ્રવણ પુરતા ઉપયોગની છે. એનાથી એ નથી સ્વાદ લઇ શકતો કે નથી બોલી શકતો. એ જીભથી નથી પાણી પીવાતું કે નથી કંઈ ચાટી શકાતું—જેમ આપણે મધ જેવા પદાર્થો ચાટવામાં જીભનો ઉપયોગ કરીએ છીએ તેમ.

આ જીભ મોંમાં, આપણી જીભ રહે છે તેમ, છૂટી નથી રહેતી. પણ નીચેના જડબામાં એક કોથળી હોય છે તેમાં રહે છે; જેથી દંશ મારતી વખતે જીભ વચ્ચે આડી ન આવે.

આપણી પેઠે અગર અન્ય પશુપંખી પેઠે સાપ બોલી શકતો નથી. અર્થાત્ એને કોઇ પણ પ્રકારની વાણી નથી. માત્ર ફેફસાંમાં પુષ્કળ હવા ભરીને એકદમ બહાર કાઢીને સુસવાટા જેવો અવાજ કરી શકે છે.

સાપ દંશ દેતી વખતે 'છલગ' મારે છે; આનો અર્થ એટલો જ કે એ શરીરના આગલા ભાગને થોડોક પાછો ખેંચી, કમાનની પેઠે જોરથી આગળ ફેંકે છે. પણ 'કૂદકો' મારી શકતો નથી; અર્થાત્ જેમ હરણ કૂદે તેમ એકી વખતે આખું શરીર જમીન પરથી અધ્ધર ઉચકી શકતો નથી. એક ઝાડથી બીજે ઝાડ ઊડતા સાપની વાત જુદી છે.

સાપ એના શરીરના વ્યાસ કરતાં અનેકગણું મોટું પ્રાણી ગળી શકે છે તે એનાં જડબાંની વિશિષ્ટ રચનાને લીધે જ. સાપના જેવું વિવિધ ક્રિયા કરી શકે તેવું જડબાંનું જોડકું, જીવાત–insects સિવાય અન્ય જીવોમાં જોવામાં આવતું નથી.

સામાન્ય રીતે પ્રાણીઓનાં બંને જડબાં (૧) હાડકાંના યંત્રથી જોડાએલાં હોય છે, (૨) અખંડ એક જ હાડકાનાં બનેલાં હોય છે (૩) ઉપરનું જડબું નિશ્ચલ–નિષ્ક્રિય હોઇ, માત્ર નીચેના જડબાને જ હલાવી શકાય છે. (જેઓ દાક્તર ગોલ્ડસ્મિથની પેઠે ઉપલું જડબું હલાવી શકવાનો આગ્રહ ધરાવતા હોય તે મહાનુભાવોની વાત અહીં નથી.)

હવે સાપની વાત જુઓ. પ્રથમ તો એના ઉપર-નીચેનાં જડબાં હાડકાના યંત્રથી નહિ પણ ligament સ્નાયુ-અંશથી જોડાએલાં છે. તેમજ ઉપરનું જડબું તે ઊંચુંનીચું કરી શકે છે તેથી એ ભયંકર કંદરા જેવું વિશાળ મોં ફાડી શકે છે.

બીજું, એનાં નીચેના જડબાનું હાડકું અખંડ નથી પણ દાઢી આગળથી નરમ છે; અર્થાત્ એના ડાબા ને જમણા પડખાનાં બંને હાડકાં દાઢીની જગ્યાએ નરમ હાડકા cartilageથી જોડાયાં છે. આ cartilage રબર જેવો મુલાયમ હોવાથી પેલાં બંને હાડકાં દાઢીથી પહોળાં થઈ શકે છે, તેવી જ રીતે આઘાં પાછાં અર્થાત્ બંને ભિન્નભિન્ન દિશામાં આગળ અને પાછળ સ્વતંત્ર રીતે ખેંચી શકાય છે. (આ વિશિષ્ટતાને લીધે સરીસૃપ વર્ગમાં, ઘોવંશ—જેનું નીચેનું જડબું અખંડ છે—થી સર્પવંશ જુદો પડે છે). આ પ્રકારના નીચેના જડબાથી પણ એને દીર્ઘકાય પ્રાણીને મોંમાં સમાવતાં સરળતા પડે છે. પણ આ વિશિષ્ટતાનો પ્રધાન ઉપયોગ તો એ ગળવાની ક્રિયા પરત્વે કરે છે. આપણને હાથ છે અને જીભ છે, એટલે કોઇ પણ વસ્તુને પેટમાં ઉતારવા ગળતી વખતે પ્રધાનતયા જીભનો અને ગૌણતયા હાથનો આધાર લેવો પડે છે. જીભ ન હોય તો મોં પહોળું કરીને હાથથી ગળામાં કંઇક ઠેલીએ તો જ ગળી શકાય. હવે, સાપને ગળવામાં સહાય આપે તેવી જીભ નથી. હાથપગ તો હોય જ શાના ? ત્યારે સાપ ભલભલાં પ્રાણીઓને ગળી શકે છે શી રીતે? એના નીચેના જડબાનાં આગળપાછળ જઇ શકે તેવાં

'વનવગડાનાં વાસી' વાળી લેખમાળાના ગયા અંકમાંના લેખની પૂર્તિ

ડાબાંજમણાં અસ્થિદ્વયથી જ. જરા વધુ સ્પષ્ટ કરીએ.

આપણે જોઇ ગયા તે અને બીજા સર્પોને નીચેના જડબામાં બને બાજુ તીણા ઝીણા દાંત આવેલા છે. આ દાંત ભાંગી જાય અગર પડી જાય ત્યારે તેમનું સ્થાન લેવા બીજા ફાલતું દાંત ગલોફામાં ચામડીના પડ ઓઠે ઢંકાએલા રહે છે. આ બધા દાંત સીધા નથી હોતા પણ ગળા તરફ આંકડાની પેઠે વળેલા હોય છે—જેમ કંથેર કે બોરડીનો કાંટો વાંકો હોય છે તેવી રીતે. હવે સાપ જ્યારે કોઇ પ્રાણીને ગળવા પકડે ત્યારે એના નીચેના જડબાની એક બાજુનું હાડકું પેલા આંકડિયા દાંતથી તે પ્રાણીને પકડે અને ગળા તરફ ખેંચે. તે વખતે બીજી બાજુનું હાડકું સ્વતંત્રપણે ઉલટી જ દિશામાં એટલે શિકારની પૂંછડી તરફ (કારણ સામાન્ય રીતે સાપ શિકારના મોં તરફથી જ ગળવાનું શરૂ કરે છે) ખેંચાય. જેવી પહેલી બાજુના હાડકાની ગતિની હદ આવે અને શિકાર ગળાતો અટકે કે તરત આ બીજું હાડકું વાંકાડયા દાંતથી શિકારને પકડીને ગળા તરફ ધકેલે અને પહેલું હાડકું છૂટું થઇ વળી શિકારની પૂંછડી તરફ ઉલટી દિશામાં જાય. આમ વારાફરતી નીચેના જડબાનાં બંને બાજુનાં હાડકાં એકબીજાથી ઉલટી દિશામાં આવજા કરીને આખો શિકાર ગળી જવામાં મદદ કરે છે. વળી એમાંના દાંત વાંકા, તેથી ગળા તરફ ખેંચનાં તે આંકડાની ગરજ સારે, પણ સામી દિશામાં જતાં આપોઆપ છૂટા પડી જાય અને આ રીતે આખું પ્રાણી સરળતાથી ગળી શકાય.

પણ આ રીતે તો સાપનું આખું ગળું રૂંધાઇ જવાથી એ શ્વાસ ન લઇ શકે અને ગુંગળાઇ મરે. આમ બનતું નથી તેનું કારણ પણ તેના નીચેના જડબાની વિશિષ્ટ રચના જ છે. જ્યારે સાપ શિકાર ગળવા માંડે છે ત્યારે પોતાની શ્વાસનળીને ગળામાંથી ખેંચીને મોંમાં લાવે છે અને નીચેના જડબાનાં હાડકાં જ્યાં છૂટાં હોય છે, ત્યાં દાઢી આગળના પોલાણમાં શ્વાસનળીનું મોં ગોઠવી દે છે. પછી ઉપરથી શિકાર ગળાતો જાય અને સાથેસાથે શિકાર નીચે શ્વાસનળીથી શ્વાસ પણ લેતો જાય. આમ કલાકો સુધી ચાલ્યા કરે તો પણ ગુંગળાવાની ધાસ્તી જ નહિ. કેટલું અદ્ભુત મુખયંત્ર!

નાગના વર્ગના સાપોના ઉપલા જડબામાં વિષ-દંષ્ટ્રા સખત જડાએલી હોવાથી હાલી શકતી નથી. તેથી સાપ મ્હોં બંધ કરે તોપણ તે ટટાર ઊભી જ રહે છે. જ્યારે viper (ખડચીતળા)ના વર્ગના સર્પોના ઉપલા જડબાનાં હાડકાં હાલી શકતાં હોવાથી તેમાં જડેલી દંષ્ટ્રા પણ હાલી શકે છે. જેને લીધે સાપ મોં બંધ કરે તે વખતે આ દાંત આપોઆપ વાંકા વળી તાળવા સરસા જડાઈ જાય છે.

સાપને ઝાઝી ભૂખ લાગતી નથી. ઘણી વાર અજગર જેવા તો બારબાર મહિનાની લાંઘણ ખેંચી કાઢે છે.

એને સ્વાદનું ભાન નથી, એટલે જે આવ્યું તે આંખો મીંચી આરોગવા માંડે છે. પછી ભલેને એ લાકડાનો દંડો કે પાથરવાનો કામળો હોય: ગળ્યે જ જાય. પેટમાં જાય, પચે નહિ અને પથરા માફક ભારે ભારે લાગે ત્યારે ભાન આવે કે આ તો બન્યા! એટલે પછી ઓકી કાઢે.

ખોરાકમાં એ જેવી તટસ્થતા સેવે છે તેવી પાણી પીવામાં નથી સેવતો. સાપને પાણી પીવું ખૂબ ગમે. પરંતુ તે જીભથી લપલપ કરતો નથી, પણ મોંમાં લઇને ગળી જાય છે.

સાપની આંખોની તારા પણ વિચિત્ર હોય છે. દિવસે રખડનાર સાપ હોય તો તે ગોળ હોય છે. મોટેભાગે નક્તંચર હોય તો તે ઊભી કે આડી.

સાપનું લોહી ઠંડું હોવાથી શિયાળાની ટાઢ એનાથી ખમાતી નથી. તેથી આખો વખત એ તંદ્રાવસ્થામાં ઘણે ભાગે નિશ્ચેત પડી રહે છે. આવે વખતે એ ખાતોપીતો નથી અને કેવળ નિષ્ક્રિય હોય છે. એ દશામાં એને છંછેડવો એ મોતની સાથે રમવા જેવું છે. કેમકે ગમે તેવો સ્વભાવે શાંત સાપ પણ આ તંદ્રાવસ્થાની દશામાં વિકરાળ બની જાય છે. ટાઢ ઓછી થાય ને ગરમી પડવા માંડે ત્યારે એ બહાર નીકળે છે. એ વેળા એ અત્યંત ક્ષીણશક્તિ ને દુર્બળ બની ગયો હોય છે.

જેમ ઋતુ પરત્વે સાબરનાં શીંગડાં ખરી પડે, પક્ષીઓનાં પીછાં, પ્રાણીઓના વાળ, ઝાડનાં પાંદડાં ખરી જાય, માણસના શરીર પરની ચામડી પણ જતી રહી નવી આવે—તે જ પ્રમાણે સાપની ખાલ પણ ઊતરી જાય છે. આને સાપની 'કાંચળી' કહીએ છીએ. વાસ્તવિક તો એ સાપના શરીરની જીર્ણ ત્વચા જ છે. આવી જૂની થએલી ચામડી દરેક સર્પ અવારનવાર કાઢી નાખે છે. કોઇ મહિને દહાડે તો કોઇ બે મહિને બદલે.

કેટલાક વધારે વખત પણ ચલાવી લે. જેમકે કાળોતરાને દર મહિને નવી ચામડી આવે. નાગની બે મહિને બદલાય. ધામણ દર મહિને અને અજગર ત્રણ મહિને બદલે. નવી ચામડી આવે તે થોડોક સમય ખુબ ચળકાટ મારતી, આછા રંગની તથા આળી હોય છે. પછી બહારની હવા તથા ગરમી લાગે એટલે જરઠ બને છે.

નકામી થએલી ચામડીને શરૂઆતમાં હોઠ આગળથી તે છૂટી કરે. પછી મોંના સ્નાયુઓ હલાવીને નાક ઉપર ચડાવી દે અને મોં બહાર કાઢે. ધીમે ધીમે ચામડી શરીર પર ઉથલાવતો જાય અને બહાર નીકળતો જાય. આપણને જે 'કાંચળી' મળી આવે છે તેનો બહારનો ભાગ વાસ્તવિક તો સાપની ચામડીનો અંદરનો ભાગ જ હોય છે. આવી રીતે ઉથલાવ્યા સિવાય ચામડી નીકળી શકતી નથી. કેટલાક સાપને આમ ઉથલાવતાં ઘણો જ ત્રાસ થાય છે, તેથી સંગ્રહસ્થાનોમા તો રખેવાળ જાતે તેને કાંચળી ઉતારવામાં મદદ કરે છે. ચામડી બદલ્યા પછી સાપ તત્કાળ તો ઢીલો અને આળસુ હોય છે.

જેને આપણે 'ભીંગડાં' કહીએ છીએ, તે ખરેખરાં 'ભીંગડાં' એટલે પક્ષીના પગે કે માછલીના શરીર પર હોય છે તેવાં ચામડીથી ભિન્ન પણ તેની સાથે ચોટેલાં 'હાડકાનાં ચકતાં' નથી. પણ સાપના શરીરની ચામડી જ છે; એટલે કે 'ભીંગડાં' એ ચામડીમાં પડેલી વિશિષ્ટ આકૃતિઓ છેઃ જેમ હાથીની કે ગેંડાની ચામડી જાડી ગોદડી જેવી થઇ ગઇ હોય છે, તેમ. સાપના પેટ પરનાં 'ભીંગડાં' પીઠ પરનાં ભીંગડાંથી તદ્દન ભિન્ન પ્રકારનાં—'ચકતાં' જેવાં હોય છે. આ પેટ પરનાં 'ચકતાં' સાપની ગતિનાં ઉત્પાદક છે.

વિષગ્રન્થી—ઝેરની કોથળી ખરી રીતે તો 'વાદળી' spongeના જેવી હોય છે—કાગળના પરબીડીઆ જેવી પોલી નહિ. આ ગ્રન્થી ઉપરના જડબાની દરેક બાજુ એક એક, એટલે કુલ બે દંષ્ટ્રાની બે કોથળી હોય છે.

વિષનો રંગ આછો પીળો—ફિક્કાશ પડતો—સૂકા ઘાસના રંગે હોય છે. સ્વાદમાં તુરો ને સહેજ તીખો.

જે જાતના સર્પના વિષનો પ્રતિકાર કરવાનો હોય તે જ જાતના સર્પના વિષમાંથી બનાવેલું એન્ટીવેનીન જ સફળ નીવડે છે. તેથી દંશ થતાં વેંત જ કરડનાર સાપને ઓળખવો અનિવાર્ય છે. આ દવા બનાવવાની રીતઃ પ્રથમ તો કાચના પવાલામાં સાપને 'દોહી' વિષ એકઠું કરવામાં આવે છે. પછી પિચકારીથી પ્રયોગ અર્થે રાખેલા નીરોગી ઘોડાના શરીરમાં, શરૂઆતમાં અત્યંત અલ્પ પ્રમાણમાં અને પછી ધીમે ધીમે વધારીને, દાખલ કરવામાં આવે છે. ઘોડાના શરીરમાં પૂરતું ઝેર દાખલ કર્યા પછી એની નસમાંથી લાલ લોહી ખેંચી લઇને તેમાંના શ્વેત અણુઓ છુટા પાડી, શુદ્ધ કરી, તેમાંથી એન્ટીવેનીન બનાવવામાં આવે છે. આવા 'ઝેરી' ઘોડાઓનું બચકું પણ પ્રાણઘાતક નીવડે છે. ઝેરની અસરથી આ ઘોડા ઝાઝું જીવતા નથી.

દંશની જગ્યાએ ઘસવા પોટાશ્યમ પરમૅંગેનેટ ન મળે તો બ્લીચિંગ પાઉડર ઘસવાથી પણ અસર થાય છે.

મનુષ્યેતર પ્રાણીઓમાં સાપનો ભય વાંદરાં માંકડાંને સૌથી વિશેષ લાગે છે. બીજાં પ્રાણીઓ સાપને જોવા છતાં બીતાં નથી અને સામાન્ય રીતે એની ઉપેક્ષા કરે છે. વાંદરાં માંકડાંને વાઘ ચિત્તાની બીક પણ ભારે હોય છે. તેથી આમાંના કોઇને પણ જોતાં તે કીકિયારી કરી કૂદાકૂદ કરી મૂકે છે, જેથી બાજાં પ્રાણીઓ ચેતી જાય છે. એમના આ સ્વભાવથી એમને જંગલના 'રખેવાળ' કહી શકાય.

કાળોતરો અત્યંત ભયંકર સર્પ હોવાથી એને પિછાનવામાં ખૂબ સાવધ રહેવાની જરૂર છે. તેની સફેદ 'કમાનો' પર જ વિશ્વાસ ન રાખતાં બીજી એક વિશિષ્ટ સંજ્ઞા ધ્યાનમાં લેવી જોઇએ; અને તે કાળોતરાના શરીર ઉપર, પીઠની વચ્ચોવચ, માથા પાછળથી ઠેઠ પૂંછડી સુધી પહોંચતી, મોટાં 'ષટ્કોણ' ભીંગડાંની હાર. એક પાછળ એક—એમ ગોઠવાએલાં આ 'ષટ્કોણ' ભીંગડાં એમની આસપાસનાં બીજાં ભીંગડાથી તદ્દન જુદા આકારનાં અને મોટાં હોવાથી, સહજ ધ્યાન દઇને જોતાં તરત નજરે તરી આવે છે. આ વિશિષ્ટ સંજ્ઞાથી કાળોતરો ઓળખાઇ જાય છે.

કેટલાક નાગ કરડવા ઉપરાંત ઝેરની પિચકારી મારીને પણ ઇજા કરી શકે છે. આવી ટેવ માટે સૌથી વધારે પ્રખ્યાત તો આફ્રિકાનો રિંઘાલ (Ringhal) સર્પ છે. એ પોતાનું ઝેર દસ બાર ફુટ સુધી ફેંકી શકે છે. એ આંખમાં પડવાથી આંખ ખૂબ દુઃખી આવે છે. કેટલીક વખત અંધાપો પણ આવે છે.

નદીમાં જોવામાં આવતાં 'ડેંડાં' નિર્દોષ સર્પ જાતિ છે.

આંધળી ચાકળણ અજગરના વર્ગનો સર્પ છે.

'વનેચર'



જેમાં સુસંહત શરીરની ઝંખનાથી વ્યાયામની ઉપાસના
કરનારા યુવાનો પરસ્પર અનુભવની આપલે કરે છે.

અખાડો



નિરીક્ષક
શ્રી હરિનારાયણ આચાર્ય

વ્યાયામ વિષે આજે અનેક ભ્રમાત્મક વિચારો પ્રવર્તે છે. એક તરફ આપણે પ્રજાજીવન ઘડવાના, ધનગર્જના સમા તડાકા સાંભળીએ છીએ અને બીજી તરફ, કહેવાતા સમર્થ વિચારકો અને વગર આચરણે વ્યાયામમાં સ્વયંપ્રજ્ઞા ધરાવનાર દોઢડાહ્યાઓ 'હજર જાઓ' કહી વ્યાયામના વિરોધ કે ઉપેક્ષા કરે છે. જેમણે કદી પણ વ્યાયામ કર્યો નથી, અગર કર્યો હોય તો ખોટી રીતે કરવાથી કે શરીરને પ્રતિકૂળ વ્યાયામપદ્ધતિના સેવનથી પોતાને જે નુકસાન કરી બેઠા હોય તેને લીધે પૂર્વગ્રહ સાધીને કેટલીક 'ગેહેનર્દી' નામધારી વ્યાયામપ્રિય વ્યક્તિઓ પણ આ વિરોધમાં સૂર પૂરે છે. વળી જેમની આજીવિકાનો આધાર કેવળ મનુષ્યની રુગ્ણ દશા ઉપર અવલંબે છે, એવા કેટલાક સ્વાર્થાંધ દાક્તરો અને પેટંટ દવા બનાવનારી કંપનીઓ આવું જ મલિન પ્રચાર કાર્ય કરે છે. એ બધાના વિરોધનો સાર એ છે કે—વ્યાયામ કરવાથી

૧ અકાળે-યુવાવસ્થામાં મૃત્યુ થાય છે.

૨ બુદ્ધિ જડ થાય છે; અર્થાત વ્યાયામ કરવાથી મગજ પર લોહી ચડી જઇ [મગજમાં લોહી ન જવાથી મગજ ખાલી થતાં] મગજની નસો જડ થવાથી, વિચારશક્તિ ક્ષીણ થાય છે.

૩ Over exertion-શ્રમાતિરેકને લીધે હૃદયનો સ્નાયુ શિથિલ અને જર્જરિત થાય છે.

૪ શરીરના સ્નાયુઓ, વિકાસને લીધે અક્કડ—muscle bound થવાથી, શરીરનું હલન ચલન ચપળતાથી થતું નથી.

૫ શરીર કુલ્લા જેવું બેડોળ બની જાય છે.

૬ આખો દિવસ માણસ ઘેનમાં જ ઘોર્યા કરે છે.

૭ ઘડપણમાં નસો ઢીલી પડી જાય છે, સાંધા કળે છે અને સ્નાયુઓ નરમ થઇ શિથિલ બની જાય છે.

૮ સ્ત્રીઓનાં શરીર વિકૃત અને સ્ત્રીસુલભ માર્દવરહિત થાય છે.

૯ પુરુષ-સ્ત્રી ઉભયની ઉત્પાદકશક્તિ નાશ પામે છે.

પ્રથમ દૃષ્ટિએ અત્યંત ગંભીર અને ચોંકાવનારા જણાતા આ આક્ષેપો, કેવળ વ્યાયામવિષયક અજ્ઞાન કે ભ્રમ જનિત હોવાથી એનો જવાબ આપવાની જ જરૂર નથી. પરંતુ, જીવન પ્રત્યેક વ્યક્તિને પ્રિય છે અને એ જીવનની ક્ષતિ અગર વિનાશના ભોગે વ્યાયામ કરવાનું મૂર્ખ પણ કબૂલ નહિ કરે. એટલે કહેવાતી જવાબદાર વ્યક્તિઓની ઇતર ક્ષેત્રમાંની પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતાને લીધે એમના આવા આક્ષેપો ઘણી વખત યુવાનોને વ્યાયામ કરતા અટકાવે છે એ હું જાણું છું. કેટલાક શુદ્ધબુદ્ધિવાળા દાક્તરો પણ વ્યાયામનો પ્રત્યક્ષ પરિચય ન હોવાથી આવી દલીલો કરે છે. પણ જો એક વખત એમનું સમાધાન થાય તો પછી તેઓ હમેશના વ્યાયામપ્રચારકો બની જાય છે એવો પણ મારો અંગત અનુભવ છે. આવી વસ્તુસ્થિતિ હોવાથી, એ બંને વર્ગ ધ્યાનમાં રાખીને એમની શંકાઓનું વિવેચન વ્યાયામના ઉપાસકોની દૃષ્ટિએ કરવાનો પ્રયત્ન કરું છું.

પ્રથમ તો આવા આક્ષેપો કયા પ્રકારના વ્યાયામવિશેષનાં પરિણામો વિષે કરવામાં આવે છે તેનું સ્પષ્ટીકરણ થવું જોઇએ. એ શંકાશીલ દૃષ્ટિ હરેક પ્રકારના શારીરિક શ્રમ—મહેનત (જે પણ વ્યાયામનો એક પ્રકાર જ છે તે) પ્રત્યે રખાય છે કે રમતગમત—field sports—મર્દાની રમતો અગર શરીરના સુદૃઢપણા માટે કરવામાં આવતી વ્યવસ્થિત વ્યાયામપદ્ધતિ પ્રત્યે? મોટે ભાગે આવી શંકાશીલ વ્યક્તિઓને વ્યાયામની વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન જ નથી હોતું, ત્યાં આ પદ્ધતિઓનું તુલનાત્મક અનુશીલન તો કયાંથી જ હોય. વખતે થોડુંઘણું જાણે તો તે સ્વાનુભવ વિનાનું. જેઓ શરીરની રુગ્ણાવસ્થાનો જ ચિર પરિચય ધરાવે છે, એવા દાક્તરોમાં તો, ઉપર નિર્દિષ્ટ વ્યાયામ પ્રણાલિકાઓના જ્ઞાનનો અભાવ હોવા ઉપરાંત, તેમને ભિન્ન ભિન્ન પ્રકારે વ્યાયામ કરવાથી શરીરમાં જે વિશિષ્ટ

રાસાયનિક ક્રિયાઓ અને તજ્જનિત ફેરફારો થાય છે, તે physiology of bodily exerciseનો પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરવાનો અભ્યાસ અગર અવકાશ નથી હોતો; એટલુંજ નહિ, પણ એમને જાણવાનું આવશ્યક છતાં ઘણા દાક્તરો, 'વ્યાયામ એટલે દૈનિક ચર્યામાં અર્થાત્. ખાતાંપીતાં, બેસતાં ઉઠતાં, ચાલતાં દોડતાં, ચડતાં ઊતરતાં, સૂતાં વગેરે વિવિધ પ્રસંગે શરીરનાં અંગોનું જે વિશિષ્ટ હલન-ચલન એટલેકે સ્નાયુઓનાં આકુંચન contraction અને પ્રસારણ relaxation થાય છે. તેનુ જ ક્રમે ક્રમે વધારવામાં આવતું બૃહદ્ સ્વરૂપ'–આટલી સરળ વાત સમજવા પણ તૈયાર નથી હોતા. જેમ બાળક અશક્ત શૈશવ અવસ્થામાં ભાંખડીએ પણ ચાલી ન શકતું હોય છતાં, 'ક્રમે ક્રમે' શરીરની 'શ્રમસહતા વધે તેના પ્રમાણમાં'. પ્રથમ ભાંખડીએ, પછી ડગુમગુ, અને અંતે નિરાશ્રયે ચાલી દોડી કૂદી શકે છે. તેવી જ રીત વ્યાયામના શ્રમની છે. જેમ બાળક જો અતિરેક ન કરે તો કિશોર અને યુવાવસ્થામાં ક્રમશઃ સરળ પ્રવેશ પામે છે, તેવી જ રીતે બુદ્ધિ-પૂર્વક કરાતા વ્યાયામથી કશી પણ વિક્રિયા રહિત સુન્દર શરીર કેળવાય છે. આટલી વિશદ વાત પણ વ્યાયામપદ્ધતિઓના પ્રત્યક્ષ પરિચયથી જ ધ્યાનમાં આવે એમ હોવાથી, અજ્ઞાન વ્યક્તિઓના આક્ષેપોમાં સત્યનો અંશ અત્યંત અલ્પ હોય છે.

બીજું, ઉપર જણાવેલા આક્ષેપો વાળા વિકાર, દરદીએ કરેલા વ્યાયામજનિત જ છે કે બીજાં કોઇ સ્વતંત્ર કારણોથી–એનો પણ કવચિત જ અભ્યાસ કરવામાં આવે છે. મનુષ્યની પ્રકૃતિ અત્યંત ગુંચવણભર્યા અને સૂક્ષ્મ ફેરફારોથી ભરપૂર છે. એટલે કવચિત સામાન્ય મનુષ્યોમાં વ્યાપકપણે જોવામાં આવતા હોવાથી જે દોષોનું મહત્ત્વ ન જણાય, તે જ દોષો એકાદ રડ્યાખડ્યા વ્યાયામ કરનારના શરીરમાં કોઇ પ્રસંગે દેખાય તો તેને અણઘટતું પ્રાધાન્ય આપી આખી વ્યાયામ કરનારી આલમને માથે, તે સર્વવ્યાપક હોય તેમ ઓઢાડી દેવામાં આવે છે. આમાં વ્યાયામનો દોષ ન હોવાથી, આ વર્તન એ ઘોર અન્યાય છે. એક અનુભવ કહું. મારા એક વખતના સ્નેહીને જીવલેણ બીમારી આવી. એના ચિકિત્સક એક બાહોશ અને ખ્યાતનામા દાકતર સાહેબે તરત નિદાન કર્યું કે આ તો અતિશય કસરતનો પ્રતાપ! હું તો હેબક જ ખાઇ ગયો! સદ્ભાગ્યે, દરદી કાળના મોંમાંથી, એ જ દાક્તર સાહેબે અને એમના જેવા સમર્થ બીજા દાક્તરોએ હાથ ધોઇ નાખ્યા છતાં, પાછો આવ્યો. એટલે એ જ દાક્તર સાહેબે ધુંસરી ફેરવી 'કે ઓહો, આ તો કસરતનો જ પ્રતાપ. કસરતથી એટલી બધી જીવનશક્તિ vitality આવી હતી કે એનાથી જ દરદ અને મૃત્યુ સ્હામે સફળ લડાઇ કરી શક્યો. માટે (દરદીને ઉદ્દેશીને) ભાઇ, હમેશાં એ કસરત તો કરતો જ રહેજે. મારા પુત્રને પણ હવેથી હું કસરત કરવાનો આગ્રહ કરીશ.' આ પણ મેં સાંભળ્યું—પેલું પણ સાંભળ્યું'તું. શું કહેવું?

મજૂર મજૂરી કરે, દળનારી ઘઉં ભરડે, ઓડ માટી ખોદે. પાટીવાળા લારી ખેંચે–આ બધા શરીરશ્રમના પ્રકાર હોવાથી વ્યાયામનો એકદેશ કહેવાય. ક્રિકેટ, ફુટબૉલ, ટેનિસ, ગોલ્ફ, હૉકી, સ્કેટિંગ અને ડાન્સિંગ પણ વ્યાયામનાં સગોત્રી. વળી મેદાની રમતો–field sports તથા athletics જિમ્નૅસ્ટિક્સ, ફ્રી હૅન્ડ કસરતો, કુસ્તી. બૉક્સિંગ અને વેઇટ લીફ્ટિંગ જેવી મર્દાની રમતો પણ વ્યાયામ કહેવાય. આમાં, કોઇમાં આનંદનું

અમે છાપીશું

વ્યાયામ તમને પ્રિય છે? તમારો અનુભવ બીજાને ઉપયોગી થઇ પડશે. વ્યાયામથી શરીરની નિર્બળતા પર તમે જે વિજય મેળવ્યો છે. તેની બને તો છબીઓ સાથેની, સંક્ષેપમાં હકીકત મોકલીઆપો.

તમે વ્યાયામશાળા—ક્રીડામન્દિર ચલાવો છો? તમારી પ્રવૃત્તિનો. સુન્દર સુદૃઢ યુવાનો કેળવવાની તમારી પ્રણાલિકા-સાર મોકલો,

તત્ત્વ પ્રધાન અગર વિશેષ પ્રમાણમાં ને શારીરિક શ્રમનું પ્રમાણ ગૌણ અને અલ્પ; કોઇમાં શ્રમ પ્રધાન હોવા છતાં કેવળ આનંદ મેળવવાનો ઉદ્દેશ; તો અન્યમાં શ્રમનો અતિરેક કરીને પણ record તોડવા–તે દ્વારા થતા વિજયથી હર્ષ અને પરાજયથી ઉદ્વેગ પામવા—ની મનોવૃત્તિ; બીજીમાં શરીરની ચપળતા અને વેગ અર્થે જ કરાતો શ્રમ અને તજ્જનિત આનુષંગિક બળ અને સદ્વિકાસની પ્રાપ્તિ; કેટલીકમાં અપ્રતિમ બળ અને અપૂર્વ શારીરિક ખીલવણી તથા આત્મસંરક્ષણની સંપૂર્ણ સત્તાની પ્રાપ્તિ–ફલનો હેતુ હોય છે. હવે જો કેવળ વ્યાયામ–શ્રમ કરવાથી જ યુવાનો મરે છે એમ હોય તો આખો દિવસ અવિશ્રાંત મહેનત કરનાર મજૂરવર્ગનું મરણપ્રમાણ ઘણું ભારે હોવું જોઇએ. ગમે તેવો નિઃસત્ત્વ આહાર, ગંદી રહેણીકરણી, વ્યસનો, કુટેવો અને તનતોડ મહેનત–આ બધાંનો એકત્ર વાસ હોવા છતાં આ મજૂરો સામાન્યરીતે દીર્ઘ જીવન જીવે છે. પણ 'વ્યાયામ' નામથી ભડકનારા આવી 'મહેનત'ને વ્યાયામ ન ગણે તો કંઇ નહિ. બીજો દાખલો લઇએ. (ક્રિકેટ, ટેનિસ, હૉકી, ડાન્સિંગ વગેરેથી અકાળ મરણ થાય છે એમ તો કોઇ નહિ કહે.) દોડનાર કે કૂદનારનું શું? ફુટબૉલ એ શું આકરી રમત નથી? છતાં તેનાથી નીપજતાં અકાળ મરણોની કેમ કોઈ વાત નથી કરતું? કારણ કે આ બધી 'વ્યાયામ'ની વિશિષ્ટ પ્રક્રિયાઓ હોવા છતાં, આનંદ અને record તોડવાનું ધ્યેય એ મુખ્ય ઉદ્દેશ હોવાથી 'વ્યાયામ=શરીરની ખીલવણી'નું નામ એને આપવાનો રિવાજ નથી. પણ એ બધી violent રમતોથી યુવાન વયનાં–અકાળે થનારાં મરણ વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે, એ નિર્વિવાદ વાત છે; છતાં આક્ષેપો તો થાય છે મર્દાનગી લાવનાર, શરીરને પૂર્ણ કેળવનાર કુસ્તી, વેઇટલિફ્ટિંગ જેવા નિર્દોષ vigourous વ્યાયામો પર. અમેરિકામાં અંગ્રેજી રગ્બી ફુટબૉલનો અતિરેક કરીને જે રીતે ફુટબૉલ રમાય છે, તેમાં હાથપગ વગેરે ભાંગવા ઉપરાંત કવચિત મરણ થાય તેવી ઇજા પણ થાય છે. પણ આમાં તો, રમનારા ઉઘાડી આંખે જોખમ વહોરી લે છે, તેથી તેમને થતી હાનીમાં ફુટબૉલ નહિ પણ એથી થતા અર્થલાભની લાલચ જ દોષપાત્ર છે; અને એને કોઇ વ્યાયામ કહેતું નથી!

પણ દોડનાર, કૂદનાર વગેરે athletesની વાત જુદી છે. સર્વશ્રેષ્ટ થવાની આકાંક્ષા ખૂરી નથી. પણ એ પૂરી કરવા શરીરને છેવટની દશાએ કેળવવાની જે નીતિ આ વ્યાયામમાં અખ્ત્યાર કરાય છે તે ભારે હાનિકર છે. આવા athletesનાં મરણ અકાળે થાય છે એ સત્ય છે. પણ વસ્તુસ્થિતિ શી છે? જો એકાદ કુસ્તીબાજ કે વેઇટલિફ્ટર મરણ પામે તો તેની નાની ઉમરની તરત ટીકા થાય છે અને આ ઉદાત્ત વ્યાયામપદ્ધતિઓને બદનામ કરવામાં આવે છે, પણ ઍથલેટ્સનાં અકાળ મરણ તરફ ધ્યાન દોરાતું નથી. પારીસના સુપ્રસિદ્ધ વ્યાયામવિશારદ ડે બૉનેએ આજ સુધીના થઇ ગએલા પ્રથમ પંક્તિના દોડનાર કુદનારનો ઇતિહાસ ભેગો કરી પોતાના 'લા કલ્ચર ફીઝીક' નામના પત્રમાં, vigourous વ્યાયામ કરનાર કુસ્તીબાજ તથા વેઇટલિફ્ટરો કરતાં violent વ્યાયામ કરનાર દોડનાર કૂદનાર વહેલા–અકાળે મરણ પામે છે એ સત્ય નિર્વિવાદ પુરવાર કર્યું છે. આપણા દેશના દોડનાર કૂદનાર ઍથલેટ્સનો ઇતિહાસ હજુ બાલ્ય વયમાં છે; પણ આપણા કુસ્તીબાજોને દીર્ઘકાળ પર્યંત જીવતા નથી જોયા? જો આવા vigorous વ્યાયામથી વહેલું મરણ થાય તો કીકડ, કલ્લુ, રમજુ, ભગીરથ વગેરે પ્રચંડ મલ્લોના દીર્ઘ જીવનનો શો ખુલાસો કરવો? આ કંઇ ગણ્યાગાંઠ્યા કે ચૂંટી કાઢેલા દૃષ્ટાન્તો નથી. ગામા, રામમૂર્તિ, ગોબર વગેરે હજુ જીવતા અને પૂર્ણ સશક્ત છે. વિદેશમાં પણ કુસ્તીબાજો અને વેઇટલિફ્ટરોનાં આયુષ ૫૦ વર્ષ ઉપરનાં ગણાય છે. જો કોઈ અકાળે મરે છે તો તે વ્યાયામથી નહિ, પણ શરાબબાજી, વ્યભિચાર અને આહારાતિરેક, વગેરેની વિનાશક અસરથી જ.

વળી જે વ્યાયામ નથી કરતા તેમનું શું? એ બધા તો માર્કંડેયનું આયુષ ભોગવે છે, નહિ વારૂ? ચા પીતાં કે ઠોકર વગતાં હૃદય બંધ પડી જવાથી તેમજ ક્ષય, તાવ, ન્યુમૉનિયા વગેરે અસંખ્ય રોગથી અકાળે મરનારાં સામાન્ય સ્ત્રીપુરુષો ક્યાં વ્યાયામ કરવા ગયાં હતાં? તો પછી એકાદ વ્યાયામ કરનાર વ્યાયામેતર કારણોથી –કવચિત વ્યાયામના પણ–મરે તો તેનો દોષ વ્યાયામને ઓઢાડવો એ શું ન્યાય્ય છે? વસ્તુતઃ તો સામાન્ય મનુષ્ય હોય કે વ્યાયામપટુ હોય, પણ જો પ્રકૃતિના નિયમોનો તે ભંગ કરે તો, તેની પૂર્ણ સજા થવાની જ. તેમાં દોષ મનુષ્યની અવિચારી ને શિથિલ

જીવનચર્યાનો છે; નહિ કે વ્યાયામ–ની ઉપાસનાનો.

જેઓ સૅન્ડોના અકાળ મરણને આગળ ધરે છે તેમને વસ્તુસ્થિતિનું જ્ઞાન જ નથી હોતું. સૅન્ડો જેવો 'જગદેકમલ્લ' અકાળે ગયો, એ સાચી વાત. પણ શાથી? વ્યાયામ કરવાથી? નહિ જ. સત્ય તો એ છે કે સૅન્ડોને એક વખત વરસતા વરસાદમાં ખાડામાં પડેલી મોટર ઊંચકતાં પગ લપસવાથી પેટમાં ઇજા થએલી. આ ઇજાથી સામાન્ય વ્યકિત તો તરત જ મરણવશ થાત; પણ સૅન્ડોની અદ્‌ભુત જીવનશકિત (vitality) ના પ્રભાવથી એના પર ભયંકર વાઢકાપ થવા છતાં પણ બચી ગયો અને કેટલાંક વર્ષો સુખચેનમાં ગાળ્યાં. પછી એ જૂનો ઘા ફરીથી વકર્યો તેથી તે મરણ પામ્યો.

બીજો એક દૃષ્ટાન્ત. બ્રેટબાર્ટ નામના વ્યાયામ-પટુને પારીસમાં ખેલ કરતી વખતે હાથમાં ખીલો વાગ્યો, ઘા વકરવાથી એનું લોહી ઝેરી થયું ને એ septic poisoningની અસર આખા શરીરમાં એટલી ઝડપથી ફેલાઇ કે ફ્રાન્સના સર્વોત્કૃષ્ટ દાકતરો એને ચોવીસ કલાક-ની આશા પણ ન આપી શકયા. છતાં બ્રેટ બાર્ટની અજબ જીવનશકિતને લીધે, એ છ દિવસ અને છ રાત સુધી એ ભયંકર જીવલેણ વિકાર સામે લડી શકયો. આખરે મરણ તો થયું જ, પણ વૈદ્યકશાસ્ત્રના ઇતિહાસમાં એવી અદ્‌ભુત જીવનશકિતનો આ સિવાય બીજો એક પણ દૃષ્ટાન્ત નોંધાયો નથી. વ્યાયામથી સર્જી શકાતી અ-દ્‌ભુત જીવનશકિતનો આ ઓછો વિજય છે?

ટૂંકમાં, જો અવિચારી જીવનચર્યાને લીધે વ્યાયામ કરનાર એક મરે છે, તો તેને પડખે વ્યાયામ નહિ કરનાર સામાન્ય માણસો અસંખ્ય મરે છે. વ્યાયામ કરનારની સંખ્યા ઓછી. એમનાં બળ અને શારીરિક સૌન્દર્યની અંતરમાં ઊંડે ઇર્ષા થવાથી કહેવાતા બુદ્ધિ-શાળીઓ એમને નિંદે. પણ એથી વ્યાયામની નિરર્થકતા સાબિત નથી થતી. હાલતાં ચાલતાં માથું દુખે કે કમર ફાટે ને વાતવાતમાં ચીડાય એવા આધુનિક બુદ્ધિમાનો કરતાં શરીર પર સંપૂર્ણ કાબુ ધરાવનાર અને પ્રકૃતિના નિયમોનું સંપૂર્ણ પાલન કરી તંદુરસ્ત જીવન જીવનાર વ્યાયામપટુ સર્વથા અભિનંદનીય છે. આ બુદ્ધિમાનો પણ લથડિયાં ખાતે પગે 'ફરવા' જતા—'constitutional' લેતા—દેખાય છે, તે જ વ્યાયામની મહત્તા અને બુદ્ધિની પડખે તેના જેટલી જ અનિવાર્યતા પૂરવાર કરે છે. જેટલી જરૂર બુદ્ધિની છે તેટલી જ, બલ્કે તેથી વધારે જરૂર સુદૃઢ શરીરની અર્થાત્ શરીર દૃઢ કરનાર સાધન 'વ્યાયામ'ની છે. જીવનનું ધ્યેય 'પૂર્ણ મનુષ્ય' થવાનું છે. એ પૂર્ણતા બુદ્ધિ અને શકિત બંનેના સમાન ભાગથી લાવી શકાય. એકનો યે અતિરેક ઇષ્ટ નથી. જો કેવળ વ્યાયામના અતિરેકની નિંદા થાય, તો એકલી બુદ્ધિના અતિરેકની પણ એટલી જ નિંદા થવી જોઇએ. કાગળની કોથળીમાં ખીલા ભરી શકાતા નથી.

પ્રશ્નોત્તર

(૧) કસરત કરતાં તરશ લાગે છે તેનું શું?

ઉત્તરઃ વ્યાયામ કરતાં કરતાં કે પૂરો કર્યા પછી તરત જ પાણી કે અન્ય પેય લેવું હાનીકારક છે. એ વખતે શરીરનાં અંદરનાં સ્થાનોની સ્થિતિ એકદમ ખોરાક—ઘન વા પ્રવાહી લઇ શકે તેવી નથી હોતી; તેથી આવશ્યક તો એ છે કે જ્યાં સુધી શરીર પાછું અસલ સ્થિતિમાં ન આવે તેટલો વખત કંઇ પણ ખાવાનું કે પીવાનું ન લેવું. પરંતુ તૃષાતુર થવાથી જો અત્યંત વિકળતા થતી હોય તો પાણી મોંમાં લઇ, ગળામાં કોગળા કરતા હોઇએ તેમ ગળગળાટ કરીને પાછું કાઢી નાખવું. ન જ ચાલે તો શ્વાસોચ્છ્વાસ ધીમા પડે ત્યારે અત્યંત અલ્પ પ્રમાણમાં સહજ ગરમ પાણી લેવું. આવે વખતે લીંબુ ચૂસવાનું પણ લાભદાયક છે.

(૨) વ્યાયામ કયારે કરવો?

ઉત્તરઃ એ વ્યાયામ કરનારની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. આપણા દેશમાં ગરમીને લીધે સવારે અગર સાંજે વ્યાયામ કરવાનો રિવાજ છે. પરંતુ આ કંઇ અબાધ્ય નિયમ નથી. કોઇને અનુકૂળ હોય તો તે બપોરે પણ કરી શકે. તેથી કશી જ હાની નથી થતી. વસ્તુતયા તો હું પોતે પણ બપોરના બારથી ત્રણ વાગ્યા-ની વચ્ચે વ્યાયામ કરૂં છું. આ મારો વર્ષોનો નિયમ છે. એથી મને કશી જ હાની નથી થતી. ઉલટું, ઉનાળાની ગરમીમાં તો હું વગર થાકયે ખૂબ વ્યાયામ કરી શકું છું, અને શિયાળામાં મારાથી બહુ જ ઓછી મહેનત થઇ શકે છે. આ મારી વિશિષ્ટ પ્રકૃતિને લીધે છે. પણ આમ બપોરને વખતે વ્યાયામ કરનાર ઘણા પહેલવાનોને મેં જોયા છે. મારૂં એવું કહેવું નથી કે બધાએ આમ કરવું. મુખ્ય વાત તો એ છે કે વ્યાયામ કરવાને માટે કોઇ વિશિષ્ટ સમય જ નથી જોઇતો.

આમાં અપવાદરૂપે દોડવાનો વ્યાયામ છે. સામાન્ય રીતે દોડવાનો અભ્યાસ કરનારને સવારનો—સૂર્યોદય પૂર્વે કે એ જ અરસાનો—સમય ખૂબ અનુકૂળ છે. તેમજ જેમને વેઇટ-લિફ્ટિંગ જેવો વ્યાયામ કરવાનો હોય તે બનતાં સુધી સવારે ન કરે તો ઠીક; જો કે કરવાથી કશી જ હાની નથી થતી; પણ આખી રાતના આરામ પછી તરત જ, સ્નાયુઓ તાજા હોવાથી, આ વ્યાયામથી ઝાઝો ફાયદો નથી થતો, એવો ઘણાનો અનુભવ છે. પણ જેને અનુકૂળ હોય તે સવારે પણ કરી લે. રાતના અગીઆર બારના અરસામાં વ્યાયામ કરીને ફાયદો મેળવનાર પણ મેં જોયા છે.

(૩) હું ધંધાદારી છું એટલે ઝાઝો વખત મળતો નથી; પણ કસરતનો શોખ હોવાથી કેટલો વખત જોઇએ તે જો જાણું તો કસરત કરવાનું શરૂ કરું.

ઉત્તર: આ પ્રશ્ન મહત્ત્વનો છે; પણ વ્યાયામના અનેક ભેદ હોવાથી પ્રત્યેક વિષયનો સમય જુદો જુદો હોઇ શકે. વળી કયા ઉદ્દેશથી વ્યાયામ કરવો છે. એ પણ જાણવું જોઇએ. છતાં સામાન્યરીતે કેવળ સ્વાસ્થ્યની દૃષ્ટિએ વ્યાયામ કરનારને સાંજે અને સવારે ૧૫–૨૦ મિનિટ પૂરતી થવી જોઇએ જેમને કુસ્તી કે વેઇટ લિફ્ટિંગ જેવો વ્યાયામ કરવાનો છે, તેમને ૩૦થી ૪૫ મિનિટ કે એક કલાક પૂરતો થાય. તેમાં પણ આ કસરત આંતરે દિવસ કરવાથી વધુ ફાયદો થાય છે જિમ્નૅસ્ટિક્સમાં જો બધી યે કરવાની હોય તો ઓછામાં ઓછો એક કલાક જોઇએ. લાઠી, લકડી, દોડવું, કૂદવું વગેરે માટે ચોક્કસ ધોરણ બાંધી શકાય નહિ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(ચિત્રો માટે જુઓ છેલ્લા પાનાની સામે પૂઠા ઉપર)

અમદાવાદના ભાઇ કનુ રાવતનું ફોટોચિત્ર 'નવરાશે' આ માસની હરીફાઈમાં પહેલું ઇનામ જીતી જાય છે. ઘણા હોશિયાર ફોટો-કલાકારો પણ વિષયનું અનુકરણ કરીને ઉત્તમ ફોટોગ્રાફો ઉપજાવે છે, અને તેથી તેમનાં ચિત્રો ગુણયુક્ત છતાં નવીન વિષયને પકડનારના ચિત્ર જેટલાં તાજગીભર્યાં અને આકર્ષક જણાતાં નથી. આપણાં કુટુંબોમાં બહેન, ભાભી વગેરે દિવસ દરમીઆન પુષ્કળ ચિત્રવિચિત્ર પ્રવૃત્તિઓમાં મશગુલ હોય છે તે વેળા તેમને તેમનું કામ કરતાં ઝડપાય તો અવનવાં ચિત્રો સર્જાય. ભાઇ કનુ રાવતે આવા ફતેહમંદ પ્રયાસથી ચિત્ર ઉપજાવ્યું છે. તદ્દન સફેદ ભીંતની ભોં આગળ ગૂંથણ ભરતી બહેનની કામની એકાગ્રતા ચિત્રમાં સ્પષ્ટ જણાઇ આવે છે. ચિત્રજગ્યામાંથી નીચે તેમજ જમણી બાજુથી પા ઇંચ પ્રિન્ટ કાપી નાખવાથી રચના વધુ સારી બનશે ભાઇ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)ને તેમના ફોટો-ચિત્ર 'તરશ' માટે બીજું ઇનામ મળે છે. 'કુમાર'ની ફોટોગ્રાફી હરીફાઇમાં એ ભાઇનાં ચિત્રો પ્રતિમાસે દેખા દે છે અને તે ઉપરથી એમની પ્રગતિ સ્પષ્ટ તરી આવે છે; પરંતુ તેમનામાં વિષયની મૌલિકતાની ખામી જણાય છે, કારણ કે તેમની પસંદગીમાં પ્રકટ થએલાં ચિત્રનું અનુકરણ લાગે છે. દરેક જણે જુદાં ક્ષેત્ર શોધી સ્વતંત્રપણે વિચારપૂર્વક નવાં ચિત્રો યોજવાં જોઇએ. 'તરશ'ની ફોટોગ્રાફી સારી છે. ગ્રામીણ છોકરાના ખોબામાંથી ઢળતું પાણી અસરકારક છે અને કૅમેરાની હાજરીનો તેને ખ્યાલ નથી આવવા દીધો એ ચિત્રનો ગુણ છે. ભાઇ પટેલે હવે પોતાનાં ચિત્રોને એન્લાર્જ કરવાં જોઇએ. તેથી તેમને ચિત્રની ઝીણી ખૂબીઓ સમજાશે. ભાઇ કેકી મિસ્ત્રી વડોદરાના ચિત્ર 'બાપસી'ને ત્રીજું ઇનામ મળે છે. શરૂઆતની ફોટોગ્રાફીમાં આવું પોર્ટ્રેટ ઉપજાવવા માટે તે ભાઇને અભિનન્દન ઘટે છે ખુલ્લામાં સૂર્યપ્રકાશના ઓછામાં ઓછા ઉપયોગથી મોઢાની કુમાશ અને ફૂલબુટ્ટા વર્ણભંગો બતાવતા પોર્ટ્રેટની કળા ઊંચા પ્રકારની ગણાય.

આ ઉપરાંત ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ)નું 'આબુ ઉપર પ્રવાસીઓ', ભાઇ જે.સી પટેલ (મોમ્બાસા)નું 'આમંત્રણ', અંકલેશ્વરના ભાઇ રૂસ્તમ કે. અંકલેશ્વરીઆનું 'ઝૂંપડી', જયંતીલાલ સી ચોકસી(રાજપીપળા)નું 'આજીવિકાનું સાધન' વાળા ચિત્રો, તેમાં લેવાએલા વિષયો માટે ધ્યાન ખેંચે તેવા છે. જેમ બને તેમ નકામી વસ્તુઓને ચિત્ર જગ્યામાંથી કાપી નાખીને ચિત્રના વિષયને મહત્ત્વ આપવાની કળા હાથ કરવા હરીફો મહેનત કરતા જણાતા નથી. લગભગ દરેકેદરેક ચિત્રને થોડી કાપકૂપ કરવાની સૂચના કરવાની હોય છે ભાઇ પ્રાણલાલનું ચિત્ર નીચેથી ઓછામાં ઓછું અર્ધો ઇંચ કાપી નંખાય તો ગાડાંઓ જે અત્યારે મધ્ય જગ્યાએ છે તે બદલાઇને આગળ આવશે અને આગળનો ખાલી ભાગ ઊડી જઇ આકર્ષણ વધશે. ભાઈ ચોકશીનું ચિત્ર વર્ણવિવિધતામાં કમી હોવાથી બે દેખાવમાં ભળી જાય છે અને એ કારણે વિષયની ખૂબી મારી જાય છે. ભાઇ પ્રાણલાલ પટેલ (અમદાવાદ), જે સી પટેલ (મોમ્બાસા) અને રૂસ્તમ અંકલેશ્વરીઆને ઉત્તેજના મળે છે.

આ વખતના નોંધપાત્ર ચિત્રો: 'આજીવિકાનું સાધન' (જયંતીલાલ ચોકશી રાજપીપળા), 'પઠ હઅ' (પ્રાણલાલ પટેલ અમદાવાદ), 'સરસ્વતી નદી' (માણેકલાલ શર્મા સિદ્ધપુર), પનિહારી (પી જે. શુકલ વલસાડ), 'પહેલો પ્રયોગ' (હિંમતરામ મહેતા કરાંચી), 'લાંગરેલ' (દિનકરરાય ભટ્ટ ભાવનગર), 'માળા' (વ્યાસ અંગોરા યુગાન્ડા) 'કુતૂહલ' (ત્ર્યંબક પટેલ વાકાનેર)

બલવન્ત ભટ્ટ

આપણા પાડોશી પ્રાંત કચ્છ

વિષે કેટલુંક

હિંદના પશ્ચિમ કિનારે, અરબી સમુદ્રનાં ઊછળતાં મોજાં અને કચ્છના રણથી વીંટળાએલો આ કચ્છ પ્રાંત, અનેક સાહસશૂરા કચ્છી શાહસોદાગરોનો આ વ્હાલસોયો જન્મપ્રદેશ, હિંદમાતાના એકાદ ખોળે વિખુટા પડી ગએલા એકલા અટૂલા બાળક સમો લાગે છે. એના વિશાળ. રેતાળ ને સ્વચ્છ સમુદ્રકિનારા તથા એ વિસ્તીર્ણ તટ ઉપર મોતીના દાણા જેવાં શોભતા નાનાંનાનાં બંદરોની હારમાળા નિરખીને કચ્છ પ્રાંતની સાગરસમૃદ્ધિ અને દરિયાઇ શૌર્યની સહેજે સ્મૃતિ થાય છે. કચ્છના પશ્ચિમ અને દક્ષિણ ભાગના કિનારા સમુદ્રથી સચવાય છે અને બાકીના પૂર્વ અને ઉત્તર તરફના કિનારા રણથી રક્ષાય છે. આમ કચ્છની ભૂમિને કુદરતી રક્ષણ મળી ગયું છે, પરંતુ સાથોસાથ તે બહારની દુનિયાથી અલગ ને એકલવાયો બની જાય છે. એની આ ભૌગોલિક વિશિષ્ટતાને કારણે પરંતુ મોટા ભાગે તો કચ્છ રાજ્યના જૂનવાણી માનસને લીધે પાશ્ચાત્ય સંસ્કાર ને સુધારાનો પવન હજી અહીં નહિ જેવો જ પેસવા પામ્યો છે, અને કચ્છ હજી યે પોતાના યુગજૂના સંસ્કાર, ગૌરવ ને ખમીર સગર્વ જાળવી રહ્યું છે.

દરિયા સાથે તો દરરોજનું કામ રહ્યું એટલે અહીં એ વાતની તો એક પ્રકારની નીડરતા જ કેળવાઇ ગઇ છે. લાંબીલાંબી મુસાફરીઓ ખેડવી, અગવડો ને મુશ્કેલીઓ વેઠી લેવાની તાકાત ધરાવવી, દૂરદૂર વિદેશોમાં ઘૂમવું અને વેપાર જમાવવો એ તો જાણે કે અહીં ગળથૂથીમાં જ પવાય છે. સાહસોને અનિવાર્ય એવા આ ગુણો સાથે કચ્છી વેપારી મજબૂત શરીરબાંધો, સાદું મહેનતુ ને કરકસરવાળું જીવન તથા ધંધારોજગારની ઝીણવટભરી કુનેહ ધરાવે છે, એટલે એ પરભોમમાં, પરકોમમાં, પરભાષા બોલનારા પરદેશીઓની વચ્ચે, કેટલી યે પ્રતિકૂળતાઓની સામે પણ પોતાનાં વેપારી સાહસો તેઓ અજબ હદે સફળ કરી શકયા છે, અને એ રીતે કચ્છનું નામ દુનિયાના અનેક દેશોમાં પહોંચાડ્યું છે. આજે હિંદ અને બર્મા, સીલોન ને જાપાન, યુરોપ ને આફ્રિકા ઇત્યાદિ સ્થળે કચ્છી ભાટીઆ, લુહાણા, વાણીઆ, ખોજા, મેમણ વગેરે પોતાનાં વેપારઉદ્યોગનાં



થાણાં જમાવીને કૈંક વરસોથી કે પેઢીઓથી પડ્યા છે.

જગાવટ વેપારને માટે કચ્છની ખ્યાતિ સદીઓ થયાં સુવિખ્યાત છે. મસ્કત અને ઝાંઝીબાર સાથેનો કચ્છનો સંબંધ અતિ જૂનો છે. યુરોપની વેપારી પ્રજાઓએ આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર પોતાનાં વેપારી સંસ્થાનો સ્થાપ્યાં તે અગાઉ તો કયારના યે કચ્છી વેપારીઓ ત્યાં પહોંચી ગયા હતા. કચ્છનું મુખ્ય બંદર માંડવી અતિ પ્રાચીન બંદર ગણાય છે. મોગલ સલતનતના વખતમાં હજ કરવા જતા ઘણા યે હાજીઓ માંડવી બંદરથી વહાણમાં બેસતા, અને એ પ્રમાણે માંડવી તે વખતમાં પણ એક પ્રખ્યાત બંદર હતું એમ કચ્છનો ઇતિહાસ કહે છે. માંડવી ઉપરાંત કચ્છનાં બીજાં બંદરોમાં કંડલા, મુંદ્રા, તુણા, જખૌ, લખપત વગેરે છે. પરંતુ તે સર્વ બંદરોમાં માંડવી અગ્રપદ અને વિશિષ્ટ સ્થાન ભોગવે છે. માંડવીના ખાનગી ડૉક બાંધાને જો ખીલવવામાં આવે તો રાજ્ય ને પ્રજા બંને માટે ખૂબ ઉપયોગનું ને વેપારરોજગાર માટે અતિ મહત્ત્વનું માતબર બંદર બની શકે. આજે પણ માંડવી અને કંડલા બંદરે રંગુન, જાપાન, જાવા, ઇંગ્લંડ આદિ સ્થળોથી મોટીમોટી સ્ટીમરો હજારો ટન માલ બારોબાર લઇ આવે છે.

કચ્છ પોતાના અનેક શાહસોદાગરોને માટે જેટલો ગર્વ લઈ શકે તેટલો જ ગર્વ પોતાના કાબેલ નાવિકો માટે પણ લઇ શકે તેમ છે. કચ્છના વાણિજ્ય જેટલું જ મશહૂર એનું વહાણવટું પણ છે. કચ્છને કાંઠે વસતી, ઝૂંપડાં જેવાં ઘરમાં ગરીબાઇથી રહેનારી એ બહાદુર, સાહસિક અને જોરાવર જાતિઓની દરિયાઇ જવાંમર્દીની વાતો, ઇતિહાસને પાને કે છાપાંના કૉલમે ચડ્યા વિનાના એ મૂક પ્રસંગો, પ્રસિદ્ધિની જરા પરવા

નહિ કરતી એ જ્વલંત કથાઓ સાંભળો તો તમારા રોમાંચ ખડા થઈ જાય. દરિયાનો બીલકુલ ડર નહિ, જાણે પોતાનું ઘર હોય એટલી ચોકસાઇથી અને સાહજિકતાથી એ દરિયામાં ઘૂમી જાણે છે. પોતાનાં નાનાં એવાં વહાણમાં થોડા સાથીઓ સાથે મલબાર, સીલોન, રંગુન, જાવા, એડન, જંગબાર વગેરે ઠેકાણે તે પહોંચી જાય છે અને ત્યાંથી માલ ભરી લાવી કચ્છનાં બંદરોએ પહોંચતો કરી દે છે. કેટલીક વાર તો ઠેઠ ઈંગ્લંડ અને ફ્રાન્સના કિનારા સુધી તેઓ પહોંચે છે. સમુદ્રસફરોમાં અતિ ઉપયોગી એવી અત્યારની વિજ્ઞાનની શોધખોળો અને સગવડોથી વંચિત અને નિરક્ષર છતાં એ જળનો જીવડો અજાણ્યા દરિયામાં અને અજાણ્યા પાણીમાં જે સફરો ખેડે છે તે જોઇને ખરેખર આશ્ચર્ય અને માન જ ઊપજે. એ બુઢ્ઢા માલમો પોતાના બહોળા અનુભવ, વેધક દૃષ્ટિ અને વજ્રની છાતીથી ગમે તેવા અંધારા, ખરાબા કે તોફાનો વચ્ચેથી પણ વહાણને સહીસલામત મુકરર સ્થળે લઈ જાય છે. સૂર્ય, ચંદ્ર અને તારા વિષેનું જ્ઞાન; આકાશ વાંચવાની આવડત; ભરતી, ઓટ ને પવનની સમજણ; જુદાજુદા સમુદ્રનાં પાણી સંબંધી માહિતી; વગેરે બાબતોના અનુભવથી તેઓ એટલા તો ઘડાઇ ગયા હોય છે કે અગાધ સાગરના અંતરમાંથી અંધારેઅંધારે પણ પોતાનો રસ્તો શોધી લે છે; એટલું જ નહિ પણ અમુક સમયે પોતાના વહાણનું સ્થાન અમુક કિનારા પરત્વે શું છે, કેટલેક અંતરે છે, અમુક સમયે કેટલો વખત થયો હશે, તેમજ પાણીનાં ઊંડાણ અને ખરાબાનો ખ્યાલ અને એવી બીજી વહાણવટાને લગતી બાબતોના અંદાજ તે પોતાની રીતથી કાઢી શકે છે. નાનકડાં એવાં જહાજોમાં કૈંક દિવસો ને રાત્રીઓ સુધી મધ્ય દરિયાની સપાટી ઉપર તેઓ ખેલતા હોય છે. ભવિષ્યમાં જ્યારે હિંદુસ્તાનને પોતાનું નૌકાખાતું અને દરિયાઇ કાફલો રચવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે દરિયાઇ અફસરો ને કુશળ નાવિકોનો સારો એવો હિસ્સો કચ્છ જરૂર પૂરો પાડી શકે. પણ આજે તો એ બધું ઉત્તેજનના અભાવે જીર્ણ અને શિથિલ દશામાં અસ્તવ્યસ્ત પડ્યું છે. ભૂખમરાથી ભીંસાતા એ ધંધાનો પુનરુદ્ધાર કરીને તેને આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર મૂકી મજબૂત બનાવવાની આજ કોઇને પરવા કે ચિંતા દેખાતી નથી.

પણ કચ્છની એ બધી ગૌરવગાથાઓ પછી જ્યારે અંદર દૃષ્ટિ કરીએ છીએ ત્યારે જરૂર ગ્લાનિ થાય છે. એકસો સાઠ માઇલ લાંબા અને સાઠેક માઇલ પહોળા એ વિશાળ પ્રદેશમાં રસ્તાની સગવડો નહિ જેવી જ છે. જૂની ઢબનાં નાનકડાં ત્યાંનાં માફાવાળાં ગાડાં; ખાડાખડિયા ને ધૂળરેતીવાળા રસ્તાઓમાં કલાકોના કલાકો સુધી ધડધડ ચાલ્યાં જાય, માર્ગમાં નાનાં ગામડાં ને ધર્મશાળાઓ આવતી જાય, ત્યાં વિસામો લેવાતો જાય, અને એ પ્રમાણે માઇલોના માઇલો સુધી એ જરીપુરાણા વાહનમાં કચ્છના પ્રશાન્ત પ્રદેશમાં કંટાળાભરેલી મુસાફરી કરતા હોઇએ ત્યારે તો જાણે કે કોઇ મધ્યકાલીન યુગમાં ભ્રમણ કરતા હોઇએ એવો ભાસ થાય છે.

અને ખેતીની બાબતમાં પણ એમ જ છે. કચ્છની ઘણીખરી જમીન હલકા પ્રકારની છે. અધૂરામાં પૂરૂં જમીનમાં પાણી ઓછું ને ખારૂં તેમજ વરસાદ પણ બીલકુલ ઓછો પડે એટલે ખેતી સમૃદ્ધ બની શકે નહિ. ચોમાસામાં જો થોડોઘણો વરસાદ થાય તો તેના આધારે વળી કાંઇક બાજરીજુવાર કે ઘાસચારો નીપજે. બાકીના આઠ નવ મહિના તો ઘણીખરી જમીન ઉજ્જડ પડી હોય. તે ઉપરાંત વારંવાર દુષ્કાળ આવે કે ખરાબ વર્ષ આવે. આવી મુશ્કેલીઓને લીધે ભાંગેલી ખેતી વધુ ને વધુ ભાંગતી જાય છે. બીજી બાજુ અહીં મોટાં કારખાનાંઓ કે એવા બીજા ગંજાવર પાયા ઉપર ચાલતા યાંત્રિક ઉદ્યોગો નથી કે જેમાં સેંકડો માણસોને રોજી મળે. એટલે કચ્છમાં મુખ્ય ધંધો હજી ફક્ત ખેતીનો જ રહ્યો છે. નાનામોટા અનેક હકદારોના ભાગવિભાગ ને હકભોગવટામાં વહેંચાએલા ને દબાએલા એ ખેડુતને કાજે ધરતીમાં રસકસ નથી, કૂવામાં પાણી નથી ને આકાશમાં વરસાદ નથી. એવો એ ખેડુત તદ્દન પુરાણી ને પછાત પદ્ધતિ ઉપર થોડીઘણી ખેતી કર્યા કરે છે. કચ્છની પેલી મુલકમશહૂર મીનાકારીની કારીગરીનો ધંધો પણ આજે ઉત્તેજનના અભાવે નિસ્તેજ થયો છે. અને કેળવણીમાં તો કચ્છ અતિ પછાત દેશ છે જ.

કચ્છનાં નાનાંમોટાં હજારેક ગામડાંમાં કચ્છની પાંચ લાખ જેટલી જનતા વસે છે. કચ્છને પોતાની અલગ કચ્છી ભાષા છે. કાંઇક ગુજરાતી, કાંઇક સિંધી, કાંઇક મારવાડી ને કાંઇક સ્થાનિક શબ્દોના મિશ્રણથી બનેલી લાગતી એ ખરબચડી પણ જુસ્સાદાર ભાષાને

લિપિ નથી, એટલે ફક્ત બોલવા પૂરતી વપરાય છે. ભાષા ઉપરાંત કચ્છને પોતાનો રાષ્ટ્રીય પોશાક છે જેમાં કચ્છી 'પાઘ' તો ભારે શૌર્યસૂચક લાગે છે. અને એ પોશાક પહેરનારાની કાયા પણ પડછંદ હોય છે. દૂધ, છાશ ને બાજરીના રોટલાથી બંધએલા એ સશક્ત શરીરમાં તાકાત, તાઝગી અને સહનશક્તિના ભંડાર ભર્યા છે. ગુજરાત-કાઠીઆવાડની સરખામણીમાં અહીંના માણસો વધારે મજબૂત, વધારે તંદુરસ્ત અને પ્રમાણમાં લાંબું આયુષ્ય ભોગવનારા છે. પ્રસન્ન ચિત્તે પોતાનું હમેશનું કામકાજ કરનારા એંશી એંશી વરસના બુઢ્ઢા તો અહીં અનેક મળી આવે.

ભૂગોળમાં નિશાળિયાઓને ગોખાવાય છે એ કચ્છનું રણ કચ્છને પૂર્વ તથા ઉત્તર દિશાઓ તરફથી વીંટીને પડ્યું છે. અગાઉ તો એ કચ્છના અખાતનો જ ભાગ અગર તેને મળતી કોઇ મહા નદીનું સમુદ્રમુખ હોવું જોઇએ, જે પાછળથી કુદરતના ફેરફારોને અંગે સુકાઇ ગએલું હોવું જોઇએ એવું અનુમાન થાય છે. એ વખતે તો ત્યાં બંને કિનારે ડાંગરનાં પુષ્કળ ખેતરો થતાં હતાં એમ કહેવાય છે. માઇલોના માઇલો સુધી પથરાએલા એ લીલોતરી વિનાના ખાર વાળા ખારી પ્રદેશમાં ચોમાસામાં પાણી ભરાઈ જાય છે ત્યારે તો કચ્છ ચોપાસ પાણીથી ઘેરાઇ જાય છે. રણમાં પચ્છમ, પ્રાંથલ ને ખડીર એ ત્રણ બેટ છે. ચોમાસા પછી રણમાં જ્યારે પાણી સુકાઇ જાય છે ત્યારે ગાડાં વગેરે ચાલે છે અને એ રીતે રસ્તા પડી જાય છે. પણ રણ તરફ રહેનારાઓનું મુખ્ય ને ઉપયોગી વાહન તો ઊંટ જ છે એટલે ઊંટને જે 'રણનું વહાણ' કહેવામાં આવે છે તે યથાર્થ છે. રણના સામા કાંઠાનાં શહેરોમાં માલ લઇ જવા લાવવા માટે પણ ઊંટ જ કામ આવે છે. રણમાં મુસાફરી કરનારાઓ પાણીનો જથ્થો સાથે રાખીને રાતને ટાણે ઊંટ સાથે રણમાં ઊતરે છે અને સવાર પડતાં રણને સામે કાંઠે નીકળી જાય છે. કચ્છના સામે કાંઠે રણ ઓળંગીને જતાં ધ્રાંગધ્રા, માળીઆ, મોરબી, ખારાઘોડા, બજાણા, ઝીંઝુવાડા, પાલણપુર અને રજપુતાના એજન્સીઓ, જોધપુર, થરપારકર વગેરેની હદ આવે છે અને દરીઓ ઓળંગીને જતાં સામે કાંઠે મોરબી, જામનગર અને ઓખાની હદ આવે છે.

કચ્છના રાજ્યને પોતાની જ ટંકશાળ ને સિક્કો છે. કચ્છનો ચાંદીનો સિક્કો કોરી કહેવાય છે ને રૂપિયાના હિસાબે કોરીની હૂંડીનો ભાવ વધે ઘટે છે. હાલમાં એક રૂપિયાની કોરી ચાર સવાચારની આસપાસ છે. ચલણ ઉપરાંત જકાત બાબતમાં પણ કચ્છ પોતાનું આધિપત્ય ભોગવે છે. એટલે કે અહીં કચ્છના પોતાના જ ધારાધોરણ મુજબ જકાત લેવાય છે અને એ પ્રમાણે કચ્છ પરદેશી બંદરની કક્ષામાં ગણાય છે.

કચ્છ જૂનવાણી રાજ્ય છે; એવું કે કદાચ હિંદુસ્તાનમાં એનો જોટો જડવો પણ મુશ્કેલ પડે. પુરાણી ઘરેડને ચોક્કસાઈભરી ચીવટથી વળગી રહેવાના જૂનવાણી પ્રત્યેના ભક્તિભાવમાં નવીન વિચારો કે આંદોલનોને અહીં નહિ જેવો જ અવકાશ છે. પ્રજાજીવનમાં પણ જૂની રસમો ને જૂની રૂઢિઓ પ્રત્યેની સ્થિતિચુસ્તતા એટલી ઊંડી ઘરબાઇ ગઇ છે કે વીસમી સદીનો પવન તેને સ્પર્શી પણ શકતો નથી. એટલે હાલ તો ઉત્તરોત્તર જૂના ચીલામાં ગાડું ગબડ્યે જાય છે.

એ જૂના ચીલામાં જે ચાલી શક્યા નથી તે તો આજ વર્ષો કે પેઢીઓ થયાં કચ્છ છોડી પરદેશને પોતાનું વતન કરી બેઠા છે. આમ કેટલા યે શક્તિશાળી, બુદ્ધિમાન અને તેજસ્વી કચ્છી કુટુંબો જેમને પોતાના ઘર આંગણે પ્રોત્સાહન નહિ મળ્યું અગર જેમની જબ્બર બળાબુદ્ધિ માટે કચ્છનું વર્તુલ અતિ નાનું પડ્યું તેઓએ વિશાળ ક્ષેત્રની શોધમાં પરદેશ પ્રયાણ કર્યું છે. અવિરત પુરુષાર્થથી સાહસો ને ઉદ્યોગો ઉઠાવ્યા છે અને આપબળે અનેક વેપારક્ષેત્રો સર કર્યાં છે. કચ્છી પ્રજાના એ મહામૂલા જવાહિર સમા કચ્છના એ ઓજસ્વી સુપુત્રોની કદર હવે મોડું મોડું પણ કચ્છ કરે તેમજ એ નરવીરો પણ પોતાની વિપુલ બુદ્ધિ, લક્ષ્મી અને શક્તિનો લાભ કચ્છને પણ આપે એ જ ઇચ્છા. કચ્છ અને બૃહદ્ કચ્છ છાતીથી છાતી મિલાવી, કચ્છને પ્રગતિ ને ઉન્નતિના પંથે દોરે અને ભારતવર્ષની મહા પ્રજાઓની મણિમાળમાં કચ્છ પણ પોતાના યોગ્ય ને માનવંતા સ્થાનમાં વિરાજે એ જ શુભેચ્છા.

ચુનીલાલ પાટડીઆ

કવિ નાનાલાલના 'ભેદના પ્રશ્નો'ની યાદ આપતા પ્રશ્નોનું આ સતક સરજનહારની ભવ્યતાની પ્રાર્થના પણ નથી ?

સતક

• શિખરિણી •

પ્રભો ! હૈયે હૈયે અવિચલ કથા એક લખી તેં.
અને તેને કહેવા જીભ મહીં નહિ શેં બળ પૂર્યું ?
અમારા આ બાહુ અધિકતમ ટૂંકા કરી દીધા,
કીધા શાને ઊંચા ગગનપટલો પ્રાપ્તિ અરથે ?
જનોની આશાઓ અધધધ કરી આભ અડકી,
પરંતુ તૃપ્તિમાં કયમ રજ સમો હર્ષ પ્રસરે ?
દશે દિશા બાંધી ચરઅચરને ત્રાડી ઘૂમતા
મનુજો એવાને નિશનરજનીઓ કયમ દીધી ?
બધે વિશ્વે ફેલ્યો જડ મહીં જડી એક પ્રતિમા,
પરંતુ દીધાં ના નયન કયમ તેં ઝાંખી કરવા ?
ઝગે ભાનુ, તારા, શશી, જલધરો નિત્ય ગરજે,
છતાં રાખ્યું ખાલી અપરિમિત શેં એહ નભને ?
દીઠી બ્રહ્માંડોને સભર પ્રગટે પ્રાણ વિરલો,
કરી તેના ખંડો અણુઅણુ પૂર્યાં કેમ જગમાં ?

મોહિનીચન્દ્ર

રાત્રિના સૌંદર્યનું વર્ણન કરતા આ રાસમાં કડીએ કડીએ જે મઝાની કલ્પના ગૂંથી છે એને, છેલ્લી કડીમાં ઘૂવડનો પ્રશ્ન મૂકીને સગે ચડાવી કાવ્ય પૂરું કર્યું છે. એ તમને કેવું ગમ્યું ?

એવી તે રાણી રંગે કેમ કાળી ?

ચાંદા સૂરજના પૂજન કાજે ન એટલા દીવા બળે રે,
રાત્રી-રાણીના પૂજન કાજે કે લાખલાખ દીવા બળે રે.

ચાંદા જેવા કો તાતા તેજે જગતમાં માતા ફરે રે,
એવા ય રજનીને અંકે પોઢીને મીઠી નિદ્રા કરે રે.

સૂરજ જેવા કો છેડલો રહાવા સૃષ્ટિમાં ફેરા ફરે રે,
રજનીરાણી ન કિન્તુ કોડ કેં એમના પૂરા કરે રે.

પાસે આવી પવનરાજ કોડેથી ધામે પંખો કરે રે,
તોય ના રાત્રીરાણીના પાલવનો છેડલો ઝોલે ચડે રે.

રાત્રીરાણીના બોલે બોલે કે મુખથી ફૂલડાં ઝરે રે,
એવાં તેજે ભરેલ ફૂલ લાખો કે આભમાં આછા ચગે રે.

ઢંકાય ધરતી ને આભ બે ફૂલે રાત્રી જો બોલ્યા કરે રે,
એથી શાણી રે રાત્રી સમજીને મનથી મૂગી રહે રે.

રાત્રીરાણીનાં હસતાં મોંઘાં કે કોઈ દિ' મલકી પડે રે,
મલકે ત્યારે અંધારા આભે કો નવરંગ રેખા ચગે રે.

'એવી તે રાણી રંગે કેમ કાળી' ઘૂવડ મન શોચ્યા કરે રે.
જાગતો ચારે પ્રહર રહી કૂટ એ કોયડો ઉકેલ્યા કરે રે.

જેઠાલાલ ત્રિવેદી

અગાઉ ૧૧૯મા અંકમાં ઉમાશંકર જોષીનું 'વડ' નામનું કાવ્ય આવી ગયું. એમાં આરોપેલા ગુણોથી વિરોધી ભાવારોપણના ઉદાહરણ માટે શોધેલો આ 'તાડ', સ્વાર્થી આત્મવિકાસ સાધવા જતાં ગુમાની અને કૃતઘ્ની બની જતા કંગાલ માનવીના રૂપક તરીકે કેટલો સફળ છે એ જુઓ જોઇએ.

તાડ

• શાર્દૂલ વિક્રીડિત •

પૃથ્વી આ સઘળી ભરી નીચ જને જોવું ન ત્યાં તો જરી,
જોનાં પાપવિચાર કીટ જીવડો ચોંટે, ન જાયે મરી,
ઊંચાં ધ્યેય વર્યાં મને જનમથી કોરે બધાં તે પછી
પોલાં ધ્યેય બને તૂટે અધવચે, આત્માતણું શું પછી ?
ધાર્યો સ્વાત્મવિકાસ કામ કરવે એકાગ્રતાને સજી
દૃષ્ટિ આભભણી રહે સરવદા રાખીશ એ કાળજી,
આભેથી શશી, સૂર્ય ને ઉડુગણો ચૈતન્ય પ્રેરી મને
ભૂલ્યા માર્ગ બતાવશે દુઃખ સમે શિક્ષાગુરુઓ બની.
આ વિચાર થકી જગે નવ ભરે એકે ય દૃષ્ટિ અને
આભે આંખ ધરી વધે નવ જુએ માતા ભણી યે કદી,
ઉછેર્યો કરી ખર્ચ ઉર-પયનો વેઠી મહા ત્રાસને
એવી માત ભણી જુએ નહિ પછી એને પ્રભુ શે જુએ ?
ઊંચે એ વધતો ગયો પણ નહિ ધાર્યું ફળે કાંઈ યે,
થાકી જોય નીચે રડે દરદથી કંગાલ કાળો થયે.

ચંપકલાલ ડાહ્યાભાઈ વ્યાસ

ઘણાખરાએ માનવીને કિરતારના શ્રેષ્ઠ સર્જન તરીકે ગણાવ્યો છે, ત્યારે આ કવિને માનવી એ નિસર્ગના સનાતન સંગીતના તાલથી બે-તાલ થઇને એકલા વિહરતા અભિમાની જીવ તરીકે જણાય છે. એની પાછળ, જોકે, શુભ ભાવલક્ષી ઉપાલંભ જ હશે.

માનવ

નિસર્ગની નિર્મલ તારતંત્રીથી
છૂટો પડી કો રવ ગુંજતો ગયો,
પ્રમાણ એ તાલ તણું તજી દઇ
અહંત્વમાં એકલ માનવી થયો.

'જટિલ'

રજકણ.... એ નામના તાજેતરમાં પ્રકટ થનાર સંગ્રહમાંથી

જ્યારે મધરાત પડે છે, ગાઢ અંધારું છવાઇ જાય છે અને આખી શબ્દસૃષ્ટિ વિરમી જાય છે ત્યારે અંતરના પડદા ખુલી જઇને, હજારો દિવસ જેના પર વીતી ગયા છે તેવી એક રાત્રિ, જાણે બધાથી જૂદી પડે છે ને એકલી એકલી યાદ આવે છે.

તે રાત્રિ કે જે રાત્રિએ મેં એક ભયંકર જંગલમાં વિસામો લીધો હતો.

ક્યારેક બોલતા રડ્યાખડ્યા તમરાના શબ્દો સિવાય સઘળું સમસમાકાર હતું. ઊંચા સાગના વૃક્ષો રાત્રિના ખડેપગે ઊભેલા પહેરેગીરો જેવા આકાશમાં નજર કરી સ્થિર ઊભા હતા; સારી સૃષ્ટિ નિદ્રાધીન હતી. જાગતો હતો માત્ર ધૂણીનો દેવતા, અને એ ધૂણી જગાવનારો એકલદોકલ પેલો ખાખી બાવો !

સોડિયું વાળી ઊભેલી રાત્રિ તરફ તેની નજર ન હતી; આકાશમાં ચાલતા તારાની તેને દરકાર ન હતી; એને તો એક જ તમન્ના હતી: દેવતા સંકોરવાની અને એના આછા અજવાળામાં મૂંગામૂંગા કોઇ સ્વપ્નસૃષ્ટિની એકાદ ધન્ય પળ નિરખવાની.

એવામાં તે એકલા આદમીને એકાદ તણખો ચોંટ્યો. તે જાગી ઊઠ્યો અને જંગલ સાંભળે તેવો એક નિ:શ્વાસ મૂક્યો.

હજારો દિવસ જેના પર વીતી ગયા છે તેવી એ એકલી રાત્રિ યાદ આવે છે; એ નિ:શ્વાસ શાનો હશે ?

મને એ દેવતા, ધૂણી, ખાખી અને તેનો નિ:શ્વાસ, ચાર સ્પષ્ટ મૂર્તિઓ હોય તેવાં, ચારે યાદ છે.


તેનો નિ:શ્વાસ સમજવા મેં અનેક રાત્રિઓ ગાળી છે પણ તેનો મર્મ મળ્યો નથી.

એ નિ:શ્વાસ સંપત્તિ ધૂળ મળ્યાનો ન હોય: સંપત્તિ ધૂળ મળે તો પણ નિ:શ્વાસમાં ભવિષ્યની ઉષ્મા હોય છે.

એ નિ:શ્વાસ કોઇ પ્રિયતમાના વિરહનો પણ ન હોય: વિરહની યાદીમાં આનંદની રેખા ડૂબે છે—ને દેખાય છે.

એ નિ:શ્વાસ કોઈ મહાન પરાજયની નિશાની પણ નહિ; પરાજયનાં નિ:શ્વાસમાં વૈરનો ડાઘ હોય છે.

સીતા વનમાંથી પાછાં ફર્યાં... આવ્યાં ... આવ્યાં ... ને ગયાં ત્યાર પછી કોઇ એકાંત રાતે રામે મૂકેલા નિ:શ્વાસ જેવો, ઊંડાણમાંથી આવનારો, ધગધગતા રેતીના મેદાન જેવો, આ નિ:શ્વાસ એ કોઇ કલાધરનો નિ:શ્વાસ હશે, કોઇ સ્વપ્નદૃષ્ટાનો નિ:શ્વાસ હશે, કોઇ આજીવન સેવેલી સ્વપ્નસુંદરીનો છેલ્લો અને અચૂક ઘા હશે.



એમની કલમનો આસ્વાદ

રવીન્દ્રનાથ ઠાકુર
કાકાસાહેબ કાલેલકર
હરિનારાયણ આચાર્ય
સુરેશ દીક્ષિત
ધનગોપાલ મુકરજી
'વનેચર'
અને બીજા

આવતા અંકમાં

નેપથ્ય વિભાગની હરીફાઈનું પરિણામ

'કુમાર'ના માઘ (૨૨૨મા) અંકમાં 'નેપથ્યમાંથી' એ વિભાગમાં 'કુમાર'ને માટે એક સૂચક, ટૂંકું ને ચોટદાર ફાલકવાક્ય માગતી હરીફાઇ જાહેર કરી હતી. તેના પ્રત્યુત્તરમાં ૮૯ વાક્યો મળ્યા હતાં. પણ અમને સખેદ આશ્ચર્ય થયું કે ધારણા બાંધ્યા મુજબ તેમાંથી એકે ય વાક્ય જોઇતો સંતોષ આપે તેવું પણ નીકળ્યું નહિ; પછી ઉત્તમતાની તો વાત જ ક્યાં રહી ? છતાં વાચકો અને 'કુમાર'ના પ્રેમીઓ તરફથી જે ઉત્સાહભર્યો જવાબ મળ્યો તે તો અભિનંદનીય છે જ.

એ ઉત્સાહને ખાતર પણ થોડાં પ્રોત્સાહન-પારિતોષક આપવાનું અમે ઠરાવ્યું, અને તે અનુસાર નીચેના ભાઇઓને બબ્બે રૂપિયાનાં ઇનામો મળે છે: શ્રી હરિકૃષ્ણ વ્યાસ (લીંડી); શ્રી ડાહ્યાભાઇ જાની (રાણપુર); શ્રી જટિલરાય વ્યાસ (પોરબંદર); શ્રી નટુભાઈ (ગંભીરા). ઇનામો પોતાને રોકડાં જોઇએ છે કે કોઈ પુસ્તકના રૂપમાં તે લખીને સૌએ મંગાવી લેવાં.

આવેલાં વાક્યોને માટે સ્વાભાવિક આતુરતા વાચકોને હોય જ, પણ એમાંનો મોટો ભાગ પ્રકટ કરવા જેવો નથી; એટલે 'વિષ્ણુ સહસ્રનામ' જેવી એ લાંબી 'કુમાર'પ્રશસ્તિની નામાવલિનો માત્ર થોડો ભાગ જ ચૂંટીને આ નીચે આપીએ છીએ:

જીવનસંગ્રામની તાલીમ આપતું માસિક; તરુણોનું જીવનસર્જક માસિક: વિકાસવાંછુઓનું માસિક; પ્રાણ અને પૌરુષ પ્રેરતું પ્રકાશન: મહત્ત્વાકાંક્ષીઓનું માસિક; મ્હોરતી મહત્ત્વાકાંક્ષાઓનું માસિક; ચારિત્ર્ય અને ચેતનાનું માસિક; ખીલતા માનસને પોષનારું માસિક: સત્ય શિવ સૌન્દર્ય ઉપાસકોનું માસિક: ઉજમાળા કૌમારનું માસિક; ભાવિનું માનસ ઘડતું પ્રેરણાત્મક પત્ર.

આકાશના સીમાડાઓની ખબર લે તેવું અમેરિકામાં બનતું

જગતનું જંગીમાં જંગી દૂરબીન




૨૦૦ ઇંચ (એટલે લગભગ ૧૭ ફૂટ) વ્યાસનો ત્રીસ ઇંચ જાડો અને લગભગ વીસ ટન વજનનો, આ દર્શક કાચ કૅલિફૉર્નિયામાં ઊભા થનારા નવા દૂરબીન માટે મહામહેનતે ઢાળવામાં આવ્યો છે. તેના ઉપર ઊભેલા બે માણસોના કદથી તેના માપનો ખ્યાલ આવશે.

બ્રહ્માંડના ભેદ પામવાને પૃથ્વીના મનુષ્યોનો પુરુષાર્થ કેટલી સીમાએ જઇ શક્યો છે તેનો ખ્યાલ કૅલિફૉર્નિયા માટે બની રહેલા એક ટેલિસ્કોપ (દૂરબીન)ના દર્શક કાચ (લેન્સ)ની પહોળાઇથી આવશે. ૬,૦૦૦,૦૦૦ ડૉલરના ખર્ચે પાસા ડેના પાસેના એક પર્વતની ટોચ પર વેધશાળા, પ્રયોગશાળા અને યંત્ર તૈયાર થશે. આજસુધી આપણે સૂર્ય, ચંદ્ર અને બીજા ગ્રહો-ઉપગ્રહો, આકાશી નિહારિકાઓ તથા ધૂમકેતુઓ વિષે જે પાર વિનાની પ્રમાણભૂત અદ્દભુત બીનાઓ જાણી શક્યા છીએ તે વિલ્સન લૅબૉરેટરીના સો ઇંચના વ્યાસના કાચથી. પણ આ નવો કાચ બની રહ્યો છે તે તેનાથી યે બમણા કદનો છે. તે ૭ મહિનાથી તો ભઠ્ઠીના ઢાળામાં જ ઠંડો થતો પડ્યો હતો. પેલો ૧૮૦ ઇંચ વ્યાસનો કાચ તો માત્ર ૧૩ ઇંચ જાડાઇમાં હતો પણ આ નવો ૨૦૦ ઈંચના વ્યાસનો કાચ ૩૦ ઈંચ જાડો ને વજનમાં લગભગ વીસ ટનનો છે. અગાઉ એક જ ઢાળામાં રેડાએલા કાચરસથી તે ચારગણો વધી ગયો છે.

આ પ્રચંડ કદનો થાળ ઢાળવાને છ છ વરસથી ઉસ્તાદોએ તેની મુશ્કેલીઓનો ક્યાસ કાઢવા કર્યો હતો. પકવેલા ક્વાર્ટઝનું બીબું અજમાવી જોયું, પણ આવડા મોટા કાચ માટે તે નકામું જણાયું. આખરે કૉર્નિંગ ગ્લાસવર્કસના કારીગરોએ બે વર્ષના પ્રયોગો બાદ એક જ વખતે આખો લેન્સ ઢાળી શકાય તથા ધીરેધીરે ઠંડો પડે એવી રીત શોધી કાઢી અને રસ રેડવાનો દિવસ નક્કી ઠરાવ્યો. તે પહેલાંના ૪૦ દિવસોથી, ખાસ ઊભી કરેલી એક રાક્ષસી ભઠ્ઠીમાં પ્રચંડ ગ્યાસજ્વાળાઓ ૬૫ ટન કાચરસ ઓગાળી તૈયાર કરી રહી હતી. એવી જ જ્વાળાઓ ઢાળાને પણ તપાવી રહી હતી. ૨૮૦૦ ડિગ્રીના ગરમીના સીસકારા કરતો કાચરસ તૈયાર થયો એટલે પૂલીઓથી ઉપરના પાટા પર હીંચકતાં ૭૫૦ રતલનાં બકડિયાં ભઠ્ઠીમાંથી ઢાળા પર ચાલવા લાગ્યાં. હજારો પ્રેક્ષકો અને ફોટોગ્રાફરોની ચંપાતી ચાંપો સામે એ કામ કલાકો સુધી ચાલ્યું અને ચાલુ ૧૧ કલાકની મહેનતે જગતના સૌથી મોટા દૂરબીનના આરસાના કાચની પહેલી ક્રિયા પતી. સૌની ધારણા પ્રમાણે તે કામ સંતોષકારક નીવડ્યું; પણ હજુ તેની જોડનો બીજો કાચ તે જ ઢાળામાં રેડાશે. દરમિયાન આ પ્રથમ કાચને સરાણ લાગશે અને સફાઇદાર કરાશે તેને જ બે વર્ષ લાગશે. બધા માને છે કે સાતેક વર્ષમાં આ ટેલિસ્કોપ સંપૂર્ણપણે તૈયાર થઇ જશે.

આ પ્રચંડ કાચ કરતાં યે તેને માટે જે મિનારા જેવું ભૂંગળું (ટ્યૂબ) થનાર છે તેનો દેખાવ ચકિત કરશે. આકાશના કોઇપણ ભાગ તરફ સહજવારમાં ફરી શકે એવી સરળતા ઉતારવામાં ઈજનેરી બુદ્ધિનો પણ તે એક નમૂનો બનશે. સાઠ ફીટ લાંબું ને વીસ ફીટ પહોળું મોટા બોગદા જેવું તેનું ભૂંગળું એટલું મજબૂત થવાનું છે કે તેના પર અવલોકન માટે જવા સારૂ માણસ નળાકારની એક લિફ્ટમાં બેસીને જશે. આ લિફ્ટ જોકે આકાશી તારાઓના માર્ગ પર જ આવે છે, છતાં બહુ જ થોડો ભાગ તેનાથી કપાશે. ઉપરાંત ફોટોગ્રાફિક ચિત્રો લેવાને વચમાં પણ ઘણીઘણી નવી તરકીબો રાખવામાં આવશે. વળી તેમાં જુદાંજુદાં એકીકરણ સંઘરવાને તથા માપ લાંબાંટૂંકાં કરવાને જાતજાતની યાંત્રિક અને વૈજ્ઞાનિક રચનાઓની ગોઠવણ થવાની છે. આ બધી રચનાઓ અને આખું ટેલિસ્કોપ ફરતું કરનાર યંત્રકામ મળીને ૫૦૦ ટન ભાર થવાનો જ. છતાં વીજળીનું એક જ બટન દાબતાં એ આખું તોતીંગ આકાશીગ્રહો જેટલીજ ચોકસાઇથી સ્થાનફેરકરીશકશે.

વળી આ નવા યંત્રમાં કિરણઆકર્ષનાર જે આરસો છે તે પેલા સો ઈંચના દૂરબીન કરતાં થોડા અંતરે છતાં



સાઠ ફીટ લાંબા ને વીસ ફીટ પહોળા મજબૂત ભૂંગળામાં એ કાચ બેસાડીને આવું મોટું ૫૦૦ ટન (અઠ્ઠાવીસ હજાર મણ) વજનનું જંગી દૂરબીન બનાવવામાં આવશે, જેના ઉપર અવલોકન માટે ચડવા સારૂ લિફ્ટ દ્વારા જવાશે.

વધારે પ્રતિબિંબ પકડી શકે એવો છે. સો ઇંચવાળામાં તારાનો પ્રકાશ લેન્સની પહોળાઇથી પાંચગણા અંતરે કેન્દ્રિત થાય છે જ્યારે આ નવા યંત્રમાં ૩ ૩/૧૦ ગણા અંતરે આકૃતિ પકડશે. **આથી** પ્રકાશની ગતિ બેવડી ઝડપે ઝીલાશે ને તેના પરિણામે નવો આરસો આગલા સો ઇંચના આરસા કરતાં દસગણી તાકાત ધરાવશે. પણ હજુ તો પાંચસાત વર્ષ રાહ જોવાની રહી. છતાં તેનાથી શું થશે ને શું નહિ તેની ચર્ચા વિદ્વાનો કરી રહ્યા છે.

માત્ર પેલા સો ઇંચના ટેલિસ્કોપથી જ આકાશી જ્ઞાન આજે કેટલું વધી ગયું છે! પણ તે જ્ઞાન માત્ર આકાશી ગણત્રીબાજોનેજ કામનું છે એમ નથી. રસાયણીઓ અને ભૌતિકશાસ્ત્રીઓને પણ પૃથ્વી કરતાં યે વધુ મહત્ત્વ તેમાં જણાયું છે. કેટલી નવી વિશ્વલીલાઓ, કેટલી નવી ગણત્રીઓ, કેટલા સિદ્ધાન્તો આ દૂરબીનોને જ આભારી છે. એ બધાનું કામ આ નવા દૂરબીનમાં વધુ આગળ જશે. નજીકના ગ્રહોના રંગ, ઉષ્મા અને ગતિ વિષે વધુ ચોક્કસ હિસાબ મળશે અને નવા તારાઓ વેધશાળાને ચોપડે નોંધાશે.

કોટયાન કોટિ તારાઓનાં ઝુમખાં સાથે ઘુમરડીઓ લેતી નિહારિકાઓ વિષે હજુ ઘણું જાણવાનું બાકી છે તે આ નવા યંત્રથી સિદ્ધ થશે અને તે પરથી અખિલ વિશ્વના ઘડતર સર્જનના કાયદા સમજાશે. દૃશ્ય આકાશને સીમાડે દેખાતા કેટલાયે તારાઓનાં તેજસ્વરૂપ અંકાશે ને ચંદ્ર તો નિમિષમાત્રમાં સરસ છબીઓ આપી શકશે. પ્રકાશ એક સેકંડમાં ૧૮૬,૦૦૦ માઇલની ગતિ કરે છે. તે જ હિસાબે પ્રકાશનું વર્ષ ગણો તો પૂરેપૂરૂં એક વર્ષની જોડે મળી જશે એટલી પ્રકાશ આકર્ષણની શક્તિ આ દૂરબીનમાં હશે.

આકાશી જ્ઞાન માટેના આ તલસાટને ઘણા લોકો માનવીનાં મિથ્યા ફાંફાં માનતા હતા, પણ હવે તો એ સિદ્ધ થયું છે કે એ જ્ઞાન વડે પૃથ્વીના જીવનમાં અનેકગણો લાભ થયો છે.

(જુદાજુદા અંગ્રેજી લેખો ઉપરથી તારવીને)


ધનગોપાલ મુકરજી

એ નામનું સ્મરણ જ માત્ર કુમારના વાચનારાઓને કરાવવું બસ છે. પછી, એમનું લખેલું 'ઇન્દ્રનો ન્યાય' નામનું નાટક જે આવતા અંકમાં આવે છે તે કેવું હશે તે વિષે વધારે લખવાની જરૂર રહેતી નથી. અંગ્રેજી એકાંકી નાટકોની સૃષ્ટિમાં ઘણું ઊંચું લેખાએલું એ નાટક જગતના લેખકોનાં પ્રતિનિધિરૂપ એકાંકી નાટકોના સંગ્રહમાં લેવાએલું છે અને હિંદી લેખકોમાંથી એકલા શ્રી મુકરજીએ જ એમાં સ્થાન મેળવ્યું છે.

આવતા અંકમાં



રબ્બરસ્ટૅમ્પની પટ્ટીમાં બેસાડવાનો હૅન્ડલ



રબ્બર સ્ટૅમ્પ ચોડવા માટે વપરાતી લાકડાની જુદાજુદા માપની પટીઓના કટકા

રબ્બરસ્ટૅમ્પ બનાવવાનો હુન્નર

૭...સ્ટૅમ્પને લાકડા પર ચોડવાની રીત

છઠ્ઠા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે રબ્બરનો ટુકડો તૈયાર થયા પછી તેને લાકડા અથવા લોખંડ કે જસતની પટી ઉપર ચોડવાનો હોય છે, અને પછી તે પટીને હૅન્ડલ ચોડવાનો હોય છે. (જુઓ ઉપરનું ચિત્ર) લાકડાની પટીઓ લબાઇ પહોળાઇમાં રબ્બરના ટુકડાના માપની ને જાડાઇમાં આશરે અરધા ઇંચની અગાઉથી જ બનાવીને તૈયાર રાખવી. (જુઓ સાથેનાં ચિત્રો) તે ઉપરના ભાગે (જ્યાં રબ્બર ચોડવાનું હોય છે ત્યાં) સાંકડી અને નીચેના હૅન્ડલ લગાડવાને ભાગે પહોળી હોવી જોઇએ. તેને પૉલિશ કરીને (રંગીને) તૈયાર જ રાખવી. કોઈ રબ્બર સ્ટૅમ્પમાં એક જ લીટી હોય, તો કોઇમાં બેચાર તો કોઇમાં વળી રિંગ હોય. એટલે નાનામોટા વિવિધ રબ્બરસ્ટૅમ્પ માટે જુદીજુદી પહોળાઇની પટ્ટીઓ સળંગ લાંબી તૈયાર કરાવી રાખી હોય તો ફાવે અને સસ્તી પડે. પછી જેવો રબ્બર સ્ટૅમ્પ ચોડવાનો હોય તેટલી પહોળાઇની પટી પસંદ કરી સ્ટૅમ્પની લંબાઇના માપ પ્રમાણેનો ટુકડો તેમાંથી વહેરી લેવો.

ત્યાર પછી તેને ચોડવાનો સરેસ તૈયાર કરવો. એક કીટલીમાં પાણીમાં પલાળેલો સરેસ ગરમ કરી નરમ પાણી જેવો રાખવો. પછી ચિત્રમાં બતાવ્યા પ્રમાણેનું હૅન્ડલ લઇને એ હૅન્ડલના નીચેના ભાગ જેટલું, પટીના પહોળા ભાગની વચ્ચોવચ સારડી અથવા ડ્રિલથી અઢી કે ત્રણ દોરા ઊંડું છિદ્ર પાડવું અને તેમાં તે હૅન્ડલના છેડાને સરેસના પાણીમાં બોળી કઠણ બેસાડવો. વખતે હૅન્ડલ જરા ઢીલો પડે તો થોડો ઘાટો સરેસ નાખીને પણ બરોબર સજ્જડ કરવો. આમ સજ્જડ બેસી ગયા પછી પટીના નીચેના ભાગેથી એક ઝીણી ખીલી અથવા નાનો સ્ક્રૂ બેસાડી હૅન્ડલને પટી સાથે કાયમનો ફિટ કરી લેવો. આ ખીલી અથવા સ્ક્રૂનું માથું પટીની બહાર કે તદ્દન અંદર ન રહેવું જોઇએ પણ પટીની સપાટીની બરાબર રહેવું જોઇએ.

હવે તૈયાર થએલી રબ્બરની પટીના પાછળના ભાગે સરેસ ચોપડવો અને પટીના નીચેના એટલે સાંકડા ભાગ પર ચારે બાજુથી સમાન રીતે ચોડી દેવો. ચોડ્યા પછી થોડી વાર તેને દબાવી રાખવું.

આ પછી હૅન્ડલની જે બાજુ આપણી સામે રાખવાથી સ્ટૅમ્પ સીધો છપાય તે બાજુએ પિત્તળની એક ફૂદડી હૅન્ડલ ઉપર ચોડી દેવી; અથવા તેના ઉપર 'સીધો' (Front) એવો લોખંડનો પંચ તૈયાર કરાવીને મારવો, કે જેથી સ્ટૅમ્પ છાપતી વખતે તે સીધો છે કે ઊંધો તેની ખાત્રી વાપરનારને દરેક વખત સ્ટૅમ્પ જોઇને કરવાની કડાકૂટ ન પડે. પિત્તળની કે લોખંડની પટીઓ ઉપર પણ આજ રીતે રબ્બર ચોડી શકાય છે.

(ચાલુ)

પુરુષોત્તમ દ. પટેલ

ભામો ગળીઆરો



નાનકડી દાઢી ને ગરગોટીઆ જેવું મોં! બે દાંત આગળ પડતા હોઠ ઉપર દેખાય ને માથે મુંડો કરાવેલો, એવો ભામો હમેશાં નદીએ ધાબળા ધોવા આવતો ત્યારે અમે એને દૂરથી ઓળખી જતા. એ તો ભામો ગળીઆરો.

ભામો જાતનો મુસલમાન, પણ ગળીનું કામ કરે એટલે સૌ એને ગળીઆરો કહેતા.

ભામો કામળાનો વેપાર કરે. ભરવાડોને પહેરવા અને ઓઢવાના કામળા તથા આયરાણીઓને પહેરવાની લાંબડીઓ એ બનાવે; સરસ મજાની બાંધણી બાંધે ને લાલ રંગમાં રંગીને પછી ગળીમાં એના છેડા બોળે; માંહી સુંદર મજાના ગલ પાડે ને દોરા છોડી નાખે ત્યારે રૂપાળો ભાતીગળ ધાબળો ખીલી ઊઠે. ભામો રંગાટી હતો.

ભામાની સ્ત્રી ને છોકરાં બધાં બાંધણી બાંધે. ભામો રંગે ને છેડા બાંધી ગલ પાડે. સાંજે બહોળા પાણીમાં આવીને નિખારી જાય. પાણી બધું બગાડી મૂકે ને અમે ખિજાઇએ. પણ ભામો ભારે નમનતાઇ (નમ્રતા) વાળો. કોઇ સામે બોલે જ નહિ. મુસલમાનનો એને જરા ય વા નહિ. ભામો અશરાફ હતો.

ભામાનો મોટો છોકરો ઘાણી હાંકે ને તેલનો વેપાર કરે. ભામા પાસે બે પૈસાની મૂડી હતી, એટલે તલનો વેપાર પણ ભામો કરે. ભામો પૈસા પેદા કરવામાં હુન્નરી હતો.

ચોમાસું આવે ને ભામો સીમમાંથી ગળી વઢાવી લાવે. ઘેર લાવીને બધા છોડને સોરાવીને પાંદડાં ખંખેરાવે ને પછી કૂંડમાં નાખીને સોડવે. કેટલા ય દિવસ પછી ગળી પડે એટલે એને સુકવીને ભામો લાડવા વાળે ને પછી જ્યારે જોઇએ ત્યારે વાપરે. પણ એ વખત તો ત્યાં એટલી વાસ મારે કે ત્યાંથી નીકળ્યું જાય નહિ પણ ભામાને કાંઇ નહિ. બધું સદી રહેલું. ભામો ગળીનો વેપારી હતો.

રોજ સવાર પડે ને ભામો ડાંગસીઆને ઘેર જાય ને ધાબળા લઇ આવે. બપોર થાય ને ઊન લેવા ભરવાડની ઝોકમાં રખડે ને સાટાં કરે; અને કતરણ પડે ત્યારે બધાં ઘેટાં સાફ કરાવી ને પછી સુકાય એટલે માથે ઊભો રહીને કતરાવે. સાંજે ગામમાં ફરીને ડોશીઓને કાંતવા આપી આવે ને કંતાએલ ઊન લેતો આવે ને વણકરને આપી દે. કંતાઇ અને વણાઇ પણ સારી આપે. ભામાના વેપારમાં ગરીબગરબાંનો રોટલો હતો. ભામો મજૂરીઆતોનો પાલણહાર હતો.

હમેશાં ભામો મસ્જિદે જાય ને નમાઝ પઢે. શુક્રવારે સૌ સાથે નમાઝ પઢે ને સાંજે નાત કરે. ઇદને દિવસે ઇદગાહે જાય ને નવરો પડે ત્યારે તસ્બી ફેરવ્યા કરે. ભામો બહુ ઇમાની માણસ હતો.

ભામો ગયો અને એને નદી પાસેના ઘોરવાડામાં દફનાવ્યો. જ્યારેજ્યારે અમે નદીએ નહાવા જઇએ છીએ ત્યારેત્યારે ભામો જાણે અમારી નજરે જીવતો હોય એમ દેખાય છે. ભામાના છોકરા મોહર્રમમાં એની કબરે પાણી રેડી જાય છે, લોબાનનો ધૂપ કરે છે ને શ્રીફળ વધેરે છે. ભામો ભાગ્યશાળી હતો.

ભામો જતાં છોકરે વેપાર ઓછો કર્યો ને ગરીબોની રોજી ઓછી થઇ. ઘણી યે ડોશીઓ ભામાને હજી પણ યાદ કરીને આશીર્વાદ આપે છે.

મનુભાઈ જોધાણી



માધુકરી

ઇશુને જન્મ્યે જે જગતહૃદયોમાં નવ વસ્યું,
વસ્યું કૈં તે એને ક્રુસ પર ચડચ્યે; ને જગજને
સુખે માણ્યા શોખો જીવનબલિ પેગંબર તણા
પૂજી, રોઈ, ગાઇ; પણ ન પ્રકટાવ્યું ઇશુ-ઉર.
રચ્યા ધર્મો ને ઉત્સવ ઉજવિયા દિવ્ય બલિના;
મીઠો એનો કિંતુ હુકમ સહુના બંધુપણનો
જગે ઘોળી પીને અશમ ઉલટાવ્યાં વિષ ઉરે.

—ઉમાશંકર જોષી

ફાધર એલ્વિનની મૂક સેવા

ફાધર એલ્વિન એક અંગ્રેજ પાદરી છે. તેમનું વય તો ૨૮-૩૦ વર્ષનું હશે, તો પણ તેમને ફાધર—પિતાનું બિરુદ અપાયું છે. એ પદની યોગ્યતા તેઓ ધરાવે છે એનો આજે થોડો ખ્યાલ આપું છું. એ પાદરી છે પરંતુ બીજા પાદરીઓમાં અને તેમનામાં ભેદ એ છે કે તેઓ બીજા પાદરીઓની પેઠે જેની સેવા કરે છે તેને ખ્રિસ્તી ધર્મમાં વટલાવતા નથી. ફાધર એલ્વિન પ્રખ્યાત સંત ફ્રાન્સિસના અનુયાયી છે. ફ્રાન્સિસની જીવનકથા તો સર્વેને સુવિદિત છે. એ સંત જન્મે અમીર કુટુંબનો નબીરો હતો ને તેણે દરિદ્રોનાં દુઃખ જોઇને તેઓની સાથે સમભાવ કેળવીને પોતાનું આખું જીવન દરિદ્ર ને દુઃખીની સેવામાં સમર્પણ કરી દીધું હતું. સંત ફ્રાન્સિસના અનુયાયી તરીકે ફાધર એલ્વિન પણ અનન્ય સેવા કરી રહ્યા છે. મધ્ય પ્રાન્તોમાં મંડલા જિલ્લામાં ગોંડ નામના જંગલવાસીઓ કુદરતની તદ્દન નજીકનું જીવન ગુજારે છે. એ જિલ્લામાં તેમણે કરંજિયા નામનું એક ગામ સેવાના ક્ષેત્ર તરીકે પસંદ કર્યું છે. ત્યાં જવા માટે રેલવે નથી. પચ્ચીસ માઇલ ડોળીમાં સૂતા સૂતા ત્યાં મારે જવું પડ્યું હતું; ને એ બધો રસ્તો પણ ગીચ જંગલ વચ્ચેથી પસાર થાય છે.

જે સ્થળમાં કાર્યકર્તા નથી જઈ શકયા ને જ્યાં જતાં આપણા જેવાને અનેક જાતની અગવડો ભોગવવી પડે છે તેવું સ્થાન ફાધર એલ્વિને પોતાના કાર્યક્ષેત્ર માટે પસંદ કર્યું છે. ચોમાસામાં તો એ સ્થાન આપણાથી ન રહી શકાય એવું ભયંકરરીતે ઝેરી બની જાય છે. આજથી લગભગ નેવું વર્ષ પહેલાં ચાર જર્મન પાદરીઓ એ સ્થાને જઈ વસ્યા હતા. પરંતુ થોડા જ સમયમાં ત્યાંના ઝેરી વાતાવરણથી એ ચારે ય મરણને શરણ થયા. તેમની કબર આજે ત્યાં મોજુદ છે. આ ઉપરથી જાણી શકાશે કે એ ગોંડ લોકોની સેવાનું કામ કેટલું વિકટ છે.

ગોંડ લોકો આપણા ભીલના જેવા જ છે. તેમની ભાષા ગોંડી છે. ફાધર એલ્વિને તેઓની વચ્ચે જઇને તેમના જેવાં જ ઘાસમાટીનાં ઝુંપડામાં રહીને સેવા શરૂ કરી છે. તેમની સાથે એક બીજા મહારાષ્ટ્રી ખ્રિસ્તી ભાઈ શ્યામરાવ કરીને છે. બીજા ચારેક ભાઇઓ તેમની સાથે હતા, પરંતુ ત્યાંની પરિસ્થિતિની કઠણાઇ સહન ન થવાથી તેઓ પાછા ગયા છે.

ફાધર એલ્વિન અને તેમના સાથીએ મળીને કેટલાંક ગામોમાં ગોંડ લોકોને સંસ્કારશિક્ષણ આપવાની દૃષ્ટિએ નિશાળો શરૂ કરેલી છે. તે ઉપરાંત દવાખાનાં પણ ખોલેલાં છે. ખાસ કરીને રક્તપિત્તિયાંની સારવાર માટે તેમણે જુદાં દવાખાનાં કાઢ્યાં છે ને તેમને ઇન્જેકશન આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ બધા સેવાકાર્યની પાછળ એક વિશેષતા તો એ છે કે ફાધર એલ્વિન ને તેમના સાથીઓ ગોંડ લોકોની વચ્ચે તેમના જેવી જ સાદી રહેણીથી રહે છે, તેમનાં બાળકોને રમાડે છે ને એ જંગલવાસીઓના જીવનને પવિત્ર સંસ્કારોની કેળવણી સ્વપ્રમાણુથી આપે છે.

ગોંડ લોકોની આસપાસ એટલું મોટું જંગલ ફેલાએલું છે કે ત્યાં ચોમાસામાં રહેવું તો લગભગ અશકય થઇ પડે છે. તો પણ ફાધર એલ્વિને ચોમાસાની એ અતિશય મુશ્કેલીવાળી ઋતુમાં પણ રહેવાની હિંમત કરી છે. ફાધર એલ્વિન આવી સુંદર નિઃસ્વાર્થ સેવા ત્યાં કરી રહ્યા છે, પરંતુ તેમને નાણાંની પૂરતી મદદ નથી મળી રહેતી. નાણાંની તેમને તંગી રહે છે તેનું કારણ એ છે કે બીજા પાદરીઓ તો હિન્દમાં વટલાવવાનું કામ કરે છે તેથી તેમને પરદેશથી એ કામમાં મદદ મળે છે; પરંતુ ફાધર એલ્વિનનું કામ તો નિર્ભેળ સામાજિક સેવા જ છે. તેઓ કોઇને વટલાવતા નથી, તેથી તેમને પરદેશથી નાણાંની સહાય નથી મળતી. વળી તેઓ પાદરી હોવાથી અહીંના આપણા લોકો પણ તેઓની પ્રવૃત્તિમાં શંકાની નજર રાખે છે, એટલે અહીંના લોકો પણ તેમને સહાય કરતાં અચકાય છે. હું આ વખતે ત્યાં ગયો ત્યારે તેમનું બધું કામ

જોયું ને તેમની વ્યવસ્થિત કામ કરવાની પદ્ધતિથી એટલો બધો ખુશ થયો કે ત્યાંની એક શાળાનું માસિક રૂા. ૧૫નું એક વર્ષનું ખર્ચ ગુજરાતમાંથી કે ગમે તેમ કરીને મારે પૂરું પાડવું એવું હું વચન આપી આવ્યો છું.

સારાં સગવડવાળાં શહેર કે ગામડાંની નજીકમાં સેવા કરવી એમાં બહુ મુશ્કેલીઓ વેઠવાની નથી હોતી; પરંતુ જ્યાં અઠવાડિયામાં માત્ર ત્રણ દિવસ ટપાલ મળે છે, તારનો થાંભલો જ્યાં નજરે પડતો નથી, જ્યાં બીજી સગવડોનો સંપૂર્ણ અભાવ છે ને જ્યાં તદ્દન જંગલવાસીઓની સાથે જ એકતા કેળવવાની છે ત્યાં આપણી સેવાવૃત્તિની ખરી કસોટી છે.

અમૃતલાલ વિ. ઠક્કર

સમુદ્રશોષ

સમુદ્રશોષને કેટલાક લોકો સમદરશોષ પણ કહે છે. મરાઠીમાં એને સમુદ્રશોક, હિંદીમાં હિજ્જલ ને બંગાળીમાં હિજ્જલગાછ કહે છે.

સમુદ્રશોષના વેલા થાય છે. એ વેલા બહુ જ લાંબા અને મજબૂત હોય છે. પચાસપચાસ ફૂટ ઊંચાં ઝાડો પર ચઢી જઇ એ બધે ફરી વળે છે. આથી જ કદાચ એને અંગ્રેજીમાં Elephant Creeper કહે છે. એનો ગુજરાતી અર્થ હાથીવેલ થાય, અને ખરેખર સંસ્કૃતમાં એને હસ્તીવલ્લી કહે છે.

એનાં પાંદડાં મોટાં અને પહોળાં હોય છે. ચોમાસા તેમજ શિયાળાની શરૂઆતમાં તેને ગુલાબી રંગનાં ઘંટના આકારનાં ફૂલ લાગે છે. શિયાળાની અધવચમાં તેનાં ફળ પાકે છે.

ચોમાસામાં ઘેરા ગુલાબી રંગનાં ફૂલને લીધે દૂરથી એ વેલો બહુ સુંદર લાગે છે. એ વેલાના કોમળ ભાગ પર સફેદ રેશમ જેવી સુંવાળી રુવાંટી આવેલી હોય છે.

વેલાના પ્રમાણમાં એનું મૂળ ઠીક જાડું અને લાંબું હોય છે. તે નાના બાળકની જાંઘથી તે મોટા માણસની જાંઘ જેટલું જાડું થાય છે. મુખ્ય મૂળમાંથી બીજા ઘણા ફાંટાઓ ફૂટે છે ને એ ફાંટાઓમાં પણ કોઇકોઇ ચારચાર ઇંચ જેટલા જાડા હોય છે.

સમુદ્રશોષના વેલાની દાંડી વેલાના પ્રમાણમાં જાડી હોય છે. કોઇકોઇ દાંડી તો એકેક ઈંચ જેટલી જાડી હોય છે. ને બહુ જૂના વેલામાં તો તેથી યે વધુ જાડી દાંડી હોય છે. દાંડીનો રંગ ફિક્કો ધોળો હોય છે.

વેલા પર પાન આંતરે આવેલાં હોય છે. આ પાન નાનામાં નાનું બે ઈંચનું હોય છે ને મોટામાં મોટું એક ફૂટનું થાય છે. પાંદડાની લંબાઇ અને પહોળાઇમાં થોડો જ અંતર હોય છે. પાંદડાની દીંટડી ગોળ અને લાંબી હોય છે અને તેના પર ધોળા વાળની રુવાંટી હોય છે.

ફૂલ ધારણ કરનારી સળી પત્રકોણ પાસેથી નીકળેલી હોય છે. પાંદડાની દીંટડી જેવી એ જાડી હોય છે. એ સળીની લંબાઇ અરધા ફૂટથી એક ફૂટ જેટલી હોય છે. એના પર પણ ધોળા રંગની રુવાંટી આવેલી હોય છે.

સમુદ્રશોષનાં ફળ અરધા પોણા ઇંચના વ્યાસનાં થાય છે. એ ફળ ગોળ હોય છે; પણ કોઈકોઇ લંબગોળ આકારનાં પણ થાય છે. ફળને ટેરવે બારીક અણી હોય છે. એ ફળ જ્યારે કાચાં હોય છે ત્યારે તે તદ્દન આછા લીલા રંગનાં હોય છે ને એની પર આછી સફેદ રંગની રુવાંટી હોય છે. જ્યારે પાકીને સુકાઇ જાય છે ત્યારે લીસાં ને ચળકતાં બને છે ને એ વખતે એનો રંગ પણ પીળાશ પર પડતો ભૂરો કે તપખીરીઓ થઇ જાય છે. ફળ ઝાડ પર પાકી જતાં એની મેળે ફાટીને નીચે પડી જાય છે. આપણે જો હાથ વડે દબાવીએ તો પણ એ ગમેતેમ વાંકુંચૂકું ફાટી જાય છે.

સમુદ્રશોષનો આખો વેલો ઉપયોગી જણાય છે. વીંછી તથા સાપના દંશ ઉપર સમુદ્રશોષનું મૂળ પાણીમાં ઘસીને ચોપડવાથી ઘણો ફાયદો થાય છે. સંધીવા અને રસવિકારના સોજા ઉપર પણ એ મૂળ ઘસીને ચોપડાય છે. એનું મૂળ તથા ચોખા પાણીમાં વાટીને આધાશીશી પર ચોપડાય છે ને તેનાથી સારો ફાયદો થાય છે. એના મૂળમાં તથા દાંડીમાં રેચનો ગુણ હોવાથી રેચક તરીકે પણ એ ઉપયોગમાં લઇ શકાય છે. એના પાંદડા પર દીવેલ ચોપડી વાળા પર બાંધતાં તમે કદી કોઇને જોયાં છે? એના પાનને ગોળની સાથે વાટી પ્લેગ—મરકીની ગાંઠ પર પણ ઘણા લોકો બાંધે છે. તડકે ભટકવાથી લૂ લાગે તે માટે ટોપીની અંદર એનાં પાંદડાં મૂકીને ટોપી પહેરનારા તો ઘણીવાર જોયા હશે. માથું દુખતું હોય તોપણ એ રીતે એનાં પાંદડાં મૂકી ટોપી પહેરી જોજો. પેટમાં દુખતું હોય ત્યારે એના પાનને દીવેલ કે મીઠું તેલ ચોપડી પેટ પર મૂકી શેક કરવાથી ફાયદો થાય છે

ગુમડા પર સમુદ્રશોષનાં કોમળ પાંદડાં ઊંધાં બાંધવાથી ગુમડું પાકીને ફાટી જાય છે તે તો તમે જાણતા જ હશો! ગુમડાની અંદરથી પરુ નીકળી ગયા પછી એ જ પાન સીધું કરીને મૂકવાથી ગુમડા પર રૂઝ આવી જાય છે. ગુમડાં વગેરે પર રૂઝ લાવવા માટે એનાં સૂકાં પાંદડાંનો મલમ પણ બનાવવામાં આવે છે. કાન દુખતો હોય ત્યારે સમુદ્રશોષના પાનનો રસ કાઢી બેત્રણ ટીપાં નાખી જોજો. સમુદ્રશોષના ફળમાંથી નીકળતી ભૂરા રંગની ભૂકી માદક તથા સ્તંભક ગણાય છે.

સમુદ્રકિનારાના મુલકમાં એના વેલા ખૂબ થાય છે. કોંકણ તરફ દરિયાકિનારાની વાડીઓમાં એ પુષ્કળ ઊગે છે ને એનું સમુદ્રશોષ એવું નામ એ પરથી પડ્યું હોય તેમ લાગે છે. વધુમાં એના વેલા ઘણા શોષક છે. જે જગ્યાએ એ ઊગે છે તે જગ્યામાંથી તથા આજુબાજુએથી એ ખૂબ રસકસ ચૂસી લે છે. એ વેલો સુકાઇ ગયા પછી તદ્દન શુષ્ક થઈ જાય છે. એ વેલામાં શોષણનો ગુણ ઘણા વધારે પ્રમાણમાં છે. સમુદ્રને પણ શોષી જાય તેવો ભાવ બતાવવા પૂરતું એનું નામ સમુદ્રશોષ પાડવામાં આવ્યું હોય તેમ લાગે છે.

વીંછીના ડંખ માટે સમુદ્રશોષનું લાકડું એટલું બધું ઉપયોગી

ગણાય છે કે એનો કટકો હાથમાં પકડી રાખવાથી પણ વીંછીનું ઝેર ઉતરી જાય છે એમ મનાય છે! સમુદ્રશોષનાં કુમળાં પાંદડાંનું કેટલાક લોકો શાક પણ કરે છે.

(સંકલિત) —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

રેલવે ટ્રેઇનમાંથી રાજ્યવહીવટ

આજે તુર્કીનો તારણહાર કમાલ પાશા નવીન ઢબે રાજ્ય કરવા બહાર પડ્યો છે. આંગોરાની સરકારે નિશ્ચય કર્યો છે કે પ્રજાની ઉન્નતિ માટે અનેક ધંધાઓ ખીલવવાની જરૂરિયાત છે. મોઝુલમાં આવેલા તેલના કુવામાંથી ગ્યાસલેટને લાંબી નળીઓ વાટે પ્રજાને જલદીથી પહોંચાડવા માટે નવીન રેલવે બાંધવી, નવાં બંદરો ખીલવવાં અને વેપારઉદ્યોગને ઉત્તેજન આપવું કે જેથી દેશ પ્રગતિ કરતાં ઉન્નતિના શિખરે પહોંચે.

આ સર્વ કામ કંઇ એક શહેરમાં બેસીને સરકારી ઑફિસની ખુરશીમાં પડી ટેબલો ઉપરથી કરાવી શકાય નહિ. આને સારૂ તો દેશના વડાએ જાતે જ ફરવાની જરૂર છે. પણ ચારે બાજુ પહોંચી વળવા માટે અનેક સાધનો જોઇએ. મોટરમાં બેસીને કે એરોપ્લેનમાં જાતે ઊડીને તો જઇ શકાય, પણ સાથે બધો રસાલો ને ઑફિસનો સરંજામ રખાય નહિ.

આથી કમાલ પાશાએ એક સ્પેશિયલ ટ્રેઈન બનાવડાવી છે. એની અંદર તે રહેશે. એમાં જ તે મુસાફરી કરશે અને રાજ્યની અંદર જ્યાંજ્યાં બાંધકામ થાય છે તે પર દેખરેખ રાખશે. આજે એક ગામ તો કાલે બીજે ગામ, એમ પાંચ વર્ષ સુધી સદંતર તે આ ટ્રેઇનમાં જ રહેશે અને તેમાંથી જ પોતે પોતાનું સર્વસ્વ કામ કરશે.

હવેથી આંગોરામાંના તેના બંગલામાં મેળાવડા પાર્ટીઓ અને સભાઓ વગેરે બંધ થશે. પરદેશી એલચીઓને પણ જો ખાસ મળવું હશે તો તેને છેક જ્યાં કમાલ પાશા ટ્રેઈનમાં મુસાફરીમાં હશે ત્યાં જ મળવા જવું પડશે.

આ ટ્રેઇનની અંદર ટપાલ તેમજ તાર ઑફિસ રાખવામાં આવી છે. તેમાં રેડિયો અને ટેલિફોનની સગવડ પણ રાખવામાં આવી છે. રસ્તામાં જરૂર પડે તો રેલવેના તાર જોડે જોડી ટેલિફોન પણ કમાલ પાશા કરી શકશે, તેમજ જરૂર પડયે રેડિયો અને વાયરલેસથી પણ સંદેશા લઈ તેમજ મોકલી શકશે. ચાલતી ટ્રેઇને સારા યે જગતની જોડે પણ તે વાતચીત કરી શકે એવી સરસ સગવડ આ ટ્રેઇનમાં કરવામાં આવી છે.

એક ડબ્બામાં તો તેની બાર ટાઇપિસ્ટો રહેશે. ત્યાં જ તેમને સૂવાકરવાનું અને એક ખૂણામાં બધાં ટાઇપરાઇટરો તેમજ કાગળો તથા ફાઇલો વગેરે મૂકવાકરવાનાં સાધનો. આ બારે ટાઇપિસ્ટો ટર્કિશ છોકરીઓ જ છે.

વચ્ચે કમાલનો ડબ્બો છે, જે તેનું ઘર થશે એની બેસવા ઊઠવાની ઓરડી પણ ત્યાં જ. તેની ચારે બાજુએ ખાનાં રાખવામાં આવ્યાં છે જેમાં કામકાજના કાગળો રાખવામાં આવશે અને અનેક ચોપડાઓ, નકશાઓ વગેરે પણ આ જ ઓરડીમાં ખાસ રાખવામાં આવ્યા છે, એટલું જ નહિ પણ ટ્રેઇનની અંદર જગ્યાએજગ્યાએ છતમાં નકશાઓ ચીતરવામાં આવ્યા છે. ફક્ત જમવાનો ઓરડો બધા સારૂ જુદો છે.

ટ્રેઈનમાં એક નાનુંસરખું દવાખાનું પણ છે જ્યાં તાત્કાલિક દવા વગેરે પણ જોઇએ ત્યારે મળી શકે. નર્સ, આયા અને નોકર પણ ઇસ્પિતાલના જુદા જ.

નહાવા ધોવા સારૂ તો ખાસ સગવડ કરવામાં આવી છે અને ચાલતી ટ્રેઇને એન્જિનમાંથી સ્ટીમ થાય તે વાટે ગરમ પાણી પણ મળે તેની ખાસ કાળજી રાખવામાં આવી છે; તેમજ ઠંડી પડતી હોય તો આ સ્ટીમની નળીઓ વાટે સારી યે ટ્રેઇનમાં અમુક ટૅમ્પરેચર પણ રાખી શકાશે.

ટ્રેઇનમાં ૧૨૦ માણસોને રહેવા કરવાની સવડ કરવામાં આવી છે. આમાં કારકુનો, ટાઇપિસ્ટ, પટાવાળા, પોલિસ, ઉપરી અમલદાર અને રક્ષણ કરવા થોડાક સૈનિકો પણ છે.

ટ્રેઇનના છાપરા પર એક નાનુંસરખું એરોપ્લેન ગોઠવવામાં આવ્યું છે, જેમાં જરૂર હોય ત્યારે કમાલ પાશા ઊડીને પણ દૂર જગ્યા પર કામકાજ જોવા નીકળી પડે. એક ડબ્બામાં મોટર પણ રાખવામાં આવી છે કે રસ્તામાં જરૂર જણાય તો ગાડી થોભાવી રખાવી પોતે મોટર કઢાવી બહાર ફરવા જઇ શકે.

ગાઝી મુસ્તફા કમાલ પાશા આ રીતે પાંચ વર્ષની અંદર તુર્કીને એક મહાન સત્તા તરીકે ગણાવવા ઈચ્છે છે અને જે સ્વતંત્રતા પોતાના દેશને તેણે આપી તે દેશની ઉન્નતિ માટે અત્યારે જાતે બધું યે કામકાજ જોવા અને તે પર દેખરેખ રાખવા બહાર પડ્યો છે. દેશનો તારણહાર જ્યારે જાતે જ દેખરેખ રાખવા નીકળે ત્યારે પ્રજાના માનસ પર તે કેવી અસર કરી શકે તે સમજવું કંઇ મુશ્કેલ નથી. (બે ઘડી મોજ)

કૂતરાનો ભક્ષ બની ગએલો રાજકુટુંબી

મધ્ય ભારતના એક દેશી રાજ્યના મહારાજાને ત્યાં તેના એક ગિરાસદાર ભાઇ મહેમાન થઇ ગએલા. રાતના તે બીચારા જરા ફરવાને બહાને બહાર નીકળ્યા ત્યાં તો પાળેલા એંશી શિકારી કૂતરા તેના પર તૂટી પડ્યા અને બચકેબચકું ખાઈ ગયા; માત્ર થોડાં હાડકાં રહ્યાં. મરનારના કુટુંબને બદલા તરીકે મહારાજાને એક ખાસ્સી રકમ દેવી પડી.

વીજળી આકાશથી ઊતરતી નથી

બધા વૈજ્ઞાનિકો એમ માનતા કે વીજળી વાદળાંમાંથી સરીને પૃથ્વી પર પટકાય છે એટલે મનુષ્યો, મકાનો, વૃક્ષો વગેરેને હાનિ પહોંચે છે. પણ છેલ્લી શોધથી સાબિત થયું છે કે વીજળી ઉપરથી પડતી નથી, પણ પૃથ્વીની અંદરના વિદ્યુત્ કેન્દ્રમાં પહેલાં પ્રકમ્પન થાય છે. અને વાદળાંમાં રહેલી વીજળી તો અસ્થિર બની રહી હોય છે જ; એટલે પૃથ્વીમાંથી છટકેલી વીજળી તેને જઇ મળે છે. સવાલ થશે કે વાદળાંમાં પહેલી ચમક કેમ દેખાય છે? એનો જવાબ એમ મળે છે કે વાદળમાં પ્રકાશપરિવર્તન કરવાનો ધર્મ છે, પૃથ્વીમાં નથી.

નાગપુરની ઉદ્યોગશાળા

નાગપુરમાં સરકાર તરફથી એક ઉદ્યોગશાળા ચાલે છે. ઔદ્યોગિક કેળવણીમાં રસ લેનાર કોઇ પણ માણસ નાગપુરમાં આવે તો તેણે આ નિશાળ તેમજ નીચે વર્ણવેલાં ચર્માલય અને શાળા જોયા વિના ન જવું જોઇએ. અહીં સુતારકામ, લુહારકામ ને મોચીકામ શીખવાય છે. દરેક વિભાગમાં અભ્યાસક્રમ ત્રણ વરસનો છે, અને બધા છોકરાઓને મધ્યપ્રાંતની સરકાર તરફથી શિષ્યવૃત્તિ મળે છે. જોડા સીવવાના વર્ગમાં હિંદુ ચમાર અને ખ્રિસ્તી છોકરા આવે છે. સાથે સરંજામવાળાં કારખાનાં છે, અને ૧૫૦ છોકરાને માટે સરસ છાત્રાલય છે. સરકારે બીજું એક ચર્માલય અને શાળા પણ થોડાંક વરસ પર કાઢ્યાં હતાં. તેને એક મોટા પગારના ગોરા અમલદારના હાથમાં સોંપ્યાં, પણ ખરચ બહુ ભારે પડવા લાગ્યું, તેથી વલીભાઇ સુંદરજી નામના ચામડાના એક મુસલમાન વેપારીને આપી દીધાં. તેઓ એ ચલાવે છે. સરકારે મોકલેલા ૧૦ છોકરાને કેળવવાની બંત્રણી છે. છોકરાઓ બધા ચમાર જ છે. તેમને બે વરસના અભ્યાસ માટે મહિને ૮ અને ૯ રૂપિયાની શિષ્યવૃત્તિ મળે છે. ચામડાં કેળવવાનું કામ હાથે તેમજ સંચાથી બંને રીતે થાય છે. ચામડાં કેળવવાના કામના એક નિષ્ણાત મિ. પાલના હાથમાં આ ખાતું છે. મધ્ય પ્રાંતનો કોઇ પણ છોકરો ચામડાં કેળવવાનું શીખવા માગતો હોય તો નાગપુરના ડિરેકટર ઑફ ઈન્ડસ્ટ્રીઝની મારફતે આ નિશાળમાં દાખલ થઈ શકે છે.

(હરિજનબંધુ) —અમૃતલાલ વિ. ઠક્કર

પતંગિયાંની પાંખ પર પીછાં હોય છે

એ તમને ખબર છે? એકાદ પતંગિયું પકડો તો તેની પાંખ ઉપરની રજ તમારી આંગળીએ ચોંટી આવે છે એ તો તમે જાણતા હશો. આપણી નજરે બારીક દેખાતી આ રજનો એકે એક અણુ એ એક એક પીછું છે એમ વૈજ્ઞાનિક તપાસે સિદ્ધ કર્યું છે. પીછાંની માફક જ એને દાંડી અને પિચ્છ હોય છે. આ 'પીછાં' પતંગિયાના ઊડવામાં ઘણાં સહાયકર્તા હોય છે.

રેલવે કંપની કેટલું કમાય છે?

સરકારની માલિકી હેઠળ ચાલતી રેલવે કંપની મારફત કેટલી કમાણી થાય છે એનો ખ્યાલ ફક્ત એક જ અઠવાડિયાના તેના આંકડા જોવાથી આવી શકશે.

ગઇ તારીખ સાતમી જુલાઇએ પૂરા થએલા અઠવાડિયામાં સરકારી રેલવેખાતાને ફક્ત દોઢ કરોડ રૂપિયા મળ્યા! તેના આગલા અઠવાડિયામાં આથી આઠ લાખ રૂપિયા ઓછા ઉપજ્યા હતા. ગયે વર્ષે પણ આ જ અઠવાડિયે દોઢ કરોડની કમાણી થઇ હતી. ચાલુ સાલે પહેલી એપ્રિલથી સાતમી જુલાઇ સુધી બધી મળીને કુલ પેદાશ ૨૪.૬૬ કરોડ રૂપિયા થઇ. ગયે વર્ષે આ સમય દરમ્યાન જે ઉત્પન્ન આવી તેના કરતાં આ ઉત્પન્ન ૧.૧૬ કરોડ વધારે છે. (સાપ્તાહિક સકાળ)

ઈંગ્લંડ ઑસ્ટ્રેલિયા વચ્ચેના ઉડ્ડયનની હરીફાઈ



ઇંગ્લંડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચેનો વાયુવ્યવહાર ખીલવવાના ઉદ્દેશથી તેમ જ જગતે વાયુયાનની ઝડપમાં કરેલી પ્રગતિનું માપ કાઢવા તથા ભવિષ્યની શકયતાઓ વિચારવાના હેતુથી હમણાં છેલ્લી યોજાએલી ઇંગ્લંડ– ઑસ્ટ્રેલિયા વચ્ચેની ઝડપી વાયુયાનની શરતમાં સી. ડબ્લ્યુ. એ. સ્કૉટ, ટી કૅમ્પબેલ બ્લૅક નામના સાથી સાથે પોતાના મૉનોપ્લેનમાં પહેલો આવ્યો મિલ્ડનહૉલ (ઇંગ્લંડ)થી મેલ્બોર્ન (ઑસ્ટ્રેલિયા) સુધીનું એ અંતર કાપતાં ચાલુ વાયુયાનને બાર દિવસ, સ્ટીમરને પાંચ અઠવાડિયાં અને સઢવાળા વહાણને બાર અઠવાડિયાં લાગે છે તે એમણે બે દિવસ, બાવીસ કલાક અને સાડી ઓગણસાઠ મિનિટમાં કાપ્યું

ક્રિકેટમાં ઊડતાં પંખી

૧૯૨૧ના ઑગસ્ટની ૨૪મીએ ઓલ્ડન અને મિ. કાર્લ્ટનની ટીમ વચ્ચે મૅચ રમાતી હતી. મિ. ડબલ્યુ એન્ટિક બૅટિંગ લેતા હતા અને સસેક્સનો રૉબર્ટસ બોલીંગ કરતો હતો રૉબર્ટસે એક ગુડલેંગ્થ બૉલ નાખ્યો. એ બૉલ એક ઊડતા પંખી (sparrow)ને વાગ્યો ને એન્ટિકની વિકેટ ખેરવી નાખી! વિકેટકીપર મિ. નિકૉલસન કહે છે કે પંખીને બૉલ વાગ્યો એટલે જ બૉલ લગભગ ત્રણ ઇંચ બ્રેક થયો અને વિકેટ મળી. નહિતો વિકેટ મળવાની આશા ન હતી!

૧૯૨૬માં લૉર્ડ્ઝના ગ્રાઉન્ડ ઉપર ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લંડ વચ્ચે ટેસ્ટ રમાતી હતી. ઑસ્ટ્રેલિયનો ફીલ્ડિંગમાં હતા, ને તેમનો ફાસ્ટ બૉલર ગ્રેગરીન જોન્સ પૅવેલીઅન પાસેના પડદાની જમણી બાજુ આગળ ફીલ્ડિંગ કરતો હતો ગરમી સખત હતી. એકબે પળ માટે તેને ઝોકું આવી ગયું. એવામાં એક કૅચ આવ્યો. સીડ ગ્રેગરીએ જોયું તો જોન્સ અધ જાગૃત લાગ્યો.

તેણે બૂમ પાડી એરીન, કૅચ! જોન્સે એકદમ તેની પાસેથી પસાર થતું કાંઇક જોયું ને પકડયું.

કેટલાકોએ આથી તાળી પાડી; પણ પાસેના પ્રેક્ષકો તો અજાયબી પામ્યા, કારણકે બૉલ તો બાઉન્ડરી બહાર ચાલ્યો ગયો હતો. એરીને હાથ ઉઘાડી જોયું તો પંખી (Sparrow)! અર્ધ જાગૃત અવસ્થાનું એ સુંદર પરિણામ! (ગુજરાત સમાચાર)

કોલારની સોનાની ખાણોની શોધ

કંચન અને કામિનીએ હમેશાં મનુષ્યહૃદયને લોભાવ્યું છે કંચનની શોધે જગતમાં સમૃદ્ધિની છોળો ઉડાડી તેની સાથે સાથે વેર અને વૈમનસ્ય પણ પેદા કર્યાં, ખૂનખાર યુદ્ધો જગાવ્યાં અને એ મહામૂલ્યવાન વસ્તુ મેળવવાનો અજંપો લોકોમાં જાગ્રત કર્યો. પરિણામે થોડાના સુખને ભોગે લાખોને તેણે કચરી નાખ્યા. હિંદુસ્તાનની ખનીજ અને ભૌતિક સમૃદ્ધિથી આકર્ષાઇ અંગ્રેજો અહીં આવ્યા. ધીમેધીમે તેઓ વેપારી મટી વહીવટકર્તા થયા. એમના ઘોડાઓના દાબડા દેશી રજવાડાઓમાં પણ વાગવા લાગ્યા. મ્હૈસુર રાજ્ય તરફ પણ તેમણે મીટ માંડી અને અંતર્ગત સ્થિતિની બારીક તપાસ શરૂ કરી. રાજ્યના પહાડો, જંગલો અને નદીનાળાં તપાસવા ગોરા સાહેબો ઊતરી પડ્યા.

ઈ.સ. ૧૮૦૦ની સાલ હતી લેફ્ટેનન્ટ જૉન વૉરન નામના એક ગોરા અમલદારે રાજ્યની સીમા નક્કી કરી માપણી કરવા મ્હૈસુરના એક ગામડામાં તંબુ ઠોકયા. એક દિવસ સાહેબ ફરવા નીકળ્યા. આજુબાજુનાં લીલાંછમ ખેતરો જોઇ એમની આંખો ઠરી. પડખે ઊભેલા એક ખેડુતને પૂછ્યું કે 'જમીન તો બહુ ફળદ્રુપ લાગે છે; મહેનત કરો તો વાવેતર બહુ સારૂં થાય.' ખેડુતે કહ્યું કે 'સાહેબ, આ તો કળજુગ બેઠો છે; નહિતર પ્રભુની મહેર તો પૂરી હતી. મને સાંભરે તેમ ડાંગરના કણસલામાં સોનાની કણીઓ બાઝતી. બાકી હવે તો દૈવ રૂઠયો લાગે છે. આગળ જેવી બરકત ધાન્યમાં આજ રહી નથી અને દહાડે દહાડે ધરતીમાં રસાંગ પણ ઘટતી જાય છે.' સાહેબે પૂછ્યું, 'સોનાકણીઓ કણસલામાં શી રીતે બાઝે?' ખેડુતને લાગ્યું કે સાહેબ બેઇમાન છે. તેણે જવાબ આપ્યો, 'સાહેબ, આપને ખાત્રી ન આવતી હોય તો બીજા લોકોને પૂછો. ખોટી વાત કરવામાં અમને શો લાભ?' સાહેબ વિચારમાં પડ્યો. તેને લાગ્યું કે ખેડુતના કહેવામાં કંઇક તથ્ય પણ હોય. ભૂખરી જમીન અને નાળાઓના પેટાળમાં જો સોનું હોય તો વરસાદથી જમીન ધોવાઇ પાણી ડાંગરના ખેતરમાં એકઠું થાય તેની સાથે સોનાકણીઓ પણ તણાઇ આવે. અને ડાંગરના રોપા ખેતરમાં રોપાય અને મોટા થાય ત્યારે સંભવ છે કે કણસલામાં કોઇકોઈ સોનાકણીઓ બાઝી રહે.

બીજે દિવસે તે ગામની પશ્ચિમ તરફના જંગલમાં ફરવા ગયો ત્યારે તેની આ માન્યતા સાચી પડી. તેણે જોયું કે જમીનમાં ખાડાઓ ખોદી કેટલીક સ્ત્રીઓ અંદરની માટી ટોપલાઓમાં એકઠી કરતી હતી. પછી સૂપડાંઓથી સોઇ મોટા કાંકરા તેમાંથી છુટા પાડતી હતી અને માટીને એક વાસણમાં લઇ તે વાસણ ડૂબી શકે તેટલા પાણીમાં રાખી બધી માટીને હાથ વતી હલાવતી હતી. આથી સોનું ભારે હોવાથી નીચે બેસી જતું અને માટી ધોવાઇ જતી. પછી કાળજીપૂર્વક બીજો કચરો છુટો પાડી, સોનાનાં રજકણો રહી જાય તે એકઠાં કરી લેતી હતી. વૉરન સાહેબને લાગ્યું કે પૂરતા સાધનને અભાવે લોકો સોનું સહેલાઇથી કાઢી શકતા નહિ. બહુ મહેનતને ભોગે પણ ઘણું થોડું સોનું હાથ આવતું હતું. આજુબાજુના પ્રદેશમાં તેણે કેટલીક સોનાની ખાણો જોઇ. દરેકની લંબાઇ ચાર ફૂટની, પહોળાઇ બે ફૂટની અને ઊંડાઇ ત્રીસ ફૂટ લગભગની હતી દરેક ખાણમાં થોડાથોડા અંતરે અંદર ઊતરવા પગ ટેકવવા માટે નાનાનાના ગોખલા કરેલા હતા. ખાણમાં ઊતરી નીચે ખોદતા મજૂરો ટોપલા ભરીભરીને માટી વચ્ચે ગોખલામાં પગ ટેકવી ઊભેલા મજૂરોને આપતા. તેઓ પાછા તેમની ઉપર ઊભેલા મજૂરોને આપતા અને એ રીતે માટી સાથે ભળેલું સોનું જમીનની સપાટી ઉપર આવતું. પછી તેને સાફ કરી સોનું છૂટું પાડતા. આ બધી જમીન કબજે કરી મોટી ખાણો ધમધોકાર ચલાવવા વૉરન સાહેબે નિશ્ચય કર્યો. ખટપટ કરી મ્હૈસુર સરકારને બધી પેદાશમાંથી દસ ટકા આપવાના ઠરાવી ખાણોની જમીન હાથ કરી. હળવે હળવે તો કોલર, નંદીદુર્ગ અને કોર ગામની આસપાસની ખાણોમાંથી અઢળક સોનું નીકળવા લાગ્યું અને કોલરની સોનાની ખાણોની ખ્યાતિ દેશવિદેશમાં પ્રસરી ગઇ.

અત્યારે એ ખાણો સાત માઇલ લાંબા અને ચાર માઇલ પહોળાઇવાળા વિસ્તારમાં પથરાએલી છે. ઉપરના થરોમાં સોનું ઘટવાથી જમીનની સપાટીથી ચાર પાંચ હજાર ફૂટ ઊંડે સોનાની કાચી ધાતુ શોધવા બાહોશ ઈજનેરો જહેમત ઉઠાવી રહ્યા છે. બધી ખાણો ઉપર આધુનિક ઢબનાં યંત્રો ગોઠવવામાં આવ્યાં છે અને શિવસમુદ્રમ્‌ના જબ્બર વીજળીના કારખાનામાંથી વિદ્યુત્‌પ્રવાહ ખેંચી યંત્રો ચલાવવામાં આવે છે. અતિશય કઠણ ખડકો યંત્રની મદદથી તોડવામાં આવે છે અને પછી તળીએથી સોનાની કાચી ધાતુ એકઠી કરી 'લિફ્ટ'માં મૂકવામાં આવે છે જેમાં ઉંચકાઇને તે ઝપાટાબંધ જમીનની સપાટી ઉપર આવે છે. ત્યાર પછી તેને શુદ્ધ બનાવતાં પહેલાં તેના પર ઘણા પ્રકારની ક્રિયાઓ થાય છે. છેવટે પેટીઓમાં ભરી સોનાની એ પાટો દેશપરદેશ ચડાવવામાં આવે છે. આ ખાણો જુદીજુદી વિલાયતી કંપનીઓની હોતાં નફો તો બધો વિદેશીઓને મળે છે, અને હિંદીઓના નસીબે તો મજૂરી જ છે.

—રાયસિંહજી કાનજી રાઠોડ

ઓળખ આપનારાં કાર્ડ

કોઇ માણસ પોતાના ગામથી બહારગામ ગયો હોય છે ત્યારે તેની બરાબર ઓળખ નહિ મળી શકવાથી તેના નામના

મનીઑારડરના નાણાં પગાર થવામાં અથવા તેના નામની વીમો ઉતારેલી ચીજોની ડિલીવરી મળવામાં ઘણી મુશ્કેલી નડે છે. આ સવાલ પૈસાની જોખમદારીનો હોવાથી પોસ્ટ ઑફિસ બરાબર ઓળખ વગર આવી બાબતમાં કંઈ પણ કરી શકતી નથી. આવી મુસીબતો દૂર કરવાને માટે પોસ્ટ ખાતાએ "ઓળખ આપનારાં કાર્ડ" (આઇડેન્ટિફિકેશન કાર્ડ)ની યોજના કાઢી છે. આ યોજના છેલ્લાં ચાર વર્ષથી હસ્તીમાં આવી છે. મુસાફરો, જાત્રાળુઓ અથવા મોટી કંપની અથવા પેઢીના મુસાફરી કરતા પ્રતિનિધિઓને આથી ઘણી સગવડ થાય છે. ખાસ કરીને મનીઑારડરનાં નાણાં મેળવવામાં અથવા વીમો ઉતારેલા કાગળની ડીલીવરી મેળવવામાં આ આઈડેન્ટિફિકેશન કાર્ડ ખાસ ઉપયોગી થઇ પડે છે.

કોઇપણ હેડ પોસ્ટ ઑફિસમાંથી આ કાર્ડ રૂા. ૧)ની ફી ભર્યેથી મળે છે. જે તારીખે કાર્ડ કાઢ્યો હોય તે તારીખથી ત્રણ વરસ સુધી આ કાર્ડ વાપરી શકાય છે અને તે મુદ્દત પૂરી થયે બીજો કાર્ડ લેવો પડે છે. જે માણસ આ કાર્ડ ખરીદ કરે તે જે લત્તામાં રહેતો હોય તે લત્તામાં તે જાણીતા અને પોસ્ટ માસ્તરનો ઓળખીતો હોવો જોઇએ. ઉપરાંત તેણે પોતાનો ફોટો આપવો જોઇએ જે કાર્ડ પર ચોટાડવામાં આવે છે. કાર્ડમાં તે માણસને લગતી સઘળી હકીકત હોય છે તેમાં તેની જન્મતારીખ, જન્મસ્થળ, તેની ઉંચાઇ, તેનો વર્ણ, શરીર પર નિશાનીઓ, ધંધો, તેનું કાયમનું રહેઠાણ, તેની સહીનો નમૂનો અને તેની છબી આટલી વિગતોનો સમાવેશ થાય છે. તેણે આ કાર્ડ ઉપર પોસ્ટ માસ્તર સમક્ષ સહી કરવી જોઇએ.

સાધારણ રીતે આ કાર્ડ તેના માલિકને ઓળખવામાં મદદ તો કરે છે; પણ છતાં પોસ્ટ ઑફિસને આ બાબતમાં કાંઇ વાંધો લાગે તો જરૂર પડતી તપાસ કરી શકે.

મુદ્દતનાં ત્રણ વરસ દરમ્યાન કાર્ડના માલિકના ચહેરામાં એવો ફેરફાર થઇ ગયો હોય કે જેથી તે માણસને ઓળખી ન શકાય તો તે કાર્ડની મુદ્દત પૂરી થવા અગાઉ પણ ફરીથી કાર્ડ કઢાવવો જોઇએ અને તેના પર નવો ફોટોગ્રાફ ચોટાડવો જોઇએ. માણસના પોતાના વર્ણન અને ફોટોના કરતાં બીજી કોઇ પણ સાબિતી એ બાબતમાં નિષ્ફળ નીવડે છે. જાત્રાનાં સ્થળો જેવાં કે પંઢરપુર, ડાકોર, અલ્લાહાબાદ વગેરે ઠેકાણે જ્યારે યાત્રાળુ પાસે પૈસા ખૂટી ગયા હોય ત્યારે તે લોકો તારથી પૈસા મંગાવે છે. જાત્રાના સ્થળનાં માણસો જેને ત્યાં આવાં માણસો ઊતર્યાં હોય તે લોકો યાત્રાળુની ઓળખ આપી શકતા નથી અને પરિણામે બરાબર ઓળખ નહિ મળવાથી પોસ્ટ ઑફિસ તેમને મનીઑારડરનાં નાણાં આપી શકતી નથી. આવે વખતે યાત્રાળુને પોતાની ઓળખ આપવા માટે આઇડેન્ટિફિકેશન કાર્ડની ખરી કિંમત માલૂમ પડે છે. તે કાર્ડનું કદ એવું છે કે જે કપડાંની નાનીસરખી કોથળીમાં નાખી ગજવામાં લઇ જવાય. જે મુસાફર પાસે આવી જાતનો કાર્ડ હોય તેને પોસ્ટ ઑફિસ સાથેના કામમાં બીજા કોઇ માણસની ઓળખની જરૂર પડતી નથી મુસાફરો આવા આઇડેન્ટિફિકેશન કાર્ડના વપરાશ માટે આ હકીકત ધ્યાનમાં રાખે. (ગુજરાત સમાચાર)

નવા શોધકોમાં હિંદીઓનું સ્થાન

પેટંટ ઑફિસના છેલ્લા અહેવાલ ઉપરથી જણાય છે કે ૧૯૩૩ની સાલમાં પેટંટ માગનારી ૮૧૩ અરજીઓ સરકારમાં નોંધાઈ હતી. ૩૧મી ડિસેમ્બર ૧૯૩૩ને રોજ કુલ ૪૮૩૧ પેટંટ ચાલુ હતાં. તા. પહેલી એપ્રિલ ૧૯૩૩ને રોજ ઇન્ડિયન પેટન્ટ્સ ઍન્ડ ડિઝાઈન્સ રૂલ્સ તથા ઇન્ડિયન સીક્રેટ પેટન્ટ રૂલ્સ મંજૂર કર્યા પછી ૧૯૩૩ની સાલમાં સરકાર પાસે આ બાબતને લગતી ૯૫૪ અરજી આવી તેમાંથી ૨૯૫ અરજી હિંદમાંથી આવી હતી જ્યારે બાકીની ૬૫૯ પરદેશી હતી. હિંદમાંથી આવેલી ૨૯૫ અરજીમાંથી ૧૦૬ તો ફક્ત બંગાળાની જ હતી મુંબાઇ ઇલાકાની માત્ર ૬૫ અરજી હતી.

નવી શોધો માટે પેટંટની માગણીમાં મેટલ ફોટોગ્રાફી (ધાતુ ઉપર છબી પાડવાને લગતી શોધ) અપૂર્વ છે કલકત્તામાં આ શોધના પ્રયોગો કરી બતાવવામાં આવતાં ત્યાંનાં છાપાંઓએ આ શોધની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. (સકાળ)

ઈંગ્લંડમાં છત્રી વાપરવાની શરૂઆત

ઇ.સ. ૧૭૫૦માં જોન્સ હેન્વે નામના અંગ્રેજે ઇંગ્લંડમાં છત્રી વાપરવાની શરૂઆત કરી. લોકોને છત્રી જોઇ કૌતક થયું. આથી હેન્વે જ્યાં જતો ત્યાં હાંસીપાત્ર થઈ પડતો. જે શેરીમાંથી એ છત્રી ઓઢી પસાર થાય ત્યાંથી સડેલાં શાકભાજી અને ગંદું પાણી તો ચોક્કસ પડવાનાં જ. ઘોડાગાડીઓવાળા તો જોન્સને મોટામાં મોટો દુશ્મન ગણતા. તેઓને લાગ્યું કે જો છત્રીઓનો વપરાશ છૂટથી થવા લાગશે તો અમારી ગાડીઓમાં લોકો ઓછા બેસશે અને અમારા ધંધાને ધક્કો લાગશે. કેટલાક વહેમી લોકો તો માનવા લાગ્યા કે જોન્સ ઈશ્વરની સામો થાય છે. લોકો ખુમારીમાં આવી જઇ આમ વરસાદ સામે અવરોધ કરશે તો વરસાદ પડતો જ બંધ થઇ જશે! જોન્સે ૩૦ વર્ષ સુધી દૃઢ નિશ્ચય કરી ઉપહાસને નહિ ગણકારતાં છત્રી વાપરી. પછી લોકો શાંત પડ્યા અને ધીમેધીમે છત્રીની ઉપયોગિતા સમજાઇ. —રાયસિંહજી કાનજી રાઠોડ

માનવીની સેવામાં સૂર્યને જોતરવાના નુસખા પાછળ પશ્ચિમના વૈજ્ઞાનિકોનું ધ્યાન વર્ષો થયાં દોરાયું છે. તે માટે જે પ્રયત્નો થયા છે તેમાં સૌથી છેલ્લો અને મોટા પ્રમાણમાં હમણાં સૉવીએટ રીપબ્લિકના મધ્ય એશિયાના પાટનગર તાશ્કંદમાં થયો છે. સૂર્યમાંથી જે પ્રકાશ પૃથ્વી પર પડે છે તેને શક્તિના રૂપમાં ફેરવી નાખવામાં આવે તો દર ચોરસ વારે એક હૉર્સપાવર (અશ્વબળ) શક્તિનો અંદાજ આવે છે; અથવા બીજી રીતે ગણીએ તો અત્યારે કારખાનાંઓમાં કોલસા, તેલ અને જલપ્રવાહ દ્વારા જે શક્તિ ઉત્પન્ન થાય છે તે કરતાં શુમારે એક હજાર ગણી શક્તિ સૂર્યમાંથી મેળવી શકાય.

અંગ્રેજ કવિ મિલ્ટન અંધ થયા પછી ડયૂક ઑફ યૉર્ક તેને મળવા ગએલો ત્યારે કહેલું, 'તમને નથી લાગતું કે તમે રાજા સામે કરેલાં લખાણની ઇશ્વરે આ સજા કરી છે?' મિલ્ટને શાંતિથી ઉત્તર વાળ્યો કે ઈશ્વરનો ન્યાય જો અહીં જ ચૂકવાતો હોય તો તો તમારા પિતાએ કેટલા ભયંકર ગુના કર્યા હોવા જોઇએ? હું તો માત્ર અંધ જ થયો છું, પણ તેનો તો શિરચ્છેદ થયો હતો!

અનેકાર્થી શબ્દ: **અમલ**=સત્તા કે વહીવટ; અફીણનો કેફ; વખતનો શુમાર; હુકમ; વિશુદ્ધ-નિર્મળ.

બે ક્વાર્ટ પાણીમાં એક આખો લાટો સાબુનો કાતરી નાખી બે ચમચા પૅર્ફિન મેળવવાથી સરસ સોપજેલી (ઢીલો સાબુ-રસ) બનશે. એ ચીકણાં વાસણો સાફ કરવામાં ઘણો ખપનો.

દાળ કે ઓસામણમાં વધુ મીઠું પડયું હોય તો એકાદ બે કાચાં બટેટાં અંદર સમારી નાખી ફરી ચૂલે ઊકળવા મૂકવું. મીઠું ચૂસી લેશે. છતાં ઘણું મીઠું લાગે તો ફરી એકવાર એ મુજબ કરી જોવું.

આ રસ્તાપુરાણ તમે નહિ સાંભળ્યું હોય: દુનિયામાં પહોળામાં પહોળો જાહેર રસ્તો માર્કેટ સ્ટ્રીટ નામનો ફિલાડેલ્ફિયામાં છે: સાંકડામાં સાંકડો (માત્ર ૪૭ ઇંચ) વાયા સોલ નામનો રસ્તો હાવાના (ક્યુબા)માં છે; ટૂંકામાં ટૂંકો પરીસમાં રૂ બ્લે નામનો છે; ગંદામાં ગંદો ચીનમાં નાનકિનમાં ચાંગ્સ્ટી નામનો રસ્તો છે: ચોખ્ખામાં ચોખ્ખો સ્પેઈનમાં સેવીલમાં વાયા ક્રેસ્ટીલે છે; સમૃદ્ધમાં સમૃદ્ધ ન્યૂ યૉર્કનો ફિફ્થ ઍવન્યુ છે; અમીરમાં અમીર રસ્તો લંડનનો ગ્રૉસવેનોર પ્લેઇસ નામનો છે; સુંદરમાં સુંદર પારીસનો ઍવન્યુ દ ટૉમસ એલિસીસ છે; ને પુરાણામાં પુરાણો છતાં હજુ પણ ઉપયોગમાં લેવાતો જાહેર રસ્તો ઍપેઇન વે નામનો છે, જે જુલિયસ સીઝરે બંધાવેલો!



દુનિયાનું નાનામાં નાનું પુસ્તક કેટલું છે તેના કદનો ખ્યાલ આપવા છ પેન્સના સિક્કાની બાજુમાં મૂકીને તેની છબી આ ઉપર આપી છે. તે ૩ ઇંચ લાંબું અને ૧ ઇંચ પહોળું છે અને હાથેથી સીવીને ઈરાની ચામડા વડે બાંધેલું છે. તેનું પ્રત્યેક પાનું દ૩/૪ ચોરસ ઇંચના માપનું છે અને તે દરેક ઉપર ઝીણા બીબાનો એકએક અક્ષર છાપેલો છે.

જગતની વસ્તી કેટલી? એશિયામાં એક અબજ અગિયાર કરોડ, યુરોપમાં એકાવન કરોડ પચાસ લાખ, અમેરિકામાં છત્રીસ કરોડ, આફ્રિકામાં સાડા ચૌદ કરોડ અને બીજી પરચુરણ સવા કરોડ એ રીતે કુલ બે અબજ ચાર કરોડ ને ત્રીસ લાખ માણસોની વસ્તી છે.


પંદરસો વર્ષ પહેલાં ચીનના શહેનશાહે પીળા રેશમ પર છાપું શરૂ કર્યું હતું.

ચોમાસામાં પાણી નીતારવા માટે છત્રીનો હાથો નીચેની બાજુએ રાખીને તમારામાંના કેટલા મૂકે છે? લગભગ કોઇ નહિ. પણ ખરી રીત એ જ છે. હાથો ઉપરની બાજુ રાખીને છેડો નીચે રાખવાથી પાણી સળિયાના મૂળમાં ચકરી આગળ જમા થાય છે અને તે ભાગ વહેલો કાટ ખાઇને બગડે છે તેમજ ત્યાંનું કપડું સડીને ફાટી જાય છે; પણ હાથા ઉપર છત્રી મૂકવાથી પાણી સળિયાના છેડા દ્વારા તરત નીતરી આવી છત્રી કોઇપણ જાતના નુકસાન વિના વહેલી સુકાઇ જાય છે

સિંહને આપણે વનનો રાજા કહીએ છીએ; તે કદાચ તેના રૂઆબદાર દેખાવને લીધે હશે બાકી તાકાતમાં તો વાઘ તેનાથી ચડિયાતો છે. એવી ગણતરી કાઢવામાં આવી છે કે સિંહનું કૌવત પાંચ માણસના બળ જેટલું હોય છે: જ્યારે વાઘનું બળ નવ માણસ જેટલું હોય છે.

ચામડાથી બાંધેલી ચોપડીઓ અવારનવાર ઝાટકીને સહેજ તેલના હાથવાળા કકડાથી ઘસીને લૂછતા રહેજો. લાંબો વખત પડી રહેવાથી ચામડાની જે તાજપ અને કુમાશ જાય છે, તે પાછી આવશે.

જાપાનની ભાષા ઊભી—ઉપરથી નીચે લખાય છે, અને ફુટનોટ-(નોંધ) જે આપણે પાનાની નીચે લખીએ છીએ તે ત્યાં પાનાની ઉપર લખાય છે!



હથોડીના અવતાર: ગયા અંકમાં બતાવેલા કરવતીના અવતારની માફક છેક પથ્થર યુગથી માંડીને આજના યંત્રયુગ સુધીમાં પલટાએલાં તેનાં સ્વરૂપો અને પ્રગતિ.

મુખ્ય ચિત્રો

પૂર્ણરંગી

વિવિધરંગી

કાવ્યો

ભાવના

જીવનચરિત્રો

નાટિકા

વાર્તાઓ

લેખો

બાળવિભાગ


નાટિકા લેખો અને વાર્તાઓ

કાવ્યો

માધુકરી

પરચુરણ






૧ 'નવરાશે' કનુ રાવત (અમદાવાદ), પહેલું ઇનામ; ૨ 'આબુ ઉપર પ્રવાસીઓ'-પ્રાણલાલ પટેલ (અમદાવાદ), ઉત્તેજના ઇનામ; ૩ 'તરંગ'-ત્ર્યંબક પટેલ (વાંકાનેર), બીજું ઇનામ; ૪ 'અમે ત્રણ'-જે. સી. પટેલ (મામ્બાસા), ઉત્તેજના ઇનામ; ૫ 'બાપ્સી'-કેકી મિસ્ત્રી (વડોદરા), ત્રીજું ઇનામ; ૬ 'ઝૂંપડી'-રૂસ્તમ અંકલેશ્વરીઆ (અંકલેશ્વર).

KUMAR Reg. No.B.1808

આગગાડી



રેલવે-નોકરોના જીવનનો હૂબહૂ ચિતાર રજૂ કરતું

રુંવાંડાં ઊભાં કરે એવું વાસ્તવદર્શી નાટક

કિંમત ૧-૪-૦ ——— પોસ્ટેજ જુદું

પ્રકાશક · મૂળશંકર સોમનાથ ભટ્ટ · રાવપુરા વડોદરા

મળવાનું ઠેકાણું: આર. આર. શેઠની કં. બુકસેલર્સ · પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ-૨